“ ધમ

આ

તેના

નિરર્થ

॥ श्रीमनुष्यमित्र ॥

॥ १. धर्मविचार ॥

મંગલાચરણ.

દોહરા.

વિસ્તારે સદ્ધર્મ જે, છેદે સકળ અધર્મ;
અચિંત્ય તે પરમાત્મા, જેનાં અદ્ભુત કર્મ.
અશરણશરણ જ તે હરિ, જેની શક્તિ વિશાળ;
પ્રણમું તેને ભાવથી, જે છે દીનદયાળ. ૨

૧. શ્રદ્ધાભક્તિપૂર્વક જેનું અનુષ્ઠાન કરવાથી પુરુષની અધોગતિ ન થાય, પણ ઉત્તરોત્તર ચઢતી સ્થિતિ થાય, તે **ધર્મ** કહેવાયછે. અંતઃકરણની સ્થિતિના ભેદથી તથા બાહ્યસ્થિતિના ભેદથી એ ધર્મ અનેક પ્રકારના હોયછે. પ્રત્યેક મનુષ્યને પોતાના અધિકારને અનુસ-

રતો ધર્મ અભ્યુદયનો વા ચિત્તશુદ્ધિનો હેતુ થાયછે, ને તેથી વિપરીત ધર્મ નીચી ગતિ આપનારો થાયછે.

૨. ધર્મ ત્રણ પ્રકારના છે, વર્ણના ધર્મ, આશ્રમના ધર્મ, ને સામાન્ય ધર્મ. શ્રુતિસ્મૃતિએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ને શૂદ્ર એ ચાર વર્ણોને પાલન કરવામાટે કહેલા ધર્મો વર્ણના ધર્મો કહેવાયછે; બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, ને સંન્યાસી એ ચાર આશ્રમવાળાઓને પાલન કરવામાટે શ્રુતિસ્મૃતિએ કહેલા ધર્મો આશ્રમના ધર્મો કહેવાયછે; ને પ્રત્યેક વર્ણવાળાપ્રતિ તથા પ્રત્યેક આશ્રમવાળાપ્રતિ શાસ્ત્રે સાધારણરૂપે પરિપાલન કરવા કહેલા સત્યભાષણાદિ ધર્મ સામાન્ય ધર્મ કહેવાયછે. વેદબાહ્યધર્મોમાં પણ પ્રકારાંતરે વર્ણ ને આશ્રમ હોયછે, તેથી વેદાનુકૂળધર્મપ્રમાણે વર્ણના તથા આશ્રમના ધર્મો જણાવતાં તેમના ધર્મના વર્ણના તથા આશ્રમના ધર્મનું નિરૂપણ થઈ જાયછે. સામાન્ય ધર્મ તો સર્વને પરિપાલન કરવાયોગ્ય છે, તેથી તેમાં બહુ મતભેદ હોવો સંભવિત નથી.

૩. મૂળ ચાર વર્ણોમાંથી જે અનેક પેટા જાતિઓ ઉપજી છે,[1] તે સર્વનો સમાવેશ ચાર વર્ણમાં કરાયછે. ધર્મશાસ્ત્રો ભણવાંભણાવવાં ને ધર્મનું રહસ્ય જાણવુંશીખવવું એ બ્રાહ્મણોનું મુખ્ય કર્મ; પ્રજાનું દુર્જનાદિથી રક્ષણ કરવું, સુપાત્રે વિભવપ્રમાણે દાન આપવું, ને ધનુર્વેદાદિ ઉપયોગી વિદ્યાનું અનુભવસહિત અધ્યયન કરવું એ ક્ષત્રિયનું મુખ્ય કર્મ; પશુઓ પાળવાં, ખેતી કરવી, વેપાર કરવો, અર્થશાસ્ત્રાદિ શીખવાં, ને સુપાત્રે શક્તિપ્રમાણે દાન આપવું, એ વૈશ્યનું મુખ્ય કર્મ; અને બ્રાહ્મણ, ક્ષત્રિય, ને વૈશ્યની શુદ્ધભાવથી સેવા કરવી

૧ ગુજરાતના ત્રણ વર્ણોનું કર્તવ્ય જુઓ.

એ શૂદ્રનું મુખ્ય કર્મ છે.[1] વિદ્યાનું સાવધાનતાપૂર્વક અધ્યયન કરવું, વીર્યનું સારી રીતે રક્ષણ કરવું, ને ગુરુની શ્રદ્ધાભક્તિથી સેવા કરવી એ બ્રહ્મચારીનું મુખ્ય કર્તવ્ય; પોતાની ધર્મપત્નીસહિત ધર્મનું પાલન કરવું, વિહિતમાર્ગે આજીવિકા ચલાવવી, સુપાત્રે દાન કરવું, ને પતિપત્નીએ પરસ્પર પ્રેમથી વર્તી પુત્રપુત્રીને તેમના ધર્મનો ઉપદેશ કરવો એ ગૃહસ્થનું મુખ્ય કર્તવ્ય; શરીર, ઇંદ્રિયો, ને મનના નિષિદ્ધ ને નિરર્થક વેગોને અત્યંતક્ષીણ કરી ચિત્તમાં સાત્વિક દ્રવ્ય વધારવું એ વાનપ્રસ્થનું મુખ્ય કર્તવ્ય; ને બ્રહ્માકારવૃત્તિ કરવાનો પ્રયત્ન કરી બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો એ સંન્યાસીનું મુખ્ય કર્તવ્ય છે.[2]

૪. માણસનો સાચો સગો ધર્મ છે. તે જીવતાં શાંતિ આપેછે, ને વર્તમાન દેહ પડ્યાપછી જીવાત્માને સાહાય્ય કરવા તેની સાથે જાયછે. લૌકિકસુખ ઉપજાવનારી અહિંની સામગ્રી જે મૃગજળજેવી મિથ્યા છે, તે સ્થૂળશરીરની સાથે અહિં જ પડી રહેછે, જીવાત્માને સાહાય્ય કરવા તેની સાથે જતી નથી.

૫. પાળેલો ધર્મ ધર્મ પાળનારનું પરિપાલન કરેછે, ને છોડી દીધેલો ધર્મ ધર્મ છોડનારનો નાશ કરેછે, માટે પોતાનું હિત ઇચ્છનાર પુરુષે સ્વધર્મનો કદીપણ ત્યાગ ન કરવો જોઇએ. બુદ્ધિવાદથી પ્રમત્ત થઇ, અતીંદ્રિયવિષયોની અવગણના કરી, સ્વધર્મનો પરિત્યાગ કરનાર મનુષ્ય અધમદશાને પામેછે.

૬. "ધર્મ એ સાર્વજનિક ભ્રમ છે," "ધર્મ એ મનુષ્યોને સંસર્ગથી વળગેલો રોગ છે," "ધર્મ એ ઢોંગી પુરુષોએ પોતાની

---

૧ સુબોધકલ્પલતામાં ચાતુર્વર્ણ્યવિચાર, અને ઉપદેશગ્રંથાવલિમાં વર્ણમીમાંસા જુઓ.

૨ આશ્રમોપનિષદ્નો સાર જુઓ.

આજીવિકા ચલાવવાસારુ શોધી કાઢેલી યુક્તિ છે, " ને " ધર્મ એ મનુષ્યોને બાંધી રાખનારું સુદૃઢ બંધન છે, " એમ દુરાચારી નાસ્તિક મનુષ્યો બોલે તેમાં વિવેકીએ વિશ્વાસ ન કરવો જોઇએ. કર્મફળ-પ્રદાતા શ્રીઈશ્વર, શુભાશુભકર્મનું સુખદુ:ખરૂપ ફળ, ને શરીરથી ભિન્ન જીવનું અસ્તિત્વ એ આદિ વિષયોનો સ્વીકાર નહિ કરનારા તથા સત્પુરુષોનું હાસ્ય કરનારા વિવેકરહિત દુરાચારી મનુષ્યો તેમના પાપકર્મનો વિપાક થયે દુ:ખ ભોગવ્યાવિના રહેતા નથી.

૭. અધર્મનું આચરણ કરનાર કદાચ પ્રથમ ધન તથા સત્તામાં વૃદ્ધિ પામે, આરોગ્યનો લાભ પણ મેળવે, અને પૂર્વપુણ્યથી શત્રુનો પરાજય પણ કરે, પરંતુ છેવટ તે મૂળસહિત નાશ પામેછે. અંતે " ધર્મે જય ને પાપે ક્ષય " છે. પાપનો ઘડો પૂરો ભરાય ત્યારે અનાયાસે ફૂટી ગયાવિના રહેતો નથી.

૮. ધર્મ જીવનું અત્યંત હિત કરનાર છે, માટે ઉધઇ જેમ હળવે હળવે માટીનો મોટો રાફડો કરેછે, તેમ મનુષ્યે ઇંદ્રિયાદિને નિયમમાં રાખી કોઇ પણ પ્રાણીને દુ:ખ આપ્યાવિના હળવે હળવે નિરંતર ધર્મનો સંગ્રહ કરવો જોઇએ.

૯. ધર્મના સાહાય્યથી જીવ સંસારરૂપ દુસ્તર અંધકારને તરી જાયછે. એ અપૂર્વરૂપે—સંસ્કારરૂપે—ગુપ્ત રહી પરિણામે પ્રકટ ફળ દેખાડનારો બળવાન્ પરમ મિત્ર છે. પિતા, માતા, ભાઇઓ, બેનો, સ્ત્રી, પુત્ર, પુત્રી, અન્ય સંબંધિજનો, મિત્રો, દાસો, કે ઉપરિજનો એમાંનું કોઇ પરલોકમાં જીવને સાહાય્ય કરવા જઇ શકતું નથી, માત્ર એકલો ધર્મ જ તેને સાહાય્ય કરવા સાથે જાયછે.

૧૦. મનુષ્ય એકલો જ જન્મેછે, એકલો જ પોતાનાં પુણ્યપાપનાં

સુખદુઃખરૂપ ફળોને ભોગવેછે, અને એકલો જ મરેછે. વસ્તુતાએ કોઇ તેનું સગું નથી, ને તે કોઇનો સગો નથી, માત્ર ધર્મ જ તેનો સાચો સગો છે, માટે તેને સંપાદન કરવા તેણે ઘણામાં ઘણો પ્રયત્ન શુદ્ધભાવથી કરવો જોઇએ.

૧૧. પ્રાણરહિત થયેલા શરીરને શ્મશાનમાં બાળીને, ભૂમિમાં દાટીને, જળમાં ફેંકી દઇને, દખમામાં મૂકીને, કે તેના કડકા કડકા કરી પર્વતપર નાંખી દઇને સર્વ સંબંધિજનો જ્યારે તેનાભણીથી મોં ફેરવીને ઘરભણી ચાલ્યા આવેછે, ત્યારે કેવળ ધર્મ જ શરીરનો ત્યાગ કરીને જનાર જીવને ધીરજ આપવા તેની સાથે રહેછે.

૧૨. જે મનુષ્ય પાપકર્મ કરેછે તે અપકીર્તિ પામેછે, અને પાપના ફળરૂપ અન્ય દુઃખ પણ ભોગવેછે, માટે મનુષ્યે નાની વયમાંથી જ દૃઢ પ્રતિજ્ઞા કરીને પાપકર્મથી દૂર રહેવું. વારંવાર પાપકર્મ કરવાથી સદ્‌બુદ્ધિનો વિનાશ થાયછે, અને પછી પાપને પાપરૂપે ઓળખી શકાતું નથી.

૧૩. "ધર્મીને ઘેર ધાડ અને કસાઇને ઘેર કુશળ" એ કહેવતપ્રમાણે કદાચ વર્તમાનમાં ધર્મનું અનુષ્ઠાન કરતાં છતાં પૂર્વનાં પાપકર્મો ફળ આપવા તત્પર થયેલાં હોવાથી પોતાને દુઃખના પ્રસંગો પ્રાપ્ત થતા હોય, અને બીજાઓ વર્તમાનમાં અધર્મનું આચરણ કરતા હોય, છતાં પૂર્વજન્મના પુણ્યકર્મને લીધે વ્યવહારમાં જય મેળવતા હોય, તોપણ તે વિવેકી પુરુષે ભ્રાંતિમાં પડી, કાર્યકારણના નિયમનું વિસ્મરણ કરી, કદીપણ અધર્માચરણ કરવું નહિ.

૧૪. ભક્તવત્સળ પ્રભુ મનુષ્યનું દ્રવ્ય, સત્તા, રૂપ, પહેરવેશ, લૌકિકકીર્તિ, તિલકમાળા, શાસ્ત્રજ્ઞાન, ઉપરની ભક્તિ, બુદ્ધિવૈભવ,

કે અન્ય વ્યાવહારિક સામગ્રી જોઇ તે મનુષ્યપર પ્રસન્ન થતા નથી, પણ જો તેનું અંતઃકરણ અત્યંત નિર્મળ ને પરમાત્મામાં નિષ્કપટ પ્રેમવાળું હોય તો તે જોઇને તેઓ પ્રસન્ન થાયછે.

૧૫. સ્વસ્થમને પોતાનું વાસ્તવિક કર્તવ્ય જાણી, તેપ્રમાણે પ્રાણાંત નિશ્ચયથી વિવેકપૂર્વક ચાલનાર મનુષ્ય સુખી થાયછે. અભ્યુદય અને મોક્ષ મેળવવાનાં યથાર્થ સાધનો કયાં છે, અને તેમનું કેવીરીતે અનુષ્ઠાન કરવું જોઇએ, એ પ્રત્યેક મનુષ્યે અવશ્ય વિચારવું જોઇએ.

૧૬. નીતિને માર્ગે ચાલતાં આરંભમાં કાંઇક કષ્ટજેવું પ્રતીત થાયછે, પણ જો ધૈર્ય રાખી તે માર્ગે ચાલવામાં આવે તો તેથી તે નીતિવાનને પોતાને તથા તેના પ્રસંગમાં આવતા બીજા મનુષ્યોને આ લોકમાં સુખ થાયછે, અને તે નીતિવાન્ અન્યજન્મમાં પણ સુખી થાયછે. અનીતિવાળું આચરણ આરંભમાં મીઠું લાગેછે, પણ પરિણામે તે વિષસમાન દુઃખદાતા થઈ પડેછે, માટે પ્રત્યેક સમજુ માણસે નીતિને માર્ગે ચાલવા પોતાની સર્વશક્તિથી પ્રયત્ન કરવો જોઇએ.

૧૭. મન વાણી ને શરીરથી કોઇ પણ પ્રાણીને પીડા ન કરવારૂપ અહિંસા, કોઇને પીડા ન થાય એવા યથાર્થભાષણરૂપ સત્ય, બ્રહ્મચર્ય, ચોરી ન કરવી, શરીર તથા મનની પવિત્રતા, ઇંદ્રિયોને વશ રાખવી, મનને વશ રાખવું, દાન, પ્રાણિઓપર દયા, સંતોષ, પ્રામાણિકપણું, શ્રદ્ધા, ઈશ્વરભક્તિ, સાવધાનતા, ક્ષમા, અભિમાનરહિતપણું, સરલતા, ધીરજ, ને વિચાર એ સદ્ગુણો અભ્યુદયના ને મોક્ષના હેતુઓ છે.

૧૮. અહિંસાનું યથાર્થ પાલન કરનારપ્રતિ અન્ય પ્રાણિઓ મિત્રની પેઠે વર્તેછે, સત્યનું યથાર્થ પરિપાલન કરનારનું વચન સત્ય

થાયછે, બ્રહ્મચર્યના પરિપાલનથી શરીરનું ને મનનું બળ વધેછે, ચોરી નહિ કરવાથી અનાયાસે સારા સારા પદાર્થોનો લાભ થાયછે, પવિત્રતાનું પાલન કરવાથી દેહાભિમાનની રોગોની અન્યનો સંગ કરવાની ને મનની ચંચળતાની નિવૃત્તિ થાયછે, ઇંદ્રિયોને વશ રાખવાથી ઇંદ્રિયોના શુભબળની વૃદ્ધિ ને મનની પ્રસન્નતાનો લાભ થાયછે, મનને વશ રાખવાથી તેનું સૂક્ષ્મ વિષયોને ગ્રહણ કરવાનું સામર્થ્ય વૃદ્ધિ પામેછે, સત્પાત્રને વિધિવત્ દાન આપવાથી ચિત્તમાંના પાપસંસ્કારો દૂર થઈ પુણ્યની વૃદ્ધિ થાયછે, પ્રાણિઓપર દયા રાખવાથી ચિત્તની મલિનતા દૂર થાયછે, પ્રાપ્ત વિહિત ઉદ્યોગ કરતાં જે દ્રવ્ય પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખવાથી શ્રેષ્ઠ સુખનો લાભ થાયછે, પ્રામાણિકપણે વર્તવાથી ઉત્તરોત્તર ચઢતી સ્થિતિનો લાભ થાયછે, શ્રદ્ધા રાખવાથી ઉત્સાહની વૃદ્ધિવડે પ્રત્યેક યોગ્ય પ્રયત્ન સ્વલ્પકાળમાં સફળ થાયછે, ઇશ્વરની અનન્ય ભક્તિથી ચિત્તની સ્થિરતા તથા મોક્ષની પ્રાપ્તિ થાયછે, સાવધાનતા રાખવાથી આપત્તિઓના પ્રસંગ થોડા આવેછે, ક્ષમાવડે ચિત્તાદિમાં પરિતાપ ઉપજાવનારો ક્રોધ દૂર થાયછે, અભિમાનરહિત રહેવાથી શુભ ગુણોની પ્રાપ્તિ થઈ ચઢતી સ્થિતિ થાયછે, સરલતાના પરિપાલનથી કીર્તિનો વધારો ને ચિત્તની શાંતિ થાયછે, પ્રતિકૂળ પ્રસંગમાં ચિત્ત તથા ઇંદ્રિયોને વ્યાકુળ નહિ થવા દેવારૂપ ધીરજ રાખવાથી તે આપત્તિને સુખપૂર્વક દૂર કરી શકાયછે, ને વિચારપૂર્વક પ્રત્યેક કામમાં પ્રવૃત્ત થવાથી પ્રાયશઃ તે કામમાં પાછા પડવું પડતું નથી.

૧૯. જેમ બાવળનું બી વાવ્યાથી આંબો ઊગતો નથી તેમ કોઈ પણ પ્રકારનું કુકર્મ કર્યાથી પરિણામે સુખની પ્રાપ્તિ થતી નથી,

માટે સુખેચ્છુએ હિંસા, વ્યભિચાર, ને મિથ્યાભાષણાદિ સર્વ પ્રકારના કુકર્મનો ત્યાગ કરી બની શકે તેટલી પુણ્યકર્મમાં પ્રવૃત્તિ કરવી જોઇએ.

૨૦. સામા માણસના આપણાપ્રતિના જેવા વર્તનથી આપણું ચિત્ત પ્રસન્ન થાય, તેવું જ વર્તન આપણે સર્વભણી કરવું જોઇએ. અર્થાત્ સામા પ્રાણીને સુખ તથા સંતોષ ઉપજે અને આપણા સ્વધર્મપાલનમાં બાધ ન આવે એવું વર્તન તે પ્રાણિપ્રતિ કરવું જોઇએ. કોઇ પણ પ્રાણીને સ્વાર્થને વશ થઈ દુઃખ દેવું કે મારી નાંખવું એ નિંદ્યકર્મ છે, ને તેનાથી વિવેકીએ દૂર રહેવું જોઇએ.

૨૧. સત્યભાષણ કરવું એ શ્રેષ્ઠ ધર્મ છે, ને અસત્યભાષણ કરવું એ મહા પાપ છે. સત્યવાદીનો જ પરિણામે જય થાયછે, અસત્યવાદીનો જય થતો નથી. જેમ વિષ ખાનારનું ભલું થતું નથી, તેમ મિથ્યા બોલનારનું પણ ભલું થતું નથી. સર્વ અર્થ વાણીથી સમજાયછે, તેથી મિથ્યા વાણી બોલનાર સર્વઅર્થને મિથ્યા કરી ઈશ્વરનો અપરાધી થાયછે. વળી તે મિથ્યાભાષણ કરનારો જે માણસની સમીપ મિથ્યાભાષણ કરેછે, તેનો પણ અપરાધી થાયછે. એ સર્વનો વિચાર કરી મનુષ્યે પોતાના તથા પરના હિતમાટે નિરંતર સત્ય જ બોલવું જોઇએ.

૨૨. વ્યભિચારથી ધર્મ, કીર્તિ, મનોબળ, નેત્રબળ, શરીરબળ, ને ધનાદિનો નાશ થાયછે. વ્યભિચારીનો લોકો વિશ્વાસ કરતા નથી. કામને વશ થયેલો માણસ ન કરવાયોગ્યનો પણ સંગ કરેછે, અને એવું એકે પાપ આ વિશ્વમાં નથી કે તે કામને વશ થયેલો ન કરે. કામી ઉત્તરોત્તર અધિક અશાંત થઇ કોઈ પ્રકારના રોગનો ભોગ થઇ પડેછે. બ્રહ્મચર્યના પાલનથી રૂપ, શરીરબળ, ને મનોબળની વૃ-

દ્ધિ થાયછે, તથા તે જે કર્મ કરેછે, તેમાં તે પ્રાયશઃ યશ પામેછે. પરકીયા, કુમારી, વિધવા, કે વેસ્યાના સંગથી ગૃહસ્થે મન, વાણી, ને શરીરથી દૂર રહેવું જોઇએ, તેમ જ સ્વસ્ત્રીનો પણ શાસ્ત્રે ના પાડેલા સમયમાં ત્યાગ રાખવો જોઇએ.

૨૩. કોઇના દ્રવ્યાદિની ચોરી કરવી એ તેના બાહ્ય પ્રાણનું હરણ કરવા સમાન છે. ચોરીથી સંપાદન કરેલું દ્રવ્ય ચોરથી કે તેના પુત્રાદિથી સુખપૂર્વક ભોગવાતું નથી. ચોરી કરીને મેળવેલું દ્રવ્ય પ્રથમ તો પ્રિય લાગેછે, પણ જ્યારે તેના કડવા ફળનો અનુભવ થવા લાગેછે, ત્યારે તેને ઘણો પશ્ચાત્તાપ થાયછે. ચોરી કરવાના સ્વભાવવાળા મનુષ્યને કોઇ પોતાને ઘેર આવેલો જોવાને ઇચ્છતા નથી, અર્થાત્ તેવો માણસ જ્યાં ત્યાં અપમાન પામેછે, માર ખાયછે, દંડાયછે, ને કારાગારમાં પણ પડેછે. માણસે મોટી ચોરીથી દૂર રહેવું એટલું જ પૂર્ણ નથી, પણ થોડા મૂલ્યની વસ્તુ પણ તેના ધણીની અનુમતિવિના લેવાથી દૂર રહેવું જોઇએ.

૨૪. શરીરને જળ તથા મૃત્તિકાઆદિથી પવિત્ર રાખવું જોઇએ. જેઓ પોતાના શરીરને પવિત્ર રાખતા નથી, તેઓ પ્રેતજેવા પ્રતીત થઇ પોતાના શરીરની દુર્ગંધથી બીજાને ત્રાસ આપેછે, તેમ જ પોતે પણ નાનાપ્રકારના રોગોથી દુઃખાનુભવ કરેછે. શરીરને પવિત્ર રાખવાઉપરાંત વસ્ત્ર તથા ગૃહઆદિને પણ પવિત્ર રાખવાં જોઇએ. રાગદ્વેષને વશ રાખી વા સુખી પ્રાણીમાં મૈત્રીની, દુઃખી પ્રાણીપર કરુણાની, પુણ્ય કરનારમાં પ્રસન્નતાની, ને પાપી પ્રાણીમાં ઉપેક્ષાની ભાવના કરી ચિત્તને પણ નિર્મળ રાખવું જોઇએ.

૨૫. ઇંદ્રિયો તથા મનને જો વશ રાખવામાં ન આવે, અર્થાત્ તેમને નઠારા તથા નિરર્થક કામમાં સ્વછંદે વર્તવા દેવામાં આવે

તો તે જીવની અધોગતિ કરી તેના પરમશત્રુનું કામ સારેછે, અને જો તેમને વશ રાખવામાં આવે, અર્થાત્ તેમને વિહિત કામમાં પ્રવૃત્ત રાખવામાં આવે તો તે જીવની ચઢતી સ્થિતિ કરી તેના પરમમિત્રનું કામ કરેછે. જે માણસનું મન તથા ઇંદ્રિયો પોતાને વશ નથી, તે બીજાને વશ વર્તાવી શકતો નથી.[1]

૨૬. યાચના કરનારને પોતાના સામર્થ્યપ્રમાણે કાંઇ પણ આપવું. બધા યાચક કાંઇ દાતાનું ભલું કરી શકે એવા ન હોય, પરંતુ યાચકને આપવાનો સ્વભાવ રાખવાથી પ્રસંગે એવો સમર્થ યાચક પણ મળી આવેછે કે જે દાતાનું ભલું કરેછે. લઇને પ્રસન્ન થવામાં મહત્તા નથી, પણ આપીને પ્રસન્ન થવામાં મહત્તા છે. દ્રવ્ય સંપાદન કરવામાં ન્યૂનાધિક પાપ થાયછે, તે પાપની નિવૃત્તિ દાન કરવાથી થાયછે, માટે સમજુએ યથાશક્તિ દાન કરવામાં અવશ્ય પ્રીતિ રાખવી.

૨૭. જે મનુષ્ય પ્રભુપાસેથી કૃપાની માગણી કરેછે, તે મનુષ્યે પ્રાણિઓપર દયા રાખવી જોઇએ. જે સર્વ પ્રાણિઓપર દયા રાખેછે, તે ઇશ્વરની કૃપાનું પાત્ર થાયછે. દયા રાખવામાં ધન કે સત્તાની અપેક્ષા ન હોવાથી નિર્ધન પણ રાખવા ધારે તો દયા રાખી શકેછે. ક્રૂર માણસથી સર્વ પ્રાણિઓ ભય પામેછે, અને દયાળુ માણસને જોઈ સર્વ પ્રાણિઓ પ્રસન્ન થાયછે. દયા એ ધર્મના મૂળરૂપ છે, ને નિર્દયપણું એ પાપના મૂળરૂપ છે.

૨૮. કોઇ પણ નિર્દોષ વા ન્યૂન દોષવાળો ધંધો સાવધાનતાપૂર્વક કરતાં જે દ્રવ્ય પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી, પણ નિરર્થક અસં-

૧ મન તથા ઈંદ્રિયોના શુભઅશુભ વિષયો જાણવાની ઇચ્છા થાય તો શ્રીઉપદેશગ્રંથાવલિનો એકવીશમો અંક જુઓ.

તોષી રહી ચિત્તમાં પરિતાપ કર્યા કરવો નહિ. પૂરતીરીતે આજીવિકા ન ચાલતી હોય તો પોતાને અનુકૂળ હોય તેવો યોગ્ય ધંધો કરવામાં વિરોધ નથી. જેઓ પોતાની સ્થિતિથી નિરંતર અસંતોષી રહેછે, તેઓ પોતાની પ્રાપ્તસ્થિતિથી મળતું સુખ ભોગવી શકતા નથી, ને અન્યની ઈર્ષ્યા કરવામાં, આળસમાં, ને નિરર્થક પરિતાપ કરી હૃદયબળ તથા શરીરબળ ક્ષીણ કરવામાં પોતાનો સમય વ્યતીત કરેછે. તૃષ્ણાના ક્ષય ને તૃપ્તિના પરિપાકવડે જીવને જે સુખનો અનુભવ થાયછે, તે સુખની આગળ આ લોકનાં શ્રેષ્ઠ સુખો ને સ્વર્ગનાં દિવ્ય સુખો કાંઇ ગણત્રીમાં નથી. લોભ એ દ્વેષ તથા ક્રોધાદિને ઉત્પન્ન કરનાર હોવાથી પાપના કારણરૂપ કહેવાયછે. માણસ લોભથી માબાપને, ભાઇને, બેનને, પુત્રને, મિત્રને, તથા સ્વામીને પણ મારેછે. પાપના કારણરૂપ એ લોભને સમજુએ સંતોષવડે જિતવો જોઇએ.

૨૯. પ્રામાણિકતા એ માણસનું મોટું ભૂષણ છે. પ્રામાણિકતાથી માણસ ઉત્તરોત્તર ચઢતી સ્થિતિને પામેછે, ને અપ્રામાણિકપણે વર્તનારનો ઉત્તરોત્તર અધઃપાત થાયછે. અપ્રામાણિક માણસ કોઇ વેળા પ્રામાણિકપણે વર્તે તોપણ તેને જાણનાર મનુષ્યો તેનો વિશ્વાસ કરતા નથી. અપ્રામાણિક માણસને વારે વારે મિથ્યાભાષણ કરવાના પ્રસંગો આવેછે, ને ભયને લીધે તેનું હૃદય નિરંતર કંપવાળું રહેછે. અપ્રામાણિકતાથી પ્રાપ્ત કરેલા વિભવથી દારિદ્ર્ય સારું છે. જેમ સોજા ચઢવાથી દેહમાં સ્થૂળતા પ્રાપ્ત થાય તેનાથી શરીરનું કૃશપણું સારું ગણવામાં આવેછે તેમ.

૩૦. શ્રદ્ધાવિના કોઇ પણ કાર્યમાં ઉત્સાહ પ્રકટતો નથી, અને

ઉત્સાહવિના કરવામાં આવતો પ્રયત્ન ક્વચિત્ જ સફળ થાયછે. સંશયવિનાની અડગ શ્રદ્ધાનો હૃદયમાં આવિર્ભાવ થવાથી માણસના મનમાં અપૂર્વ ઉત્સાહ પ્રકટેછે, ને એવા ઉત્સાહથી કરવામાં આવતું કાર્ય સ્વલ્પકાળમાં અલ્પ પ્રયત્ને સફળ થાયછે.

૩૧. ધન, સ્ત્રી, ને કીર્તિઆદિની ભક્તિ ત્યજી વિવેકીએ શ્રીઈશ્વરની ભક્તિમાં પોતાના ચિત્તને લગાડવું જોઇએ. વિનાશી વસ્તુઓની ભક્તિ દુ:ખદાતા છે, ને અવિનાશી ઈશ્વરની ભક્તિ જીવને પરમ સુખદાતા છે. ઈશ્વરની શુદ્ધ ભાવથી નિરંતર ભક્તિ કર્યા કરવાથી જીવનું જીવપણું ઉત્તરોત્તર ન્યૂન થતું જાયછે, ને તેનાં જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ને ઐશ્વર્ય ઉત્તરોત્તર વધતાં જાયછે. નવધા ભક્તિમાંની કોઇ પણ ભક્તિનું શુદ્ધ ભાવથી ચિરકાળ અનુષ્ઠાન કરતાં જેના ચિત્તમાં અનન્યભક્તિનો ઉદય થાયછે, તે ઇશ્વરથી અભેદ પામી મોક્ષ સંપાદન કરેછે.

૩૨. સાવધાનતાથી નહિ વર્તનાર મનુષ્યને ડગલે ડગલે દુ:ખાનુભવ કરવાના પ્રસંગો પ્રાપ્ત થાયછે, ને સાવધાનતાથી વર્તનાર મનુષ્યને પ્રાયશ: તેવા પ્રસંગો પ્રાપ્ત થતા નથી. ચિત્તમાં તામસ દ્રવ્યના વધારાથી ઉપજતી અસાવધાનતા મનુષ્યને કોઇ શુભ કામમાં આગળ વધવા દેતી નથી. અસાવધ મનુષ્યને અગત્યનું કામ સોંપવાનું તેના ઉપરિઆદિને ગમતું નથી, ને એવો મનુષ્ય વારેવારે ઠપકાને પાત્ર થયા કરેછે.

૩૩. કોઇ અનુચિત વચનો કહે, વા માર મારે, તોપણ વિવેકીએ તેનું ભુંડું કરવા પ્રવૃત્ત નહિ થતાં તેનું ભલું ઇચ્છવું. ક્ષમા એ દુર્બળને વિશેષ આપત્તિમાંથી બચાવનાર ને બળવાનની કીર્તિ વધા-

રનાર છે. તમારી કોઇ નિંદા કરે તો તમારે તેની નિંદા કરવાના પાપમાં નહિ પ્રવૃત્ત થતાં આમ વિચારવું:– " મારી નિંદા કરવાથી જો કોઇ મનુષ્ય સુખાનુભવ કરતો હોય તો હું તેનો મારાપર અકારણ અનુગ્રહ સમજાુંછું, કેમકે પોતાનું ભલું ઇચ્છનારા મનુષ્યો અતિકષ્ટે સંપાદન કરેલું દ્રવ્ય અન્યની પ્રસન્નતામાટે તેમને આપેછે, અને આ તો હું તેને કાંઇ પણ દ્રવ્ય આપતો નથી છતાં મારા નિમિત્તે તે પ્રસન્નતા મેળવેછે. જેમાં દુ:ખની પ્રાપ્તિ બહુધા સતત તથા સુલભ અને સુખની પ્રાપ્તિ ક્વચિત્ તથા બહુ પ્રયત્નથી છે એવા જગત્માં જો કોઇ મારી નિંદા કરીને સુખાનુભવ કરતો હોય તો ભલે તે મારી સમીપમાં વા પછવાડે તેની ઇચ્છાપ્રમાણે મારી નિંદા કરે. "

૩૪. અભિમાનથી સદ્ગુણોની પ્રાપ્તિ થઇ શકતી નથી, અભિમાનથી અભિમાનીના ઘણા શત્રુઓ થાયછે, અને રાવણ ને દુર્યોધનાદિ અહંકારથી જ મૃત્યુ પામ્યા છે, માટે જેઓ સદ્ગુણો તથા વિદ્યા સંપાદન કરવા ઇચ્છતા હોય, જેઓ અજાતશત્રુ થવા ઇચ્છતા હોય, અને જેઓ શત્રુથી પરાભવ પામવા ન ઇચ્છતા હોય, તેમણે અભિમાનનો ત્યાગ કરી નિરભિમાની થવું જોઇએ.

૩૫. જડ સરલકાષ્ઠને પણ ગૃહાદિના ઉપયોગમાટે મનુષ્યો ઇચ્છેછે, ત્યારે ચેતનવાળા સરલમનુષ્યોને માણસો કેમ ન ઇચ્છે? ઇચ્છે જ. જેમ વાંકા લાકડાને બહુધા કોઇ ઇચ્છતું નથી, તેમ અવળા સ્વભાવવાળા માણસની સાથે કોઇ સ્નેહ રાખતું નથી, તે તે જ્યાં ત્યાં તિરસ્કાર પામેછે.

૩૬. કેવળ પુણ્યથી રચિત મનુષ્યશરીર નહિ હોવાથી પાપસં-

સ્કારનો વિપાક થયે મનુષ્યને દુઃખની પ્રાપ્તિ થાયછે. દુઃખની પ્રાપ્તિ થયે જે મનુષ્ય ધૈર્ય રાખી મુંઝાતો નથી, તેને તે દુઃખ અતિ પીડાકારી થતું નથી, પણ જેઓ દુઃખ આવવાનો સંભવ જાણી વા દુઃખની પ્રાપ્તિ થયે વ્યાકુળ થઇ જાયછે, ને ધીરજ રાખતા નથી, તેઓ પોતાના દુઃખમાં ઊલટો વધારો કરેછે. આત્માને દુઃખનો લેશ પણ પહોંચી શકતો નથી, ને મારું સ્વરૂપ આત્મા છે, તેથી આ દુઃખ મને લેશ પણ હાનિ પહોંચાડવાને સમર્થ નથી એમ વિચારીને, વા ધીરજ રાખીને યોગ્ય ઉપાયો કરવાથી દુઃખની નિવૃત્તિ થશે, પણ વ્યાકુળ થવાથી કાંઇ દુઃખની નિવૃત્તિ નહિ થાય, પરંતુ ઊલટું દુઃખ વધશે એમ વિચારીને, મનને ધીરજવાળું રાખવું જોઇએ. જેમ પ્રાણિઓને પ્રાર્થના કર્યાવિના પણ પ્રારબ્ધકર્મથી દુઃખની પ્રાપ્તિ થાયછે, તેમ પ્રાર્થના કર્યાવિના પણ પ્રારબ્ધકર્મથી સુખની પ્રાપ્તિ થાયછે, માટે સમજુએ દુઃખના સમયમાં મુંઝાતું નહિ.

૩૭. વિચાર એ સૂર્યરૂપ છે. સદ્વિચારનો ઉદય થયે અજ્ઞાનરૂપ અંધકાર દૂર થઇ જાયછે. સદ્વિચારનો આવિર્ભાવ ન થાય ત્યાંસુધી જ શોકમોહ પીડા આપી શકેછે, પણ તેનો આવિર્ભાવ થતાં એ શોકમોહ ક્યાં ગયા તેનો પત્તો પણ જડતો નથી. વ્યવહાર કે પરમાર્થના કામમાં જે જે આંટી આવેછે, તેને ઊકેલવામાં વિચાર સમર્થ છે. વિચારવાન્ પુરુષ જ વસ્તુતાએ સુખી છે, ને વિચાર-રહિત પુરુષ સુખી દેખાતો હોય તોપણ તે સુખી નથી.

૩૮. પ્રત્યેક માણસે સમયનો સદુપયોગ કરવો જોઇએ. નિરર્થક વાતો કરવામાં, કોઈની નિંદા કરવામાં, આળસમાં, કોઇની સાથે ક્લેશ કરવામાં, વ્યસનમાં કે અન્ય નિંદ્યકર્મમાં સમયને ન જ વ્ય-

તીત કરવો. જે વિપળનું મૂલ્ય સમજતો નથી, તે પળનું મૂલ્ય સમજતો નથી, જે પળનું મૂલ્ય સમજતો નથી, તે ઘડીનું મૂલ્ય સમજતો નથી, જે ઘડીનું મૂલ્ય સમજતો નથી, તે દિવસનું મૂલ્ય સમજતો નથી, જે દિવસનું મૂલ્ય સમજતો નથી, તે માસનું મૂલ્ય સમજતો નથી, જે માસનું મૂલ્ય સમજતો નથી, તે વર્ષનું મૂલ્ય સમજતો નથી, ને જે વર્ષનું મૂલ્ય સમજતો નથી, તે પોતાના આયુષ્યનું ને મનુષ્યજન્મનું મૂલ્ય સમજતો નથી. એવા બુદ્ધિહીન મનુષ્યને મૂ- ર્ખવિના બીજી કઇ ઉપમા આપી શકાય ?

૩૯. સમયનો સદુપયોગ કરી વ્યવહારપરમાર્થમાં આગળ વ- ધવું હોય તો તેણે અનિયમિતરીતે નહિં વર્તતાં નિયમિતરીતે વ- ર્તવું જોઇએ. પ્રાતઃકાળમાં ઊઠી આજ પોતાને શું શું કામ કરવાનું છે તેનો તેણે વિચાર કરવો જોઇએ, અને કાંઇ પ્રતિકૂળતા ન હોય તો પ્રત્યેક કામને માટે યોગ્ય સમય નક્કી કરી તે સમયે નક્કી કરેલું કામ કરવાનો સ્વભાવ પાડવો જોઇએ. એ જ પ્રમાણે અઠવાડીઆનું, પખવાડીઆનું, માસનું, ને આખા વર્ષનું કામ સામાન્યરીતે આગળથી નક્કી કરી રાખી તેપ્રમાણે વર્તાય તો થોડા સમયમાં ઘણું કામ કરી શકાયછે.

૪૦. આળસ એ મનુષ્યના શરીરમાં રહેલો જીવનો મોટો અ- દૃશ્ય શત્રુ છે, અને ઉદ્યોગના જેવો જીવનો અન્ય બંધુ નથી. એ ઉદ્યોગ જીવની ચઢતી સ્થિતિ કરેછે, અને આળસ એ જીવને પડતી સ્થિતિમાં મેલેછે. કોઇ રાજા જો પોતાની પ્રજાને કામવિના પાંચ ઘડી બેસારી રાખે તો તે પ્રજા પોતાનાપર રાજાએ મોટો અન્યાય કર્યો એમ સમજેછે, પણ ઘણા મનુષ્યો યાવજ્જીવન આળસમાં

પુષ્કળ સમય ગાળેછે, છતાં આળસ અમારાપર બહુ અન્યાય કરેછે, એવું તેમના સમજવામાં આવતું નથી, એ મોટું આશ્ચર્ય છે. જે દારિદ્ર્યને મેળવવા ઇચ્છતો હોય તેણે આળસુ થવું, કેમકે આળસને તથા દારિદ્ર્યને પરસ્પર અત્યંત સ્નેહ હોવાથી જ્યાં આળસ હોય ત્યાં દારિદ્ર્ય તુરત જ આવી પહોંચેછે.

૪૧. "આ વિશ્વમાં સૌથી મધુર શું છે?" એમ એક મહેતાજીએ પોતાના વિદ્યાર્થિઓને પૂછ્યું, ત્યારે તેમણે પોતપોતાની રુચિઅનુસાર કોઇએ કેરી, કોઇએ શાકર, કોઇએ ખાંડ, કોઇએ ગોળ, કોઇએ દૂધ, કોઇએ દહિં, કોઇએ સ્ત્રી, ને કોઇએ દ્રવ્ય ઇત્યાદિ કહ્યું, પણ મહેતાજીએ ધારેલું ઉત્તર કોઇએ આપ્યું નહિ, તેથી અંતે મહેતાજીએ કહ્યું કે:—"એ સર્વ મધુર છે ખરાં, પણ સાધારણ જીવોને માટે પરનિંદા એ સર્વથી મધુર છે. પરનિંદા કરવામાં તથા સાંભળવામાં તેમને જે મધુરતા લાગેછે, તેની આગળ તમે જે મધુર પદાર્થો કહ્યા તે પદાર્થો તેમને મધુર જણાતા નથી." પોતાનો અભ્યુદય વા મોક્ષ ઇચ્છનારે નરકની પ્રાપ્તિ કરનાર પરનિંદા કરવાથી તથા સાંભળવાથી દૂર જ રહેવું જોઇએ.

૪૨. કોઇ સમયે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજી ઘણા મનુષ્યો પ્રીતિપૂર્વક તેના પરિપાલનમાં તત્પર રહેછે, ને કોઇ સમયે ધર્મના વાસ્તવિક સ્વરૂપને નહિ સમજી ઘણા મનુષ્યો ધર્મની ઉપેક્ષા કરી તેના પરિપાલનમાં પ્રવૃત્ત થતા નથી, એમ કોઇ કાળે ધર્મનો પ્રકાશ અતિ અધિક ને કોઇ કાળે અતિ ન્યૂન હોયછે.

૪૩. વર્તમાનમાં ગુજરાતમાં જે ઘણી જાતિઓ વસેછે, તેમનો ધર્મપાલનના સંબંધમાં ચાર વર્ણોમાં સમાવેશ થઇ શકે, બ્રા-

હ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ને શૂદ્ર. તેમાં પ્રથમના ત્રણ વર્ણ દ્વિજ કહેવાયછે. દ્વિજમાં પણ વર્ણોના ગુરુ હોવાથી બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, તેથી તેમણે પોતાના અંતઃકરણને અતિ સાત્ત્વિક રાખી પોતાનું આચરણ બહુ પવિત્ર રાખવું જોઇએ.

૪૪. પ્રત્યેક માણસે પ્રાતઃકાળે સ્નાનાદિ કરી પવિત્ર થવું જોઇએ. ભોજનકાળે મનને પ્રસન્ન રાખી ભોજન કરવું જોઈએ. અન્નને પવિત્ર કરી આચમન લઈ ભોજન કરવા માંડવું. ભોજન ધીરે ધીરે ને પ્રત્યેક ગ્રાસ સારી રીતે ચાવીને કરવું, પણ પૂરતી રીતે ચાવ્યાવિના ઊતાવળે ભોજન કરી લેવું નહિ. ભોજનકાળે ચિંતા તથા ક્રોધાદિ મનોવિકારોને દૂર રાખવા, ભોજનના પદાર્થોની નિંદા ન કરવી, ને પ્રારબ્ધપ્રમાણે જે પથ્ય ને પવિત્ર ભોજન પ્રાપ્ત થયું હોય તે સુખપૂર્વક 'આ ભોજન મારું બુદ્ધિબળ તથા શરીરબળ વધારશે,' એવી ભાવના રાખી ગ્રહણ કરવું.

૪૫. વિવેકીએ પવિત્ર, રસવાળા, આરોગ્ય તથા બળની વૃદ્ધિ કરનારા, ને રુચિકર પદાર્થો જમવા. અતિખાટા, અતિખારા, અતિઊના, અતિતીખા, દાહ ઉપજાવનારા, પરિણામે શોક તથા રોગ ઉત્પન્ન કરનારા, દુર્ગંધવાળા, વાસી, રસવિનાના, કાચા, બળી ગયેલા, એઠા, ને અપવિત્ર પદાર્થો તેણે ન ખાવા જોઇએ.

૪૬. ખારી ભૂમિમાં વાવેલું બીજ જેમ નકામું જાયછે, તેમ કુપાત્રને વિદ્યા આપવી તે નકામી જાયછે. બગલાને પોપટજેવો બનાવવામાટે લીધેલો શ્રમ જેમ નિષ્ફળ જાયછે, તેમ દુર્જનને સજ્જનજેવો કરવાસારુ લીધેલો શ્રમ પણ બહુધા નિષ્ફળ જાયછે. જેમ કૂતરાની પુંછડી કોઇ ઉપાયથી પાંશરી થતી નથી, તેમ કુટિલ મનુષ્ય કોઇ

ઉપાયથી સજ્જન થતો નથી. એવીરીતે પૂર્વજન્મના અતિ પાપ-સંસ્કારોથી જેઓ વર્તમાનમાં દુર્જન જણાયછે, તેમનાથી સજ્જને દૂર રહેવું ઉચિત છે.

૪૭. વિદ્યા ભણ્યાવિના ધર્મઅધર્મનું સ્વરૂપ સમજાતું નથી, ને તેથી ધર્મનું પરિપાલન ને અધર્મનો પરિત્યાગ થઇ શકતો નથી. વિદ્યા એ માણસનું ઉત્તમ રૂપ, ને ચોર ચોરી ન શકે, બંધુ ભાગ ન પડાવી શકે. ને દાન કરવાથી વૃદ્ધિ પામે એવું ગુપ્ત ધન છે. વિદ્યા સંસારમાં સુખનાં સાધનો ને કીર્તિનો વધારો કરનારી છે. તે પરદેશમાં બંધુનું કામ કરેછે. રાજાઓ ધનવાનને પૂજતા નથી, પણ વિદ્વાનને પૂજેછે. વિદ્યા અનેક સંશયોને નિર્મૂળ કરેછે, તથા પરોક્ષ પદાર્થોનું સ્વરૂપ જણાવેછે, તેથી તે સર્વના નેત્રરૂપ છે, જેને એવી વિદ્યા પ્રાપ્ત નથી, તે અંધ છે.

૪૮. દિવસે નિરર્થક સૂવું ને રાત્રે સાત આઠ કલાકથી વધારે સૂવું એ સારું નથી. ઊનાળામાં પણ દિવસે સૂવું લાભકારક નથી. શરીર સ્વસ્થ ન હોય તેથી દિવસે શયન કરવું પડે તે હાનિકર ન ગણાય. પરિશ્રમને લીધે દિવસે વિશ્રાંતિ લેવાની અગત્ય જણાય તો જપવડે વા આત્મસ્વરૂપના ધ્યાનવડે વિશ્રાંતિ લેવી એ લાભકર છે. રાત્રે સૂવું ત્યારે મનને ચિંતા તથા અન્ય [illegible]થી મોકળું કરીને સૂવું.

૪૯. મહત્પુરુષોની સાથે વિનયથી [illegible]. માતા, પિતા, ને આચાર્ય એ ગુરુજનોને માન આપવું. તેમની સાથે એક આસનપર ન બેસવું. તેઓ આવે ત્યારે પુત્ર કે શિષ્ય બેઠા હોય તો તેમણે ઊભા થવું, ને પ્રણામ કરવા. તેમને પ્રિય લાગે એવાં કામ કરવાં,

તેમની સાથે વિનયથી વાત કરવી, ને તેમની આજ્ઞાનું પ્રીતિપૂર્વક પાલન કરવું.

૫૦. માતા, પિતા, સ્ત્રી, પુત્ર, ને દાસવર્ગનું પોષણ કરવું. સ્ત્રીને વિવેક, નીતિ, ને ધર્મનું જ્ઞાન આપી સન્માર્ગે ચઢાવવી. પુત્રપુત્રીને નાનપણમાં સારા સંસ્કાર પડે એમ ઊછેરવાં. યોગ્યવય થયે તેમનો વિદ્યા તથા ધર્મપાલનમાં પ્રવેશ કરાવવો, અને દાસોને સેવકના ધર્મોનું જ્ઞાન આપવું.

૫૧. જે સ્ત્રી પોતાની કાંઇ સગી થતી ન હોય ને તેની સાથે જો બોલ્યાવિના ન જ ચાલે એમ હોય તો તેને પુરુષે તેની વયનો વિચાર કરી મુખમુદ્રા શાંત રાખી **બા** કે **બહેન** કહીને બોલાવવી, કે જેથી તે પુરુષના ચિત્તમાં અયોગ્ય ક્ષોભ ન થાય.

૫૨. ગાડીપર ઘોડાપર ઉંટપર કે હાથીઆદિપર બેઠેલાને, વૃદ્ધને, રોગીને, ભાર ઊપાડીને ચાલનારને, સ્ત્રીને, રાજાને, વરને, ને વિદ્વાન્‌ને અન્ય મનુષ્યે માર્ગ આપવો, અર્થાત્ જો તેઓ માર્ગમાં સામા મળે તો અન્ય મનુષ્યે તરીને ચાલવું.

૫૩. પિતા કે આચાર્યની આજ્ઞાનું ઉત્તર શય્યામાં સૂતાં સૂતાં, બેઠાં બેઠાં, ખાતાં ખાતાં, ઊભાં ઊભાં, કિંવા અવળું મુખ રાખીને આપવું નહિ. બેઠા હોય તો પુત્રે કે શિષ્યે ઊભા રહીને, ઊભા હોય કે ચાલતા હોય તો પુત્રાદિકે સામા જઇને, દોડતા હોય તો દોડીને, છેટે હોય તો પાસે જઇને, ને સૂતા હોય તો નમીને વાત કરવી, વા તેમના પ્રશ્નનું ઉત્તર આપવું. તેમની ગતિના, ભાષાના, કે ચેષ્ટાના ચાળા ન પાડવા, ને તેમની સમીપમાં કોઇની સાથે સંકેતમાં કાંઇપણ વાત ન કરવી.

૫૪. શરીર, ઇંદ્રિયો, મન, તથા બુદ્ધિને વશ રાખી જે નીતિને માર્ગે ચાલેછે, તે વાસ્તવિક તપ કરેછે, પણ માત્ર દ્રવ્યતૃષ્ણાદિથી જે શરીરને સૂકવેછે, વા બીજાને ભય ઉપજે એવાં કર્મો કરેછે, તે વાસ્તવિક તપ કરતો નથી.

૫૫. મન, વાણી, ને શરીરથી કર્મ થાયછે. બીજાનું દ્રવ્ય લઈ લેવા ઉપાયો શોધવા, નઠારું કામ કરવા વિચાર કરવા, ને કર્મફળપ્રદાતા ઈશ્વરનું અસ્તિત્વ તથા શુભાશુભકર્મનું ફળ ન માનવું એ ત્રણ પ્રકારનાં અશુભ ફળ ઉપજાવનારાં મનનાં કર્મો છે. કોઇને અપશબ્દો કહેવા, મિથ્યા બોલવું, પારકી નિંદા કરવી, ને સમજ્યાવિના નિષ્પ્રયોજન બોલવું, એ ચાર પ્રકારનાં વાણીનાં કુકર્મો છે. અન્યાયથી કોઇનું દ્રવ્ય લઇ લેવું, શાસ્ત્રથી ઊલટી રીતે ચાલી કોઇ પ્રાણીની હિંસા કરવી, ને પરસ્ત્રીનો સંગ કરવો એ ત્રણ શરીરનાં દુષ્ટકર્મો છે.

૫૬. મનુષ્ય મહાદુઃખમાં હોય તોપણ તેણે કોઇ પણ માણસને કદાપિ પણ મર્મભેદકવાક્ય કહેવું નહિ, અને અન્યનું ભુંડું કરવામાં પ્રવૃત્ત થવું નહિ. માનઅપમાનને સમ ગણી કર્તવ્યના પરિપાલનમાં જાગ્રત્ રહેવું, પણ માનની તૃષ્ણાને વશ થઇને વા અપમાન પ્રાપ્ત થવાનો સંભવ જાણી ભય પામીને કર્તવ્યનો પરિત્યાગ કરવો નહિ.

૫૭. સ્વધર્મનું શ્રદ્ધાભક્તિથી પરિપાલન તે તપ કહેવાયછે. તપથી ઇચ્છિત સુખની પ્રાપ્તિ થાયછે. તપ એ બ્રાહ્મણનું જ્ઞાન, ક્ષત્રિયનું રક્ષણ, વૈશ્યનો વ્યાપાર, ને શૂદ્રની સેવા છે. આરોગ્ય, રૂપ, કીર્તિ, વૈભવ, ને વિદ્યા એ સર્વ તપથી મળેછે. તપના સામર્થ્યથી કુસંસ્કારો બળીહીન થઇ ઉત્તરોત્તર તે તપ કરનારનો અભ્યુદય થાયછે. દુસ્તર ભવસાગર તપથી તરાયછે, દુર્લભ જ્ઞાન તપથી મેળવી શકા·

થાયછે, દુર્ગમ બ્રહ્મરૂપમાં તપથી પહોંચી શકાયછે, ને દુષ્કર વિષયત્યાગ તપથી કરી શકાયછે, માટે પોતાનું હિત ઇચ્છનાર પુરુષે અવશ્ય તપ કરવું. જે મનુષ્ય આર્યાવર્તમાં ઉત્તમ મનુષ્યજન્મ પામી તપ કરવામાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્ત થતો નથી, પણ વિષયસેવનમાં જ આયુષ્ ગાળેછે, તે મનુષ્ય ઉત્તમપ્રકારના ચંદનવૃક્ષના લાકડાથી રત્નજડિત સોનાના તપેલામાં ડુંગળી રાંધેછે, આકડાનું મૂળ મેળવવામાટે સોનાના હળથી ધરતી ખેડેછે, અને કોદરાના છોડનું રક્ષણ કરવા કપૂરનો ક્યારો બાંધેછે, અર્થાત્ તે મંદભાગ્યવાળો છે.

૫૮. કામક્રોધના બળવાન્ વેગમાં તણાતા મૂર્ખને જ સ્ત્રિઓ આડે માર્ગે લઈ જવાને સમર્થ છે એમ નહિ, કિંતુ લૌકિક વિદ્વાનોને પણ આડે માર્ગે લઇ જવાને તે સમર્થ છે, માટે સર્વપુરુષોએ મન, વાણી, ને શરીરથી પરસ્ત્રિઓથી દૂર રહેવું જોઇએ. વિવેકીએ જુવાન મા બહેન ને દીકરીની સાથે પણ એક આસનપર બેસવું નહિ, એકાંતમાં તેમની સાથે રહેવું નહિ, રાત્રે તેમની સાથે જવું નહિ, અને એક ઓરડામાં બંને જણે સૂવું નહિ, કેમકે ઇંદ્રિયો બળવાન્ છે, તેઓ શાસ્ત્રપ્રમાણે ચાલી આત્માનો સાક્ષાત્કાર કરવા ઇચ્છનારા પુરુષના ચિત્તને પણ ખેંચેછે, તો અન્યના ચિત્તને ખેંચે એમાં શું આશ્ચર્ય?

૫૯. બનતે પ્રયત્ને બાર વર્ષની અંદરની વયની પુત્રીનાં ને સોળ વર્ષની અંદરની વયના પુત્રનાં લગ્ન ન કરવાં. ઋતુપ્રાપ્તિ થયા પહેલાં સંસાર માંડવા પુત્રની વહૂને ઘેર તેડવી નહિ. પુત્રપુત્રીને બ્રહ્મચર્યના પાલનનું માહાત્મ્ય સમજાવવા યોગ્ય પ્રયત્ન તેમનાં માતપિતાએ કરવો જોઇએ. પિતાએ પુત્રને સારી રીતે વિદ્યાભ્યાસ કરા-

વ્યાપછી તથા આજીવિકા સંપાદન કરવાના ઉપાયો શીખવ્યાપછી યોગ્ય કુળની ગુણવાન્ કન્યાસાથે તેનાં, ધર્મના પરિપાલનનો ઉદ્દેશ પ્રધાન રાખી, લગ્ન કરવાં. પુત્રીને વિદ્યા,નીતિ,ધર્મ, વિવેક, આચાર, રસોઈ, ને પતિભક્તિ શીખવવા યથાયોગ્ય પ્રયત્ન કરવો જોઇએ; અને ઉપર કહેલ્લી વયે તેનો ગુણવાન્ ને વિદ્વાન્ પુરુષસાથે વિવાહ કરવો જોઇએ.

૬૦. પુત્રપુત્રીનાં નાનપણમાં લગ્ન કરી તેમને સંસાર માંડવાની જોગવાઇ કરી આપવાથી તેમનાં શરીર, મન, નીતિ, ને ધર્મપાલનનો ઉત્સાહ નિર્બળ થાયછે, અને તેમની પ્રજા બળહીન થાયછે. વળી બાળલગ્નથી શરીર તથા મનનાં કજોડાં થવાનો તથા ઉત્તમજ્ઞાતિઓમાં બાળવિધવાઓનો વધારો થવાનો પણ ભય રહેછે.

૬૧. દ્રવ્યતૃષ્ણાને વશ થઈ વૃદ્ધ પુરુષની સાથે નાની વયની કન્યાનાં લગ્ન કરવાં ઉચિત નથી, કેમકે તેથી પ્રાયશઃ કન્યાને દુઃખાનુભવ કરવાના ઘણા પ્રસંગો પ્રાપ્ત થાયછે. વૃદ્ધ પતિના મરણથી જે જુવાન વિધવાઓ પોતાના મનને વશ રાખી શકતી નથી તેઓ વ્યભિચારમાં પ્રવૃત્ત થઈ બંને પક્ષની નિંદા કરાવેછે. વૃદ્ધાવસ્થાવાળા પુરુષે પણ જે અવસ્થા પરમાત્માનું સ્મરણચિંતન કરવાની છે તે અવસ્થામાં કૃત્રિમ યુવાવસ્થા લાવી લગ્ન કરી લોકના ઉપહાસને પાત્ર થવું યોગ્ય નથી.

૬૨. અશ્રદ્ધા, આળસ, ને પ્રમાદનો ત્યાગ કરી પ્રત્યેક મનુષ્યે સાંજસવાર પરમપ્રીતિથી પરમાત્માનું સ્મરણ તથા ધ્યાન કરવાં જોઇએ. એમ કરવાથી ચિત્તની નિર્મળતા વધતી જાયછે, ને પાપકર્મમાં રુચિ તથા પ્રવૃત્તિ થતાં નથી. વળી તેણે સામર્થ્યપ્રમાણે

પરમાત્માની કૃપા સંપાદન કરવા શાસ્ત્રમાં કહેલા યત્નવડે પરમાત્માનું યજન પણ કરવું જોઇએ.

૬૩. ગૃહસ્થના ઘરમાં ચૂલો, ઘંટી, ખાંડણિયો, પાણીઆરું, ને સાવરણી એ પાંચ પાપનાં સ્થાન છે. નિત્યપ્રતિ એ પાંચ સ્થાનમાં પાપ થવાનો સંભવ હોવાથી તે પાપની નિવૃત્તિમાટે ગૃહસ્થે નિત્ય દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, ને મનુષ્યયજ્ઞ એ પાંચ મહાયજ્ઞ કરવા જોઇએ, તેમ જ અતિથિને વિષ્ણુરૂપ જાણી તેનો યથાયોગ્ય સત્કાર કરવો જોઇએ.

૬૪. આપત્કાળવિના રજસ્વળા સ્ત્રીની સાથે પુરુષે ભાષણ કરવું યોગ્ય નથી. પુરુષ કામથી પરવશ થયો હોય તોપણ રજસ્વળા સ્ત્રીસાથે સમાગમ ન કરવો, તેનો સ્પર્શ ન કરવો, વા એક શય્યામાં શયન ન કરવું.

૬૫. સ્ત્રીની સાથે એક ભાણામાં જમવું નહિ. સ્ત્રી જમતી હોય, છીંક ખાતી હોય, બગાસું ખાતી હોય, સુખપૂર્વક અસાવધાનતાથી બેઠી હોય, આંખો આંજતી હોય, વાળ ઓળાવતી હોય વા ઓળતી હોય, સ્નાન કરતી હોય, અંગમર્દન કરતી હોય, શરીરે વા વસ્ત્રે અત્તરાદિ લગાડતી હોય, તથા ઊઘાડી છાતીએ વા ઊઘાડે માથે બેઠી હોય, ત્યારે સમજુ પુરુષે તે સ્ત્રીસામી દૃષ્ટિ ન કરવી.

૬૬. રાજમાર્ગમાં, ખેડેલા ખેતરમાં, પાણીમાં, લાકડાના ભારાપર, જૂના દેરામાં, રાફડાપર, કીડીઆરાપર, ઘણાં જીવજંતુઓવાળા સ્થળમાં, તથા સૂર્ય ચંદ્ર અગ્નિ કે બ્રાહ્મણની સંમુખ મનુષ્યે મળત્યાગ વા મૂત્રત્યાગ કરવા બેસવું નહિ.

૬૭. વિવેકી મનુષ્યે બીજાનાં વાપરેલાં વસ્ત્ર, જનોઇ, કે જોડા

વાપરવા નહિ, પાપીની સંગત ન કરવી, તણખલાં ત્રોડવાં નહિ, ભોંયપર લીંટા કે ચિત્ર કાઢવાં નહિ, નાગા સૂવું કે નાવું નહિ, ને કોઇને નકામો પ્રશ્ન પૂછવો નહિ.

૬૮. ગાય, ભેંશ, બળદ, અશ્વ, બકરાં, ઘેટાં, કે ઉંટઆદિ જે પશુઓ પોતાને ત્યાં હોય તેમને સારી રીતે ઘાસ તથા જળ આપવું, તેમને રાખવાની જગા સ્વચ્છ રાખવી, અને તેમનાપર કોઇ પણ પ્રકારની ક્રૂરતા વાપરવી નહિ.

૬૯. ઘેર આવનાર પરોણાઓનો વાણીથી સત્કાર કરવો, અને બેસવાને યોગ્ય આસન તથા પીવાને જળ આપવું. સમય હોય તો ભોજનનો આગ્રહ કરવો. રાત રહે તો તેમને પ્રસન્ન મનથી યોગ્ય ભોજન તથા યોગ્ય શય્યા આપવાં. ટુંકામાં કહીએ તો પોતે જેવો સત્કાર સામા માણસથી ઇચ્છે તેવો તેનો સત્કાર તેણે કરવો જોઇએ.

૭૦. શત્રુનું, શત્રુના મિત્રનું, અધર્મીનું, ચોરનું, ને પર સ્ત્રીનું સંમાન ન કરવું. તેઓનું સંમાન કરવાથી પરિણામે અહિત થાયછે, માટે તેમની સાથે સામાન્ય સ્નેહથી વર્તવું ઉચિત છે.

૭૧. પરાધીનપણું એ દુઃખ ને સ્વાધીનપણું એ સુખ છે, માટે વિવેકી મનુષ્યે યથાશક્તિ પ્રયત્ન કરી જો બની શકે તો સ્વાધીન ઉદ્યોગવડે પોતાની આજીવિકા સંપાદન કરવી જોઇએ.

૭૨. વાણી, નેત્ર, હાથ, ને પગઆદિને ચંચળ ન રાખવાં, અર્થાત્ તેમની નિરર્થક પ્રવૃત્તિ રોકવી, અને શરીરને ક્ષણભંગુર જાણી કોઇની સાથે વૈર બાંધવું નહિ. બનતે પ્રયત્ને મનને જાગ્રત રાખી સૌસાથે સ્નેહથી વર્તવું, અને સર્વ પ્રાણીનું હિત ચિંતવવું.

૭૩. ધર્મપાલનનો ડોળ કરનાર, અત્યંત લોભી, લોકોને ઠગનાર,

લોકની થાપણ પચાવી પડનાર, દંભથી નીચું જોઇને ચાલનાર, નિર્દય, સ્વાર્થ સાધવામાં જ તત્પર, મિથ્યા વિનય દેખાડનાર, વ્યભિચારી, ચોર, ચોરની પાસેથી ચોરેલી વસ્તુઓ વેચાતી લેનારા, નિરર્થક જેની તેની નિંદા કરનારા, હિંસામાં પ્રીતિ રાખનારા, વ્યસની, નાસ્તિક, માતા પિતા ને ગુરુનો દ્રોહ કરનારા, મિથ્યાભાષણમાં રુચિ રાખનારા, મલિન રહેનારા, ને કૃતઘ્ન માણસનો સમાગમ વિવેકીએ ન રાખવો, તેમ જ તેઓની સાથે પ્રીતિ પણ ન કરવી.

૭૪. શાસ્ત્રનો અભ્યાસ ન કરવાથી, આચારનું પરિપાલન ન કરવાથી, સામર્થ્ય છતાં કર્તવ્યમાં આળસ રાખવાથી, અને અભક્ષ્યનું ભક્ષણ અને નહિ પીવાયોગ્યનું પાન કરવાથી માણસ અધમપણાને પામેછે.

૭૫. શરીરમાંથી પરસેવાસાથે નીકળતો ચીકણો મેલ, વીર્ય, લોહી, ખોડો, મૂત્ર, વિષ્ઠા, ગુંગા, કાનનો મેલ, લીંટ, (શેડા,) ચીપડા, લાળ, ને પરસેવો એ સ્થૂળશરીરના મેલ જાણવા. એવા મલિન શરીરને જળ તથા માટીથી નિત્યપ્રતિ પવિત્ર રાખવું જોઇએ.

૭૬. મળનો ત્યાગ કરી આવીને હાથપગ ધોઈ કોગળા કરી આચમન લેવું. મૂત્રનો ત્યાગ કરી આવ્યાપછી પણ હાથ ધોઈ કોગળા કરી આચમન લેવું. ઊલટી થઇ હોય તો તે પછી પણ કોગળા કરી આચમન લેવું. નહિ સ્પર્શ કરવાજેવી વસ્તુનો સ્પર્શ થયો હોય તો પહેરેલાં વસ્ત્રોસહિત સ્નાન કરવું. વસ્ત્રાદિ જે વસ્તુઓ અપવિત્ર થઈ હોય તેને પણ યોગ્યરીતે પવિત્ર કર્યાપછી જ ઉપયોગમાં લેવી.

૭૭. ડુંગળી, લસણ, તમાકુ, ભાંગ, ગાંજો, માજમ, મફર, ચરસ, અફીણ, સર્વપ્રકારની સુરા, સર્વપ્રકારનાં મદ્ય, માંસ, માછલાં,

ને ઇંડાંઆદિ ચિત્તમાંના સત્વગુણને નિર્બળ કરી નાંખનારી વસ્તુઓ વિવેકીએ ખાવીપીવી નહિ. શરીરનું આરોગ્ય, બળ, તથા રૂપ વધારી ચિત્તમાં સત્વગુણની વૃદ્ધિ કરનારા ઘણા ખાવાપીવાના પદાર્થ વિશ્વમાં છે, તો પછી પૂર્વોક્ત અયોગ્ય પદાર્થો વાપરવાની વિવેકીને શી અગત્ય છે ?

૭૮. સ્ત્રીએ નાની વયમાં માબાપની આજ્ઞામાં રહેવું, જુવાનઅવસ્થામાં પોતાના પતિની આજ્ઞામાં રહેવું, ને ધણી મરી ગયાપછી પુત્રની આજ્ઞામાં રહેવું, પણ સ્વતંત્રપણે વર્તવું નહિ. સ્વતંત્રપણે વર્તવાથી સ્ત્રીને પોતાને તથા તેનાં સંબંધિજનોને દૂષણ લાગવાનો સંભવ રહેછે.

૭૯. સ્ત્રીએ પોતાના પતિસાથે કે અન્યજનોસાથે કલેશ કરવો નહિ, સમયનો સારો ઉપયોગ કરવો, નિરર્થક કુથલી કરવી નહિ. ઘરના કામકાજમાં સર્વદા ચતુર રહેવું. ઘર, ધાતુનાં વાસણો, તથા બીજો સામાન સ્વચ્છ ને સારી સ્થિતિમાં રાખવાં. નાનાં બાળકોનાં શરીર તથા વસ્ત્ર સ્વચ્છ રાખવાં, રસોઇ ને આથણાંઆદિ સારી રીતે બનાવવાં, ઊડાઉપણું કરવું નહિ, સ્વામીના મિત્રોને તથા સગાંવહાલાંને માન આપવું, મન વાણી ને શરીરવડે વ્યભિચારથી દૂર રહેવું. પતિની આજ્ઞાને છાયાની પેઠે અનુસરવું, ધર્મ અર્થ અને કામમાં મરતાંસુધી પતિની સાથે એકતા રાખવી, અગત્યના કામમાં મિત્રપ્રમાણે પતિને પોતાનો અભિપ્રાય જણાવવો, વસ્ત્ર શરીર તથા મન પવિત્ર રાખવાં, પુત્રપુત્રીને તેમના કર્તવ્યમાં જાગ્રત્ રાખવાં, તેમને દુરાચરણી બાળકોની સંગત ન કરવા દેવી, ધુળમાં કે કાદવમાં ન રમવા દેવાં, ને રોવરાવવાં નહિ. એવીરીતે વર્તનારી સ્ત્રી આ લોક પરલોકમાં સુખી થાયછે.

૮૦. માદક પદાર્થ પીવા, દુર્જનનો સંગ કરવો, ધણીથી પૃથક્ રહેવું, બહાર ભટકતા ફરવું, કવેળાએ પારકે ઘેર સૂવું તથા રહેવું, વિવાહાદિ પ્રસંગમાં ફટાણાં ગાવાં, જેની તેની નિંદા કરવામાં રુચિ રાખવી, રડવાફૂટવામાં પ્રીતિ રાખવી, શરીરાદિને અપવિત્ર રાખવાં, ને સાસુ નણંદ જેઠાણી કે દેરાણીસાથે ક્લેશ કરવો એ સર્વ સ્ત્રીને દૂષણ આપનારાં ગણાયછે.

૮૧. જે સ્ત્રી આપત્કાળમાં પણ પોતાના પતિનો ત્યાગ કરતી નથી, તથા તેની સાથે નિષ્કપટભાવે વર્તેછે, તેમ જ પોતાનું મન વાણી ને શરીર સારી રીતે વશ રાખેછે, એટલે તેમને અયોગ્ય કર્મમાં કદીપણ પ્રવૃત્ત થવા દેતી નથી, તે આ લોક પરલોકમાં સુખ પામેછે.

૮૨. વિધવાએ શરીર વાણી ને મનથી બ્રહ્મચર્ય પાળવું, સંસારનાં સુખોથી ઉદાસીનવત્ રહી શ્રીપરમાત્માના સ્મરણચિંતનમાં તથા સત્શાસ્ત્રના વાંચનમાં મનને પ્રીતિપૂર્વક જોડ્યા કરવું, યુવાન તથા દુરાચારી પુરુષોનો તેમ જ નઠારી ચાલની સ્ત્રિઓનો સંગ ન જ સેવવો, ને શુદ્ધ બ્રહ્મચર્યનું પરિપાલન કરવામાં જે યોગયુક્તિઓની અપેક્ષા છે, તે કોઇ યોગવેત્તા સ્ત્રી વા વૃદ્ધ સદાચરણી પુરુષદ્વારા જાણી લઇ તેનો અભ્યાસ કરવો.

૮૩. ઇંદ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર, ને કુબેર એ આઠ દેવોના અંશરૂપ રાજા છે, માટે રાજાને સાધારણ માણસજેવો ગણી તેનું અપમાન ન કરવું. રાજાએ પોતાની ઇંદ્રિયો વશ રાખવાનો નિરંતર પ્રયત્ન કરવો. જે પોતાની ઇંદ્રિયોને વશ રાખી શકે નહિ, તે બીજા લોકોને વશ રાખી શકે નહિ. મૃગયા જૂગાર ગા-

યન નૃત્ય ને વાજીંત્રમાં પ્રીતિ, દિવસે ઉંઘવું, પારકી નિંદા કરવી, સ્ત્રિઓને વશ વર્તવું, સુરાપાન કરવું, નકામું ભટક્યા કરવું, ચાડી કરવી, વિચાર કર્યાવિના કામ કરવું, કપટવડે કોઇને મારવું, અદેખાઇ કરવી, અન્યનું દ્રવ્ય હરી લેવું, ગાળો દેવી, કોઇને મારવા દોડવું, દુષ્ટજનોની સંગતમાં રહેવું, અને કોઇ અણસમજુના કહ્યા પ્રમાણે ચાલવું એ રાજાઓને દૂષણ આપનારા વિષયો છે.

૮૪. નિર્દય, મદોન્મત્ત, હિંસક, અસત્યવાદી, દાંભિક, લોભી, વિષયી, વંચક, શઠ, મનમાં કાંઇ ને વાણીમાં કાંઇ એવો, ક્લેશ જેને પ્રિય છે એવો, નીચ મનુષ્યોમાં પ્રીતિ રાખનારો, સ્વેચ્છાચારી, નીતિવિનાનો, ને છળવાળો રાજા યોગ્ય ગણાતો નથી, અને સ્વધર્મનિષ્ઠ, પ્રજાપાળક, શત્રુઓને શિક્ષા કરનારો, દાનશીળ, ક્ષમાવાન્, શૂરવીર, ભોગસામગ્રીમાં નિઃસ્પૃહ, દયાળુ, ન્યાયપરાયણ, ને સત્યવાદી રાજા શ્રેષ્ઠ ગણાયછે.

૮૫. જેના પૂર્વજો રાજસેવા કરતા આવ્યા હોય, જે વિદ્વાન્ તથા બુદ્ધિમાન્ હોય, જે ઉત્તમકુળનો તથા સદાચારી હોય, જે દેશકાળને તથા રાજાપ્રજાની સ્થિતિને જાણનારો હોય, અને જે રાજાપ્રજાનું શુભ થાય એમ વર્તવામાં આગ્રહવાળો હોય તેને રાજાએ પોતાનો કારભારી નીમવો જોઇએ. બુદ્ધિમાન્‌ને સેવામાં જોડવાથી યશ, ધનનો લાભ, ને સ્વર્ગમાં નિવાસ એ ત્રણ ફળ રાજાને થાયછે, ને મૂર્ખને સેવામાં જોડવાથી અપયશ, દ્રવ્યહાનિ, ને નરકમાં ગમન એ ત્રણ ફળ રાજાને થાયછે.

૮૬. પ્રત્યેક રાજાએ નીચે લખેલાં કામોમાં સારી રીતે સાવધાનતા રાખવી જોઇએઃ—પોતાના રાજ્યની કેટલી વાર્ષિક ઉપજ છે તે

યથાર્થ જાણવું, પોતાના રાજ્યમાં વાર્ષિક ખર્ચ કેટલું છે તે જાણવું, પ્રધાનઆદિ મોટા અધિકારિઓની સારી તથા નઠારી ચાલવિષે જ્ઞાત રહેવું, સંદેહ પડતી વાતમાં ધારા બાંધવા, દ્રવ્યના વાંધાનો તથા અપરાધોનાં કામોનો ન્યાય યથાર્થ થાયછે કે નહિ તે જાણતા રહેવું, વિદ્વાનોનું સુખપૂર્વક ભરણપોષણ થાય એમ વ્યવસ્થા રાખવી, અને પોતાનું તથા પ્રજાનું શીરીતે ભલું થાય તેનો વારંવાર વિચાર કરવો

૮૭. પ્રધાન, દ્રવ્ય, દુર્ગ, પ્રજાનો પ્રેમ, દેશ, અને સૈન્ય એ સાધનો અનુકૂળ કે પ્રતિકૂળ હોય એ પ્રમાણે રાજાની ચઢતી કે પડતી થાયછે, માટે પોતાનું હિત ઇચ્છનાર રાજાએ એ છ વાનાં અનુકૂળ રાખવાં. રાજાએ સામ, દાન, ભેદ, ને દંડ એ ચાર પ્રકારની નીતિથી પોતાના વેરીઆદિને વશ કરવા.

૮૮. રાજાએ યુદ્ધકળા તથા અસ્ત્રશસ્ત્ર વાપરવાની રીત શીખવી જોઇએ, પોતાનાં પાછળનાં કામોના ગુણદોષ જોવા જોઇએ, અને ભવિષ્યનો વિચાર કરી પ્રત્યેક કામનો નિર્ણય કરવાનો સ્વભાવ પાડવો જોઇએ.

૮૯. રાજાએ પોતાના મનને શાંત રાખી સારા સાહાય્ય કરનારા સભ્યોને સાથે રાખી ન્યાયમંદિરમાં ન્યાય કરવા બેસવું, ને ધર્મશાસ્ત્ર ને રૂઢીના આધારથી બંને પક્ષભણીથી જે કહેવામાં આવે તે સાવધાનતાપૂર્વક સાંભળી તે સંબંધમાં નિષ્પક્ષપાતરીતે વિચાર કરી સભ્યોનો મત મેળવી નિર્ણય આપવો. ન્યાય કરવામાં સત્ય ને ધર્મ અવશ્ય જાળવવાં. ન્યાય ડુબાવવાથી દેશ ડુબેછે, ને ન્યાયનું રક્ષણ કર્યાથી દેશનું રક્ષણ થાયછે, એ તેણે સર્વદા સ્મરણમાં રાખવું જોઇએ.

૯૦. બહારની ચેષ્ટાઉપરથી એટલે સ્વર, મુખનો રંગ, ચાળા,

આંખ, ને શરીરની બીજી સ્થિતિપરથી માણસના મનનો આશય કેટલેક અંશે જાણી શકાયછે, માટે ન્યાય કરતી વેળા ન્યાયાધીશે સાક્ષિઓ તથા અપરાધીની એવી ચેષ્ટા પણ ધ્યાનમાં રાખવી. વાદી-પ્રતિવાદીની પાછલી તથા વર્તમાન વર્તણુક, સાક્ષિઓની પ્રતિષ્ઠા, ફરિયાદનું સ્વરૂપ, તથા દેશકાળની રીતભાતનો વ્યાવહારિકરીતે સારીપેઠે વિચાર કરી છેવટનો નિર્ણય આપવા રાજાએ ઠરાવવું.

૯૧. પ્રજા જે કાંઇ પુણ્યનાં કામો કરેછે, તેમના પુણ્યનો છઠ્ઠો ભાગ પ્રજાનું રક્ષણ કરનાર રાજાને મળેછે, અને જો રાજા પ્રજાનું રક્ષણ ન કરતો હોય તો તેને પ્રજાના પાપનો છઠ્ઠો ભાગ મળેછે, તેથી વિવેકી રાજાએ પ્રજાનું સારી રીતે રક્ષણ કરવું જોઇએ.

૯૨. લોભને વશ થઇ પાપી માણસના દ્રવ્યાદિનું, વારસવિના મૃત્યુ પામનારના દ્રવ્યાદિનું, ને ધર્માદાના દ્રવ્યાદિનું સ્વામિત્વ સમજુ રાજાએ સ્વીકારવું નહિ. જે રાજા લોભને વશ થઇ અયોગ્ય દ્રવ્ય પોતાના ભંડારમાં નાંખવા ઇચ્છેછે, તે રાજા અધમદશાને પામેછે.

૯૩. ચોર, ઠગ, વાટપાડુ, જૂગારી, ઉંટવૈદ, ચાડિયા, ઢોંગી, કપટી, ધમકી આપી દ્રવ્ય કઢાવનારા, લાંચ લેનારા, દારૂડિયા, વિષયલંપટ રાજ્યસેવકો, ને શાંતિનો ભંગ કરનારા માણસો જેઓ સજ્જનના શત્રુ હોવાથી જગતના કાંટારૂપ છે, તેમને વિવેકી રાજાએ પોતાના રાજ્યની સીમામાં ન રહેવા દેવા.

૯૪. રાજાના વર્તનપરથીજ સારો કે નરસો યુગ કહેવાયછે. જ્યારે રાજા અજ્ઞાન તથા આળસમાં લીન થઇ વિનાવિચારે પોતાનું રાજ્ય ચલાવે ત્યારે કળિયુગ જાણવો, જ્યારે તે શુભાશુભકર્મનો વિચાર કરી સાવધાનતા રાખી પોતાનું કર્તવ્ય કરવા ઇચ્છે ત્યારે દ્વા-

પરયુગ જાણવો, જ્યારે તે પોતાના કર્તવ્યપરિપાલનમાં સાવધાનતાપૂર્વક પ્રયત્ન કરવા લાગે ત્યારે ત્રેતાયુગ જાણવો, અને જ્યારે તે પોતાનું કર્તવ્ય સાવધાનતાપૂર્વક યથાશાસ્ત્ર કરતો હોય ત્યારે સત્યયુગ જાણવો.

૯૫. મનુષ્યે બાલ્યાવસ્થામાં જ ધર્મનાં મૂળતત્ત્વો જાણવા તથા આચરવા પ્રયત્ન કરવો જોઇએ, અને યુવાવસ્થામાં એ મૂળતત્ત્વોનું જ્ઞાન તથા તદનુકૂળ આચરણ પરિપક્વ કરવાં જોઇએ. જીવન પ્રારબ્ધાધીન છે, જીવભાવને વશ વર્તતા મનુષ્યના જાણવામાં નથી કે આજ કોનું મૃત્યુ થશે ? તેથી કર્તવ્યનું પરિપાલન કરી કૃતાર્થ થવામાં દીર્ઘસૂત્રી થવું ઉચિત નથી. બની શકે તો કાલ કરવાનું કામ આજે કરી નાંખો, ને બપોરપછી કરવાનું કામ સવારમાં જ કરી નાંખો, કેમકે આણે પોતાનું કર્તવ્ય પૂરું કર્યું છે કે નહિ તેની વાટ મરણ જોવાનું નથી.

૯૬. અહંકારનો ત્યાગ કરી [illegible]ડે વર્તી સર્વની પ્રીતિ મેળવવી, ક્રોધનો ત્યાગ કરી પ[illegible]થી [illegible]ળા થવું, કામને વશ રાખી અધર્મથી છૂટા થવું, [illegible] ધનવાન્ થવું, ને સત્યનો સંગ કરી અગર થવું [illegible] કર્તવ્ય છે. પરસ્ત્રીને માસમાન જાણવી, પરદ્રવ્યને [illegible] જાણવું, સર્વપ્રાણિઓને પોતાનાસમાન જાણવા, અને [illegible]કવિચારથી વર્તવું એ મનુષ્યનું હિત કરનારાં સાધનો છે.

૯૭. દ્રવ્ય વસ્તુતાએ માર્ગમાં પડેલી ધૂળજેવું અસાર છે, જોબન નદીના પૂરજેવું ઊતાવળે વહી જનારું છે, જીવન સમુદ્રના ફીણ વા પરપોટા જેવું ક્ષણભંગુર છે, અને સર્વ વિષયો મૃગજળજેવા

એટલે ભ્રાંતિથી સુખ દેનારા પ્રતીત થાયછે, એમ સમજી વિવેકી મનુષ્યે આ લોકના વિષયોમાં જ રચીપચી નહિ રહેતાં પોતાના આત્માના કલ્યાણમાટે ધર્મનું અનુષ્ઠાન કરવું જોઇએ.

૯૮. વિવેકીએ મન વાણી ને ક્રિયા એકસરખાં રાખવાં, પણ મનમાં અન્ય ચિંતવવું, વાણીથી અન્ય બોલવું, ને ક્રિયા અન્ય કરવી એમ ન કરવું. પોતાનું હિત ઇચ્છનારે દુર્જનનાં કઠોર વચનોથી હૃદય ન ભેદાય એવું હૃદયબળ મેળવવું, પરદારા જોવામાં આંધળા થવું, પરધન હરણ કરવામાં ઠુંઠાપાંગળા થવું, અને બીજાએ કઠોર વચનો સંભળાવ્યા છતાં વા તાડન કર્યા છતાં પણ સર્વદા પ્રિય બોલવું.

૯૯. નદીઓ પોતાની અંદરનું જળ પીતી નથી, વૃક્ષો પોતાનાં ફળો ખાતા નથી, ને મેઘ પોતે ઉપજાવેલા અન્નોનું ભક્ષણ કરતો નથી, એ ઉપરથી વિવેકીએ શીખામણ લઇ પોતાનાં માનેલાં દ્રવ્યાદિને પરોપકારમાં વાપરવા પ્રયત્ન સેવવો જોઇએ. વળી તેણે સજ્જનોના સમાગમમાં ઇચ્છા રાખવી, અન્યના ગુણોમાં પ્રીતિ રાખવી, ગુરુજનોપ્રતિ નમ્રતા રાખવી, વિદ્યાનું અધ્યયન કરવાનું વ્યસન રાખવું, પોતાની સ્ત્રીમાં જ સંતોષ રાખવો, લોકાપવાદનો ભય રાખવો, શંકરમાં ભક્તિ રાખવી, દાનમાં ઉત્સાહ રાખવો, સર્વની સાથે પ્રામાણિકપણે વર્તવું, ગંભીર સ્વભાવ રાખવો, પવિત્રતા રાખવી, ગર્વ ન કરવો, ને ક્રોધથી દૂર રહેવું.

૧૦૦. બ્રહ્મહત્યા કરનારનું, સુરાપાન કરનારનું, ચોરી કરનારનું, ને વ્રત તોડનારાનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહ્યું છે, પણ કૃતઘ્ન પુરુષનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહ્યું નથી, માટે મનુષ્યે કૃતઘ્ન થઇ કદીપણ કોઇએ પોતાનાપર કરેલા ઉપકારનું વિસ્મરણ કરવું નહિ, વા કરેલા ઉપકારના સામો અપકાર કરવો નહિ.

૧૦૧. સ્ત્રીનાં કટાક્ષરૂપ વિષમય બાણો જેના ચિત્તને ભેદી શકતાં નથી, ક્રોધરૂપ પ્રદીપ્ત અગ્નિનો તાપ જેના ચિત્તને બાળી શકતો નથી, અને જેને લોભરૂપ પાશો ઘણા વિષયોપ્રતિ ખેંચી શકતા નથી, તે પુરુષ બુદ્ધિના સ્વસ્થપણાનું રક્ષણ કરનાર હોવાથી ધીર કહેવાયછે. એવો ધીર પુરુષ આ વિશ્વમાં વંદન કરવાયોગ્ય ગણાયછે, માટે પ્રત્યેક મનુષ્યે ધીર થવા યથાશક્તિ પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ.

૧૦૨. કોઇનો દ્વેષ કરતી નથી, કોઇની પાસે યાચના કરતી નથી, લેશ પણ પરનિંદા કરતી નથી, ને આમંત્રણ કર્યાવિના કોઇને ત્યાં જતી નથી, તેથી પાષાણાદિની પ્રતિમા પણ લોકમાં માન પામેછે, તો માણસ જો એ પ્રમાણે વર્તે તો તે કેમ માન ન પામે ? પામે જ.

૧૦૩. ભણનારનું મૂર્ખપણું મટેછે, જપ કરનારનું પાપ નિવૃત્ત થાયછે, પ્રયોજનજેટલું ભાષણ કરનારને ક્લેશ થતો નથી, ને સાવધાન રહેનારને ભયની પ્રાપ્તિ થતી નથી, તેથી સમજુએ વિદ્યાધ્યયન, જપ, મિતભાષણ, ને સાવધાનતા એ ગુણો અવશ્ય સંપાદન કરવા જોઇએ.

૧૦૪. જેમ દીવો અંધકારનું ભક્ષણ કરેછે, તેથી તે અંધારાજેવું કાજળ ઉપજાવેછે, તેમ માણસ પાપિઓનું અન્ન ભક્ષણ કરેછે, તેથી પાપિઓના જેવા કુવિચાર તે પોતાના ચિત્તમાં ઉત્પન્ન કરેછે, માટે સમજુએ પાપિઓનું અન્ન બની શકે ત્યાંસુધી ન જ ભક્ષણ કરવું જોઇએ.

૧૦૫. અન્યને પીડા ન કરવી, પારકું ધન ચોરવું નહિ, સત્યભાષણ કરવું, ઉચિતકાલે સ્વશક્તિપ્રમાણે દાન કરવું, પરસ્ત્રીસાથે ભાષણ કરવામાં મૂંગા થવું, વિષયતૃષ્ણાના પ્રવાહને ચિત્તાદિમાંથી ક્ષીણ

કરવો, ગુરુજનોપ્રતિ વિનય રાખવો, ને સર્વપ્રાણિઓપર દયા રાખવી, આ કલ્યાણનાં સાધનો સર્વ શાસ્ત્રોને સંમત છે.

૧૦૬. **ગરબી.**

કળિયુગ આવ્યો ક્રૂર આ, ફેલ્યા વિષયવિકાર;
સત્યધર્મ શિથિળ થયો, પસર્યો અધર્મ અપાર. ૧
અસત્ય ફેલાયું બહુ, સત્ય ગયું ઢંકાઇ;
મોહમાં અંજાયા ઘણા, બુદ્ધિ ગઈ વિલાઈ. ૨
વર્ણ અને આશ્રમતણા, ડુબ્યા ધર્મ જ સાર;
બહુ આર્ય અનાર્યજેવા થયા, ત્યજી દઇને આચાર. ૩
લાડી ગાડી ને વાડીમાં, મગ્ન થયા છે ભૂપ;
ભટકે કુતર્ક રાનમાં, દશા થઇ છે વિરૂપ. ૪
પીડાય પરજા રાંકડી, ફેલી ધારાજાળ;
વેળા ઘણી છે વાંકડી, આવી ઊગારો દયાળ. ૫

ગરબી.

ગાયછે, ગાયછે, ગાયછે રે, આ ધનની કીર્તિ સૌ ગાયછે;
ખાયછે, ખાયછે, ખાયછે રે, નિર્ધન ઠુંબા બહુ ખાયછે. ટેક.
પૈસાને પરમેશ્વર માની, લોકો તે લેવા ધાયછે રે; આ ધ૦ ૧
કૂડકપટ ને કાળાંધોળાં કરી, ધન રળવા લલચાયછે રે; આ ધ૦ ૨
સર્વ ગુણો કાંચનમાં લેખી, સદ્‌ગુણ વિમુખ બહુ થાયછે રે; આ ધ૦ ૩
કર્તવ્યકર્મમાં મન નવ રાખે, ધન રળી મકલાયછે રે; આ ધ૦ ૪

૧૦૭. **ધોળ.**

ધર્મશિક્ષકો પ્રેમથી, કરે ધર્મસુધારો;
કનકાદિની તૃષ્ણા ત્યજી, કરે દૂર કુધારો. ૧

શિષ્યવર્ગને ભાવથી, સદ્ધર્મ બતાવે;
દુર્ગુણ દૂર કઢાવીને, સદ્ગુણ રોપાવે. ૨
ભૂપતિ ચાલે ન્યાયથી, પાળે પ્રીતે પ્રજાને;
મિથ્યા વ્યય કરે નહિ, રાખે દ્રવ્ય ખજાને. ૩
દુર્વ્યસનો સેવે નહિ, સમજે ધર્મ પોતાનો;
અધર્મરાત્રિ દૂર થઇ, ઊગે સૂર્ય સોનાનો. ૪

સોરઠો.

વૈશ્ય શૂદ્ર ને અન્ય, પાળે ધર્મ પોતાતણો;
સુખરૂપી પરજન્ય, તો તો વરસે અબધડી. ૧

૧૦૮. સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, ઉદારતા, સંતોષ, સરલતા, શાંતિ, દમ, તપ, સમભાવ, તિતિક્ષા, ઉપશમ, શાસ્ત્રજ્ઞાન, આત્મનિષ્ઠા, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, શરીરબળ, સ્મૃતિ, સ્વતંત્રતા, કુશળતા, કાંતિ, ધૈર્ય, નમ્રતા, પ્રતિભાશક્તિ, વિનય, સુશીલપણું, મનોબળ, કર્મેંદ્રિય તથા જ્ઞાનેંદ્રિયનું બળ, ભોગને માટે યોગ્યતા, ગંભીરપણું, સ્થિરતા, આસ્તિકતા, કીર્તિ, પૂજ્યપણું, ને નિરભિમાનપણું એ આદિ શ્રેષ્ઠ ગુણો જેમની પ્રાપ્તિમાટે અભ્યુદય તથા મોક્ષની ઇચ્છા રાખનારા પુરુષો આશા રાખેછે, તે ગુણો જેમનામાં સર્વોત્તમપણે રહ્યા છે, તથા જે લક્ષ્મીના નિવાસરૂપ છે, એવા શ્રીપરમાત્મા જીવોની અંદર તથા બહાર રહેલા અધર્મિઓને દૂર કરી તપ, પવિત્રતા, દયા, ને સત્ય એ ધર્મના ચારે પગો બળવાન્ કરો, ને બળવાન્ થયેલો ધર્મ જીવોનું કલ્યાણ કરો. તથાસ્તુ.

॥ २. अर्थविचार ॥

મંગલાચરણ.

સર્વ પ્રાણિઓનું પાલનપોષણ કરનાર, પોતાના સ્વરૂપનું અભિમુખપણું સેવનારા ભક્તજનોને મનોવાંછિત ફળઆપનાર, અને સર્વપ્રકારના ધનના પતિ કુબેરના પણ પૂજ્ય **શ્રીમહેશ્વરના** ભવભયહારક અશરણશરણ પરમપાવન ચરણારવિંદને શ્રદ્ધાભક્તિસહ પુનઃ પુનઃ પ્રણામ.

૧. અર્થ એટલે દ્રવ્ય. સોનુંરૂપુંઆદિ ધાતુઓ, સિક્કાઓ, ઘર, ક્ષેત્ર, પશુઓ, અન્ન, વસ્ત્ર, વાસણો, રથઆદિ વાહનો, અલંકારો, વૃક્ષો, ને અન્ય વ્યવહારોપયોગી વસ્તુઓ જેનું કાંઇ પણ મૂલ્ય થઇ શકે તે સર્વનો દ્રવ્યમાં સમાસ થાયછે. આ દ્રવ્ય લૌકિકદ્રવ્ય જાણવું. લોકોત્તર દ્રવ્ય પરમાત્મા છે, કે જે દ્રવ્યની પ્રાપ્તિ થયે પુરુષ અન્ય દ્રવ્યને તૃણસમાન જાણેછે.

૨. "**सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥**" (સર્વે ગુણો સોનાનો–દ્રવ્યનો–આશ્રય કરેછે) "વસુવિના નર પશુ" "જર ચાહે સો કર" "ક્યા કરે નર વંકડા જો થેલીકા મોં સંકડા" "થેલીકા મોં ખુલ્લા તો રાજ કરે ગુલ્લા" "પૈસાજૈસીચીજ રાજા રામને બનાઇ હૈ" "યહ જહાંમેં કૌડી નકસે નગીન હૈ, કૌડી ન હો તો ફીર કૌડીકે તીન તીન હૈ" "જીન દીઠે તરિયા ચળે, મુનિયર પસારે હથ્થ; કંથડા! સોઇ ચીજ લાવજે, જેનું નામ ગરથ્થ" ને "પૈસો દોઢ પરમેશ્વર છે" ઇત્યાદિ લૌકિક વચનો દ્રવ્યની મહત્તા સૂચવેછે. વ્યવહારપક્ષે દ્રવ્ય એ બાહ્ય પ્રાણ છે, કેમકે તેવિના માણસને પોતાનો વ્યવહાર ચલાવવો કઠિન થઇ પડેછે.

૩. ધનવાન્‌નું આળસ સ્થિરતામાં ગણાયછે, ચપળપણું ઉદ્યોગિપણામાં ગણાયછે, મૂંગાજેવી સ્થિતિ થોડું બોલનારાપણામાં ગણાયછે, મૂઢપણું આર્જવમાં ગણાયછે, ને પાત્રઅપાત્રના વિચારથી રહિતપણું ઉદારપણામાં ગણાયછે. એવીરીતે લક્ષ્મીની કૃપાથી ધનવાન્‌ના દોષો પણ સામાન્ય લોકોમાં ગુણોરૂપ ગણાયછે, તેથી જ વિવેકરહિત પુરુષો કહેછે કેઃ—"જાતિ રસાતળમાં જાઓ, સદ્ગુણોનો સમૂહ રસાતળથી પણ નીચે જાઓ, શીલ પર્વતના શિખરપરથી પડો, વિદ્યા નદીના પૂરમાં તણાઓ, ને શૂરવીરતાપર શીઘ્ર વજ્ર પડો. અમને તો માત્ર એક ધન જ જોઇએ છીએ, કે જે ધનવિના સમસ્તગુણો તણખલાજેવા ગણાયછે. ધનવિના માતા નિંદા કરેછે, પિતા વખાણતા નથી, ભાઇઓ પ્રીતિપૂર્વક ભાષણ કરતા નથી, દાસો કોપાયમાન થાયછે ને આજ્ઞા માનતા નથી, પુત્ર તથા સ્ત્રી પ્રેમથી ભેટતાં નથી, અને દ્રવ્ય માગશે એવી શંકાથી મિત્રો તેની સાથે વાતચીત કરવા ઇચ્છતા નથી, તેથી બુદ્ધિમાને દ્રવ્ય જ મેળવવું જોઇએ, કેમકે એ સર્વ દ્રવ્યને વશ છે."

૪. ધનહીનનો કોઇ સંગ કરતું નથી, તેની સાથે કોઇ આદરથી સંભાષણ કરતું નથી, તે ધનવાનોને ત્યાં ઉત્સવમાં ગયો હોય તો તેનાભણી ત્યાંના સર્વ મનુષ્યો તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જુએછે, ને ફાટેલાં તથા મલિન વસ્ત્રોવાળો હોવાથી લજ્જાવડે તે મોટા લોકોથી દૂર જ ચાલેછે, તેથી જણાયછે કે નિર્ધનપણું આ છઠું મહાપાતક છે, માટે પ્રવૃત્તિપરાયણ માણસે દ્રવ્ય સંપાદન કરવા યથાયોગ્ય પ્રયત્ન કરવો ઉચિત છે.

૫. સંસારમાં નિર્ધનપુરુષોની સ્થિતિ ઘણી દયામણી હોયછે,

ઘણા લોકો નિર્ધનને જોઇ હસેછે, તેને અયોગ્ય વચનો સંભળાવેછે, તેનું ડહાપણ મૂર્ખાઇમાં ગણાયછે, રખેને કંઇ માગશે એમ જાણી તેના સ્નેહિઓ પણ તેનાથી દૂર રહેછે, તેને સર્વ સંસાર દુ:ખરૂપ જણાયછે, અને ઘણી વેળા તે મૃત્યુને પોતાના પ્રાણ લઇ જવામાટે વિનતિ કરેછે. વળી બંધુજનોમાં નિર્ધનસ્થિતિમાં રહેવું એ પરમ દુ:ખરૂપ છે, તેથી આળસઆદિનો ત્યાગ કરી ધનહીન માણસે ધન મેળવવા અવસ્ય યોગ્ય ઉદ્યોગ કરવો જોઇએ.

૬. ધનવાન્‌ની બહારની સ્થિતિ નિર્ધનના કરતાં શ્રેષ્ઠ હોય એમાં આશ્ચર્ય નથી. તેઓને સારું સારું ખાવાપીવાનું મળેછે, ને ઓઢવાપહેરવાને સારાં સારાં વસ્ત્રો મળેછે, સંક્ષેપમાં સંસારમાં નાનાપ્રકારનાં સુખોનો તેઓ અનુભવ કરેછે, તેથી ધનવાન્ માણસો સંસારને સ્વર્ગ માને એમાં શું આશ્ચર્ય ? ધનવાન્‌ને લોકો માન આપેછે, અને કવિ તથા વિદ્વાનો પણ દ્રવ્યલાલસાએ ધનવાન્‌નો આશ્રય ગ્રહણ કરેછે. ધનવાન્ જો પોતાના ધનનો સદુપયોગ કરે તો તે ધન તેનું હિત કરનારું થાયછે, અને જો તેનો દુરુપયોગ કરવામાં આવે તો તે ધન તેનું અહિત કરનારું થાયછે.

૭. દરિદ્રતાથી મૃત્યુ સારું ગણાયછે. પરાક્રમી અર્જુને વિવિધ વૃક્ષો ને લતાઓઆદિથી સુશોભિત ખાંડવવન બાળ્યું, બળવાન્ હનુમાને સુવર્ણના ગઢવાળી રાવણની સુશોભિત લંકાપુરી બાળી, ને સમર્થ શંકરે લોકોને રમાડનારા શ્રેષ્ઠ રૂપવાળા કામદેવને બાળ્યો, પણ શરીર તથા મનને દાહ ઉપજાવનારા દારિદ્ર્યને કોઇએ બાળ્યું નથી, તે ઘણું જ અયુક્ત થયું છે ! એ દારિદ્ર્ય આળસુ માણસને શીઘ્ર પકડી પાડી તેની સાથે પ્રસન્નપણે રહેછે, માટે દારિદ્ર્ય નહિ ઇચ્છનારે આળસથી જેમ બને તેમ દૂર રહેવું જોઇએ.

૮. માણુસને પોતાનો વ્યવહાર ચલાવવા દ્રવ્યની ડગલે ડગલે અગત્ય પડેછે, માટે ધર્મને માર્ગે ચાલી પ્રવૃત્તિપરાયણ મનુષ્યે અવશ્ય દ્રવ્યનો સંગ્રહ કરવા પ્રયત્ન કરવો. ધર્મથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય જ પ્રાપ્ત કરનારને સુખ આપનારું થાયછે, પણ અધર્મથી મેળવેલું દ્રવ્ય સુખ આપનારું થતું નથી, માટે વિવેકીએ અધર્મથી દ્રવ્ય સંપાદન કરવાની ઇચ્છા પણ ન કરવી.

૯. ખેતી કરવાથી, વ્યાપાર તથા વ્યાજવટાવનો ધંધો કરવાથી, સેવા કરવાથી, શિલ્પઆદિ કળાથી, પશુપાલનથી, ને પરદેશનો જય કરવાથી દ્રવ્યલાભ થાયછે. મોટો વારસો મળવો, ધંધામાં અસાધારણ લાભ થવો, ને ભૂમિમાંથી દ્રવ્યનો ભંડાર મળવો એ પ્રારબ્ધાધીન છે, પુરુષાર્થને અધીન નથી.

૧૦. ખેતીનો ધંધો પ્રાચીનકાળમાં ઉચ્ચવર્ગને માટે અધમ ગણાતો હતો, વચલા સમયમાં ખેતી કાંઇક ઉત્તમ ગણાવા લાગી હતી, પણ વર્તમાનમાં તો ખેતીનું જોઇએ એવું માન નથી, કિંતુ સેવા(નોકરી)નું માન વધ્યું છે. ખેતીમાં લાભ મેળવવા ઇચ્છનાર ખેડુતે પોતાના ખેતરની ભૂમિને સારી રીતે સ્વચ્છ કરવી જોઇએ, અર્થાત્ બોરડી, ધ્રો, ડાભ, ને ખેવડાઆદિ નિરુપયોગી તૃણોને ખેતરમાંથી જડમૂળમાંથી કાઢી નાંખવાં જોઇએ, ને આળસનો ત્યાગ કરી ખેતરને ન્યૂનમાં ન્યૂન બે ત્રણ વાર ઊભુંઆડું હળી ભૂમિને બહુ પોચી કરી નાંખવી જોઇએ. ખેડતાં જે ઢેફાં રહ્યાં હોય તે પણ ભાંગી નાંખવાં જોઇએ. વર્ષોવર્ષ યથાશક્તિ ખાતર પણ નાંખ્યા કરવું જોઇએ. અનુકૂળતા હોય તો શિઆળામાં ભૂમિ ખેડીને તેમાં ગાડર, બકરાં, ને ઉંટઆદિનાં ટોળાં બેસાડવાથી પણ લાભ થાયછે. ખાતર રાખ-

વાનો ઊકરડો ભૂમિ ખોદી તેપર તાપ તથા વરસાદનું પાણી ન પડે માટે ઉપર છાપરું કરી રાખ્યો હોય તો ખાતર સારું થાયછે. ખાતર બાનું ને કહોવાયેલું હોય તે પાકમાં વિશેષ લાભ કરેછે. માણસ તથા પશુઓનાં મળમૂત્ર, હાડકાં, સૂકાં માછલાં, ચૂનો, મીઠું, તળાવની તરી, ઘરમાંનો ધૂમસ, ચામડાનો છોલ, લાકડાંનો વેર, પક્ષિઓના હગાર, રાખ, ખાળકૂવાનું પાણી, ઘરમાંથી તથા માર્ગમાંથી નીકળતો કચરો, નાના છોડો, ને પક્ષિઓની પાંખો એ સર્વે ખાતરમાં વાપરી શકાયછે. જે અન્નાદિ ખેતરમાં વાવવું હોય તેને અનુકૂળ આવે એવું ખાતર પ્રથમ ખેતરમાં નાંખી પછી તે અન્નાદિ વાવવું જોઇએ. ખાતરથી તર થયેલી ભૂમિને પાણીથી તર કરવી જોઇએ, માટે સારા ખેડુતો પોતાના ખેતરમાં ત્રણ ચાર વર્ષે ઘઉંની વાડી વા શેરડીની વાઢ કરેછે. એવીરીતે ખેડ, ખાતર, ને પાણીથી ખેતર સુધારનાર ખેડુતને તે ખેતર પુષ્કળ પાક આપેછે.

૧૧. જ્યાં મીઠા પાણીની નહેર કે પાતાળકૂવા નથી, ત્યાં મોટે ભાગે ખેતીનો આધાર વરસાદના પાણીઉપર રહેછે. ત્યાં જ્યારે વરસાદ વરસતો નથી, વા અતિ ન્યૂન વરસેછે, ત્યારે ખેડુતોઆદિની બહુ નઠારી અવસ્થા થાયછે. પ્રાણિઓને ભય આપનાર દુકાળની પીડા થોડી નડે માટે ખેડુતોએ પોતાના ખેતરમાં સારા મોટા કૂવા ખોદાવી રાખવા જોઇએ. સર્વ ખેતરોમાં કદાચ કૂવા ખોદાવી શકવાનું સામર્થ્ય વા અગત્ય ન હોય તો સારી જાતિના ખેતરમાં અવસ્ય કૂવો ખોદાવી રાખવો જોઇએ, કે જેથી દુકાળની વેળાએ વાડી કરવા થાય.

૧૨. બળદ તથા પાડાઆદિ ખેતીના કામમાં આવનારાં પશુઓને ખેડુતે સારો ને પુષ્ટિકારક આહાર સમયસર આપવો જોઇ-

એ, તથા તેમને પાણી પણ સમયસર પાવું જોઇએ. તેમને ટાઢ, તડકો, ને વરસાદ હોય ત્યારે ઊઘાડી ભૂમિમાં નહિ બાંધતાં સ્વચ્છ ને છાપરાવાળી ભૂમિમાં બાંધવાં જોઇએ. તેમનું સારી રીતે પાલન-પોષણ કરી પોતાનો સ્વાર્થ સાધવો, પણ માત્ર પોતાના સ્વાર્થભણી જ દૃષ્ટિ રાખી તેમનાપર ક્રૂરતા વાપરવી નહિ. તે માંદાં પડે કે ઘરડાં થાય ત્યારે તેમની વિશેષ સુરત રાખવી, ને યોગ્ય ઉપાય કરવા કરાવવા. ગાય, ભેંષ, ને અશ્વઆદિ જે અન્ય પશુઓ પોતાને ઘેર હોય તેમનું પણ તેણે સારી રીતે પાલનપોષણ કરવું જોઇએ.

૧૩. ખેડુતે ખેતીનાં સાધનો જેવાં કે હળ, દંતાળ, સમાર, કળીઉં, રપંટા, હુંદીઉં, બેલી, કોદાળી, દાતરડાં, ઝાડું, ને રાંઢવાંઆદિ સારી સ્થિતિમાં રાખવાં, ને તેમાં લાકડાલોઢાવાળાં સાધનો વધારે સમયસુધી ટકે માટે તેમાં લાકડું તથા લોઢું સારી જાતનાં વાપરવાં જોઇએ. વળી તેણે ખેતીનાં સાધનોમાં દેશકાળને અનુસરતો સુધારો કરવા પણ પ્રયત્નવાન્ રહેવું જોઇએ.

૧૪. ખેતી કરનારે અન્ન, ફળ, ને શાકભાજીઆદિનાં બીજો સારી જાતનાં મેળવી તે વાવવાં જોઇએ. ઊતરતી જાતનું, સળી ગયેલું, કે બગડી ગયેલું બીજ ન વાવવું જોઇએ. પરદેશી વૃક્ષો તથા શાકભાજી જે આ દેશમાં ઉપયોગી થઈ પડે એમ હોય તથા નીપજી શકે એમ હોય તે પણ ખેડુતે પોતાના ખેતરમાં અનુકૂળતા-પ્રમાણે વાવવાં જોઇએ.

૧૫. ખેતર એવાં ચોખ્ખાં રાખવાં કે વરસાદ થયાપછી નકામાં તૃણો તેમાં બહુ ઊગવા પામે નહિ. અનાજઆદિ વાવ્યાપછી જો નકામાં તૃણઆદિ ખેતરમાં ઊગેલાં પ્રતીત થાય તો સારા ખે-

ડુતો તેને નિંદી કાઢેછે, તેથી ભૂમિનો બધો કસ ઉપયોગી છોડોમાં જાયછે. ખેતરમાં વાવવાના પદાર્થોની જાતિ પણ બની શકે તો વ-ર્ષાવર્ષ બદલવી, કે જેથી ભૂમિનો કસ તુરત જતો ન રહે, તથા પાક સારો ઊતર્યા કરે.

૧૬. સારા ખેડુતો પોતાના કામનો સમય સાચવવા સાવધાન રહેછે. તેઓ લણણી, કાપણી, કે વીણણી થઈ રહ્યાપછી પહેલી તકે ખેતરને સ્વચ્છ કરેછે, તથા તેને સમયસર હળી, સમયસર તે-માંનાં ઢેફાં ભાંગી, ને સમયસર તેમાં ખાતર પૂરી, વરસાદ આવે સમયસર વાવણી કરી, સમયસર નિંદવાનું કામ કરેછે. જે ખેડુતો સમય સાચવતા નથી, તેઓ જોઇએ તેવો લાભ મેળવી શકતા નથી.

૧૭. ખેડુતોએ અવકાશનો સમય નજીવી રમતો રમવામાં કે નકામા ગામગપાટા મારવામાં નહિ કાઢતાં તેનો ઉપયોગી વિદ્યાનું અધ્યયન કરવામાં ઉપયોગ કરવો જોઈએ. ચોવીશ કલાકમાંથી નિત્ય એક કલાક વા અર્ધો કલાક જો તેઓ વિદ્યાનું અધ્યયન કરતા રહે તો તેઓ પોતાનો ધંધો સારી રીતે ચલાવી શકવાઉપરાંત પોતાનું મન પણ સુધારી શકે.

૧૮. ખેડુતોએ કરકસરથી પોતાનો વ્યવહાર ચલાવી ઋણ ન કરવા સાવધાનતા સેવવી જોઇએ. જે ખેડુતો ઋણ કરવામાં વિચાર રાખતા નથી, તેઓ તથા તેમની પ્રજા બહુ દુઃખ પામેછે. ભારે વ્યાજ આપવાની શરતે દ્રવ્યનો ઊપાડ કરવાનો કે દોઢું બમણું આપવાની શરત કરી અન્નાદિનો કઢારો કાઢવાનો સ્વભાવ રાખવાથી તેઓ બાર માસસુધી પોતાનાં બાઇડી છોકરાંસહિત શિઆળાની ક-ડકડતી ટાઢમાં, ઊનાળાના અસહ્ય તાપમાં, ને ચોમાસાની શરદીમાં

બહુ શ્રમ કરતાં છતાં પણ તેનું સુખરૂપ ફળ ભોગવી શકતા નથી.

૧૯. ખેડુતે બનતે પ્રયત્ને ચોરીવ્યભિચારાદિ દુર્ગુણોથી દૂર રહેવું જોઇએ. જેમ ઉષ્ણુના ને ટાઢ દૃષ્ટિથી દેખાતાં નથી, પણ અસર કરેછે, તેમ પાપસંસ્કાર પ્રકટ દેખાતા નથી, પણ પ્રકટમાં ફળ આપી પોતાનું અસ્તિત્વ જણાવેછે. કેટલાક ખેડુતો બીજા ખેડુતોના ખેતરોમાંથી પાકવાપર આવેલું ધાન્ય, કઠોળ, શાકભાજી, ફળ, કાલાં, કે રાખેલું ઘાસ ચોરેછે, પણ વિચારતા નથી, કે જેમ અમે બીજાના ખેતરમાંથી ચોરીએ છીએ, તેમ બીજાઓ અમારા ખેતરમાંથી ચોરશે, એટલે પરિણામ સરખું જ આવશે, ને વધારામાં માત્ર કરેલું પાપ જ રહેશે.

૨૦. જે ખેડુત પોતાનાં ઘરનાં માણસોથી ખેતીના કામકાજમાં ન પહોંચી શકતો હોય તેને એક કે વધારે સાથી રાખવા પડેછે. તે સાથી પ્રામાણિક, સદાચરણી, વ્યસનરહિત, બળવાન્, ને ખેતીના કામમાં કુશળ હોય એવા રાખવા જોઇએ.

૨૧. ખેતીના કામમાં જાણે અજાણે હિંસા થયાવિના રહેતી નથી, માટે ખેડુતે પોતાની શક્તિપ્રમાણે ઉદાર મન રાખી ઉત્પન્ન થયેલા અન્નાદિમાંથી કેટલાક અન્નાદિનું સુપાત્રે દાન કરવું જોઇએ. જેઓ કૃપણતા રાખી ઉત્પન્ન થયેલા અન્નાદિમાંથી કાંઇ પણ અન્નાદિનું સુપાત્રે દાન કરતા નથી, તેઓ પાપયુક્ત અન્નાદિનો ઉપભોગ કરવાથી અધમ દશાને પામેછે.

૨૨. અતિવૃષ્ટિ વા અનાવૃષ્ટિ નહિ થતાં સમયસર જોઇતો વરસાદ થાય, અન્નાદિને ખાઈ જનારાં ટીડો કે ઉંદરાદિનો ઉપદ્રવ ન થાય, ને ખેતીમાટે પશુઓનાં, માણસોનાં, તથા પોતાનાં શરીરાદિ

સારાં રહે તેમાટે ખેડુતોએ નિત્યપ્રતિ શુદ્ધભાવથી પરમાત્માનું ભજન કરવું જોઇએ. ઇશ્વરની પ્રસન્નતાથી જ માણસને ઇચ્છિત ફળનો લાભ થાયછે, અન્યથા થતો નથી, માટે સમજુ ખેડુતે પરમાત્માને પ્રસન્ન કરવા યથાયોગ્ય પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ.

૨૩. સર્વ પ્રકારના વ્યાપારમાં થોડા ઘણા દ્રવ્યની અગત્ય રહેછે. દ્રવ્યવિનાનો વ્યાપારી જોઇએ તેવો વ્યાપાર કરી શકતો નથી, માટે વ્યાપાર કરવાની ઇચ્છા રાખનાર દ્રવ્યહીન મનુષ્યે પ્રથમ જેમાં દ્રવ્યની અગત્ય ન પડે એવા કોઇ ઉદ્યમવડે દ્રવ્ય સંપાદન કરવું જોઇએ. ઋણ કરીને વ્યાપાર કરવાથી ઘણીવાર લાભને સ્થાને હાનિ થવાનો વધારે સંભવ રહેછે, માટે ઋણ કરીને વ્યાપાર તો ન જ છૂટકે કરવાનો છે.

૨૪. વ્યાપારીએ આરંભથી જ પ્રામાણિકપણે ચાલી લોકોમાં પોતાની શાખ સારી બેસારવી. એમ કરવાથી પરિણામે તેને બહુ લાભ થાયછે. " નામી વેપારી કમાઈ ખાય " એ કહેવત પણ એ જ અર્થ સૂચવેછે. ગજ, તોલાં, ને પ્રવાહી પદાર્થો માપવાના માપામાં ફેરફાર રાખવો નહિ. ઠગાઇ સર્વદા છાની રહેતી નથી, જ્યારે ત્યારે પણ તે પકડાયછે, ને જ્યારે પકડાયછે, ત્યારે સઘળો બદલો વાળી લેછે. પ્રામાણિકપણું તથા સત્યતા રાખવાથી તે વ્યાપારીને આરંભમાં કદાચ ઓછો લાભ થશે, પણ શાખ જામી ગયાપછી તેને ઘણો જ લાભ થવાનો એમાં સંશય નથી. બાળકના તેમ જ અજાણ્યા માણસના અજ્ઞાનનો અયોગ્ય લાભ લઈ તેની પાસેથી વધારે મૂલ્ય લેવાનુ વા વધારે મૂલ્ય લઇ ઓછો પદાર્થ આપવાનું કામ કરવું નહિ. વિશ્વાસ રાખીને લે અને પૂરતું નિરીક્ષણ કરીને લે તે

બંનેને ફેર નહિ રાખતાં સરખે મૂલ્યે સરખી જ વસ્તુ આપવાનો અભ્યાસ રાખવાથી વ્યાપારીને પરિણામે લાભ તથા કીર્તિ પ્રાપ્ત થયાવિના રહેતાં નથી.

૨૫. વ્યાપારી પોતે જે પદાર્થનો વ્યાપાર કરતો હોય તે પદાર્થની બજારમાં કેટલી છત છે, તેની લોકોમાં કેવી માગણી છે વા માગણી થવા સંભવ છે, તથા આવતે વર્ષે તેની કેટલી ઉત્પત્તિ વા આવક થવા સંભવ છે, ને વર્તમાનમાં તેનો બજારભાવ શો છે, તેનું તેણે નિત્ય નિરીક્ષણ કરતા રહેવું જોઇએ.

૨૬. વ્યાપારીએ પોતાનું હાટ સ્વચ્છ તથા પોતે જે પદાર્થનો વ્યાપાર કરતો હોય તે પદાર્થના વ્યાપારીનાં જ્યાં ઘણાં હાટ હોય વા જ્યાં તે પદાર્થનો વધારે ઊઠાવ થવાનો પ્રબળ સંભવ હોય ત્યાં રાખવું. બની શકે એમ હોય તો હાટની અંદરના મુખ્ય ને ઉપયોગી પદાર્થોના નમુના હાટના આગલા ભાગમાં જતાઆવતા લોકોની દૃષ્ટિએ પડે એમ રાખવા. લોકો પોતાને તથા પોતે લોકોને જોઇ શકે એવીરીતે તેણે પોતાના હાટમાં બેસવું. હાટ મોટું હોય તો અંદર અજવાળું તથા પવન આવી શકે એવી વ્યવસ્થા રાખવી જોઇએ.

૨૭. પોતાના હાટમાં જે વસ્તુઓ વેચાતી હોય તેમાંની બહુ લોકોપયોગી વસ્તુઓનાં નામોનું પાટીઉં અનુકૂળતા હોય તો હાટના આગળના ભાગમાં લોકોથી સહજ દેખી શકાય એવીરીતે ટીંગાડી રાખવું જોઈએ. હાટમાંથી જોઇતી વસ્તુ તુરત મળી આવે માટે બની શકે તો તે વસ્તુઓની કકાવાર નોંધ કરી હાટમાં તે કયે સ્થળે છે તેની એક ટીપ રાખવી જોઇએ.

૨૮. વ્યાપારીએ ભાગદારો કિંવા સેવકો પ્રામાણિક ને સત્ય-

ભાષણ કરનારા, નમ્રતાવાળા, ને ઉદ્યોગી રાખવા. ભાગદારો કિંવા સેવકો પ્રામાણિક ને સત્યભાષણ કરનારા હોવાથી વ્યાપારીને હાટબાગીની થોડી ચિંતા રહેછે, હાટની શાખ સારી બેસેછે, તેઓ નમ્રતાવાળા હોવાથી ઘરાકી વધેછે, ને ઉદ્યોગી હોવાથી વ્યાપાર સારી રીતે ચલાવી શકાયછે. ભાગદારો વા સેવકો વારંવાર ન બદલતાં પ્રથમથી જ યોગ્ય ગુણવાળાને રાખવા, કે જેથી પ્રયત્ન ને ચિંતા ન્યૂન રહે.

૨૯. પરચુરણ પદાર્થો વેચવા નગર વા ગામોમાં ફેરી ફરનાર ફેરીઆએ પોતાનાં ગ્રાહકોસાથે પ્રામાણિકપણાથી તથા નમ્રતાથી વર્તવું જોઇએ. વેચવાનાં તોલ તથા માપ ન્યૂન ન રાખવાં જોઇએ, અને ચોરી તથા વ્યભિચારાદિ દુર્ગુણોથી દૂર રહેવું જોઈએ. જે ભાગમાં જે વસ્તુનું વિશેષ વેચાણ થવા સંભવ જણાતો હોય તે ભાગબાજુ જવું ત્યારે તે વસ્તુઓ વધારે લઈ જવી જોઈએ. ગ્રાહકોને જોઈતી વસ્તુ ભરી તોળી આપતી વેળા પોતાની વેચવાની વસ્તુઓની સુરત રાખવી, ગાફલ ન રહેવું. ફરવાનો સમય ગ્રાહકોને અનુકૂળ આવે એવો રાખવો. જથાબંધ વસ્તુઓ વેચનારાઓસાથે પરિચય રાખવો જોઇએ, ને પોતાને જે વસ્તુઓની અગત્ય પડતી હોય તે વસ્તુઓનો ભાવ નિરંતર જાણવો જોઇએ. અયોગ્ય મનુષ્યોને ઊધાર ધીરવું નહિ. લોભને વશ થઇ એવા મનુષ્યોને ઊધાર ધીરવા કરતાં થોડો લાભ લઇ રોકડે પૈસે વેચવું તે વધારે લાભકારક છે.

૩૦. દલાલીનો ધંધો કરનાર માણસે વેપારીવર્ગમાં તથા ગૃહસ્થવર્ગમાં પોતાની શાખ ઉત્તમપ્રકારની બેસાડવા પ્રયત્ન કરવો જોઇએ. જે વસ્તુઓની પોતે દલાલી કરતો હોય તે વસ્તુઓનો વર્ત-

માનમાં બજારભાવ શો છે, તે તેણે સારીરીતે જાણવું જોઇએ, તથા ભવિષ્યમાં તેનો શો બજારભાવ થવા સંભવ છે તેવિષે પણ વિચારતા રહેવું જોઇએ. ઠરાવપ્રમાણે વેચનારપાસેથી વા લેનારપાસેથી, વા બંનેપાસેથી પ્રકટપણે યોગ્ય દલાલી લેવી, પણ બેમાંના એકેસાથે ઠગાઇ કરવી નહિ. ગ્રાહકોસાથે વિનયથી વર્તવું, અને પરદેશી ગ્રાહકો આવે તેને યોગ્ય સાહાય્ય આપવું.

૩૧. સોનારૂપાના અલંકાર બનાવનાર સોનીએ ઉંચી ધાતુમાં ઊતરતી ધાતુ ભેળી વા અંદર ઊતરતી ધાતુ છુપાવી ઉંચી ધાતુનું મૂલ્ય લેવું નહિ. નક્કી કરેલો યોગ્ય ભાવ સૌની પાસેથી લેવો, ને તે ભાવમાં બજારની રૂખ જોઇને જોઈતી વધઘટ કરવી. ગ્રાહકોને ઠગવાબાટે હોય તેકરતાં ઘણું વધારે મૂલ્ય કહેવું નહિ. વિશ્વાસ રાખનાર ગ્રાહકોને ઘેર આપવાના અલંકાર પ્રામાણિકતાથી બનાવવા, ને કહેલે સમયે તે તેમના સ્થાનપર પહોંચાડવા. લોકની રુચિનો વિચાર કરી તેણે નવી નવી જાતના અલંકારો બનાવી ગ્રાહકોના મનનું રંજન કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ.

૩૨. શાક વેચનારથી માંડીને રત્ન વેચનારપર્યંતના વ્યાપારીએ અને સર્વ પ્રકારના શિલ્પિઓએ નીચેના સદ્‌ગુણો યથાશક્તિ સંપાદન કરવા જોઇએ:—પ્રામાણિકપણું, સત્યભાષણ, હસમુખો સ્વભાવ, નમ્રતા, શરીરની હાટની ને વેચવાના પદાર્થોની સ્વચ્છતા, ઉદ્યોગી સ્વભાવ, વેચવાના પદાર્થોની વ્યવસ્થાપૂર્વક ગોઠવણ, દેશપરદેશના બજારભાવનું જ્ઞાન, સર્વ પ્રકારનાં વ્યસન તથા વ્યભિચારનો ત્યાગ, ઇશ્વરપર વિશ્વાસ ને તેમનું ચિંતન, ને ધીરજ.

૩૩. જ્ઞાન, યોગ, શાસ્ત્રાધ્યયન, ને તપ એ બ્રાહ્મણનું ઉત્તમ

ધન ગણાયછે,માટે બ્રાહ્મણે એ ધન મેળવવા તૃષ્ણા રાખવી જોઇએ. એ કલ્યાણ કરનારું ગુપ્ત ધન છે. એ ધન આવશ્યક બહારના ધનનો પણ અનાયાસે યોગ કરી આપેછે. એ જ્ઞાનાદિ ધનને ચોર ચોરી શકતા નથી, ઠગો ઠગીને લઇ જઇ શકતા નથી, ને લુટારા લુટી શકતા નથી. ક્ષત્રિયોને બાહુબળ ને યુદ્ધ કરવાની રીતનું જ્ઞાન એ ધન છે, માટે તેમણે તે ધન સંપાદન કરવા પ્રયત્ન કરવો જોઇએ. વૈશ્યોને કૃષિવિદ્યાનું, વ્યાપારનું, ને પશુપાલનનું જ્ઞાન એ ધન છે, માટે તેમણે તે સંપાદન કરવા પ્રયત્ન કરવો જોઇએ, અને શૂદ્રોને ત્રણ વર્ણોની કપટવિના સેવા કરવી એ ધન છે, માટે તેમણે તે ધન સંપાદન કરવા યત્ન કરવો જોઇએ. પરમાત્મરૂપ પરમધનની પ્રાપ્તિ કરવા થઈ શકે તેટલો પ્રયત્ન કરવો, તથા સદ્ગુણોરૂપ ધનની પ્રાપ્તિ કરવા યથાશક્તિ યત્ન કરવો એ તો ચારે વર્ણોનું મુખ્ય કર્તવ્ય છે.

૩૪. પ્રજાનું સારી રીતે રક્ષણ કરી ખેતી તથા વ્યાપારની અવસ્થા સુધારવાથી રાજાને વિશેષ અર્થની પ્રાપ્તિ થાયછે, માટે ખેડુતોને તથા વ્યાપારિઓને યોગ્ય ઉત્તેજન આપવા રાજાએ પ્રયત્નવાન્ રહેવું જોઇએ. તેણે સ્વદેશમાંથી પ્રયોજનવિનાના અનુત્પાદક ધંધાઓને ને ચોરઆદિ લોકોના સ્વાભાવિક શત્રુઓને યુક્તિપૂર્વક ન્યૂન કરવા સાવધાનતા રાખવી જોઇએ. ખેડુલોકોપર બહુ કર નાંખવાથી કે માલપર વધારે જકાત લેવાથી લાભને સ્થાને હાનિ થાયછે, એ તેણે સર્વદા સ્મરણમાં રાખવું જોઇએ. અન્યાય કરી લાંચ લીધાથી, બલાત્કારે નજરાણો લીધાથી, નિરપરાધીપર મિથ્યા અપરાધ ચઢાવી બલાત્કારે દ્રવ્ય લેવાથી, કે અયોગ્ય વર્તણુકવાળા

એટલે ચોર, લુટારા, ને જૂગારીઆદિને આશ્રય આપી તેમની પાસેથી અમુક ભાગ લેવાથી ભંડારમાં દ્રવ્યની વૃદ્ધિ થશે એમ કદાપિ પણ તેણે ધારવું નહિ. કરો બનતાસુધી પરોક્ષરૂપે જ લેવા, ને તે કેળવણી ને વિદ્વાસિજનોના ઉપયોગની વસ્તુઓપર નાંખ્યા હોય તો યોગ્ય ગણાય.

૩૫. રાજાની સમીપમાં રહેનારા પાસવાનોએ રાજાઓને વ્યભિચાર કરવાનું, દારૂ પીવાનું, નૃત્યગાયન જોવાસાંભળવામાં નિમગ્ન રહેવાનું, મૃગયામાં સમયનો ઘણો ભાગ ગાળવાનું, મનુષ્યોપર જુલમ કરવાનું, ને કુટુંબકલેશ કરવાનું કે એવું જ બીજું કાંઇ કુકૃત્ય કરતાં અટકાવવા પ્રયત્નવાન્ રહેવું જોઇએ, પણ દ્રવ્યલાલસાને વશ થઇ તેમને એવાં કામો કરવા પ્રેરણા નહિ કરવી જોઇએ.

૩૬. ઉપજ ઊપજાવનાર નાના મોટા અધિકારીએ પોતાને મળતા વેતનપર સંતોષ રાખી લોકપાસેથી અન્યાયથી દ્રવ્ય મેળવવા પ્રયત્ન કરવો નહિ. તેમણે પ્રજાપાસેથી લાંચ લઈ રાજના હકો ડુબાવવા નહિ, ને રાજાપાસેથી માનઆદિ મેળવવાની તૃષ્ણાથી પ્રજાના યોગ્ય હકો ખુંચી લેવા નહિ. રાજાપ્રજાને પ્રસન્ન રાખવાનું કામ જોકે કઠિન છે, તોપણ વિવેકી અધિકારી તે કાર્ય સુખપૂર્વક કરી શકેછે.

૩૭. ન્યાયાધીશોએ દુરાચારી માણસોના સંગથી, લાંચ લેવાથી, વ્યભિચારથી, સુરાપાનથી, ને ક્રોધથી દૂર રહી યોગ્ય ન્યાય કરવા પ્રયત્ન કરવો જોઇએ. લાંચ લઇને ચણાવેલા મહાલયકરતાં પોતાને મળતા વેતનમાંથી વધેલા દ્રવ્યથી ચણાવેલી ઝુંપડી વધારે સુખદાતા છે, એ તેણે કદીપણ ન ભૂલવું જોઇએ. અનીતિને માર્ગે મેળવેલું

વન નીતિને માર્ગે મેળવેલા ધનનો કેટલોક ભાગ તાણી જાયછે, એ કથન પણ તેમણે સ્મરણમાં રાખવું જોઇએ.

૩૮. વાદી વા પ્રતિવાદીને યોગ્ય ન્યાય અપાવવો એ ધારાશાસ્ત્રીનું કામ છે. તેણે પોતાનો ધંધો પ્રામાણિકપણે ચલાવવો જોઇએ. દ્રવ્યતૃષ્ણાને વશ થઇ તેણે પોતાના કુળને જૂઠા સાક્ષી ઊભા કરવાની, જૂઠા લેખો બનાવવાની, કિંવા પુરાવો દૃઢ કરવામાટે બીજન અનીતિના માર્ગો લેવાની સૂચના કરવી નહિ. વળી તેણે પોતાના કુળને ખોટી સલાહ આપી ક્લેશ વધારી નિરર્થક દ્રવ્ય ખર્ચાવવું નહિ.

૩૯. ચોર, ઠગ, લુટારા, જૂગારી, લોકોની શાંતિનો ભંગ કરનારા, વ્યભિચારી, ને સજ્જનોને ત્રાસ આપનારા માણસોને શોધી કાઢીને તેમને શિક્ષા કરાવવાનું, તેવા લોકોની પ્રવૃત્તિ ધ્યાનમાં રાખવાનું, ને લોકોના જાનમાલનું રક્ષણ કરવાનું નગરરક્ષકોનું કે ગ્રામરક્ષકોનું કામ છે. તેમણે રાગદ્વેષને વશ થઇ કોઇ માણસને દુ:ખ દેવું નહિ, ચોરઆદિ દુર્જનોને કોઇ પણ પ્રકારે ઉત્તેજન આપવું નહિ, તોહોમતદારોભણી ઘાતકી વર્તણુક ચલાવવી નહિ, લાંચ લઇ અપરાધો છુપાવવા નહિ, દ્રવ્ય મેળવવા કોઇપર ખોટું તોહોમત મેલવું નહિ, ને વ્યભિચાર કરવો નહિ.

૪૦. મહેતાજીઓએ પોતાના કર્તવ્યનો ત્યાગ કરી રાજકીય કામમાં વા ગામના લોકોના રાગદ્વેષવાળા કામમાં ભાગ લેવો નહિ, અધિકારિઓસાથે અને ગામના લોકોની સાથે હળીમળીને વર્તવું, ને વિદ્યાર્થિઓને તેમની બુદ્ધિનો વિકાસ થાય તથા તેમનું નીતિબળ ને કર્તવ્યબળ વધે એવું શિક્ષણ આપવું જોઇએ. અવકાશના સમ-

યમાં વિદ્યાના લાભો લોકોને સમજાવવા જોઇએ કે જેથી જે મનુષ્યો પોતાના પુત્રોને વા પુત્રીને નિશાળે ન મોકલતા હોય તો મોકલે. નિશાળના સમયમાં ખાનગી કામ કરવું, પૂરવાનાં પત્રકોમાં ખોટું લખવું, વ્યભિચાર, નિરર્થક ભ્રમણ, સર્વ પ્રકારનાં વ્યસનો, ક્રૂરતા, ને આળસ એ સર્વથી દૂર રહી પોતાને સોંપેલું કામ સાવધાનતા ને પ્રેમથી કરવું કે જેથી અનાયાસે વ્યવહારમાં આગળ વધાય. નિશાળીઆઓપર પુત્રની પેઠે પ્રેમ રાખવો, ઉપરિ અધિકારિઓસાથે વિનયથી વર્તવું, ને વિદ્યાર્થિઓને જે વિષયો ભણાવવાના હોય તે સારી રીતે જાણી રાખવા પ્રયત્નશીળ રહેવું જોઇએ.

૪૨. કવિઓએ અને ગ્રંથકારોએ જનસમૂહનું હિત કરનારાં કાવ્યો ને ગ્રંથો લખી પોતાની આજીવિકા સંપાદન કરવી જોઇએ, પણ કોઇનાં ખોટાં વખાણ લખીને વા કોઇની નિંદા કરીને પોતાની આજીવિકા ચલાવવા યત્ન કરવો એ યોગ્ય નથી. પોતાના દેશ અથવા કાળના વહેમોથી તેમણે રહિત થવું જોઇએ. તેમણે ખરાખોટાને સારી રીતે પારખવાનું મનોબળ મેળવવું જોઇએ, અને પોતાનું નામ લોકોમાં ઝટ પ્રસિદ્ધ કરી પ્રસિદ્ધિમાં આવવાની આતુરતા ન રાખવી જોઇએ. પોતાના સમયના લોકોના વખાણની સ્પૃહા નહિ રાખી ભવિષ્યની પ્રજા પોતાના લેખોને મૂલ્યવાન્ ગણે એવા લેખો લખવાનો તેમણે પ્રયત્ન કરવો જોઇએ. કાવ્ય કે ગ્રંથ લખતી વેળા જાણે પોતે સૃષ્ટિનો ભેદ સમજાવનાર અને જનસમૂહને માટે હિતકર નિયમો બાંધનાર હોય એમ જાણી તેણે વર્તવું જોઇએ. અગત્યનાં શાસ્ત્રો ને ઉપયોગી ભાષાઓ તેમણે જાણવાં જોઇએ. ગ્રંથકારે માત્ર દ્રવ્ય મેળવવા કે લોકોમાં નિરર્થક વાહ વાહ કહેવરાવવા કાંઇ નહિ લખતાં

જો તેથી લોકોને કાંઇ નવું જાણવાનું મળે એમ હોય તો જ કોઇ લેખ લખવો વા પ્રકટ કરવો ઉચિત છે.

૪૨. દૈનિક કે સાપ્તાહિક વર્તમાનપત્રના અધિપતિઓ તેમ જ માસિકપત્રના અધિપતિઓ વિદ્વાન્, સદાચરણી, નિઃસ્પૃહ, સ્વતંત્રવિચારના, રાજાપ્રજાને તેમના ધર્મ સમજાવવામાં કુશળ, નિડર, બહુશ્રુત, સત્યપ્રિય, ને જનસમૂહને કર્તવ્યને માર્ગે દોરવામાં પ્રવીણ જોઇએ. દેશમાં સદ્ધર્મ, નીતિ, આરોગ્ય, ને દ્રવ્યની વૃદ્ધિ થાય એવા વિચારોને તેમણે પોતાના પત્રોમાં પ્રસંગોપાત્ત પ્રકટ કરતા રહેવું જોઇએ, ને વર્તમાન બનાવોનું શુદ્ધભાવથી વિવેચન કરતા રહેવું જોઇએ. મુદ્રાયંત્રવાળાએ પ્રામાણિકતા રાખી પોતે લીધેલું કામ સમયસર ને સ્વચ્છ કરવું જોઇએ.

૪૩. ભાગવત, રામાયણ, કે મહાભારતઆદિની કથા કરનાર બ્રાહ્મણઆદિએ નિઃસ્પૃહ ને નીતિમાન્ રહી શૃંગારરસનો પ્રસંગ આવે તો તે સંક્ષેપમાં ને મર્યાદાનું ઉલ્લંઘન ન થાય એવીરીતે વાંચવો જોઇએ. શ્રોતાઓમાં જ્ઞાનનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, યોગનિષ્ઠા, કે કર્તવ્યપરાયણતાની વૃદ્ધિ થાય એમ તેમણે વ્યાખ્યાન કરવા પ્રયત્ન કરવો જોઇએ, તેમ જ જનસમૂહમાંથી વહેમ, અનીતિ, આળસ, ને વિષયતૃષ્ણા ઘટે એમ પ્રસંગાનુસાર ઉપદેશ કરવો જોઇએ. મુખ્ય કથાપરથી તથા તેમાં આવતી અવાંતર આખ્યાયિકાઓપરથી શ્રોતાઓને શો બોધ ગ્રહણ કરવાનો છે તે સ્પષ્ટ કરીને તેણે તેમને સમજાવવું જોઇએ.

૪૪. દેવસ્થાનોમાં પૂજાઆદિનું કામ કરનારા મનુષ્યોએ ઉત્તમ પ્રકારે સદ્ધર્મ તથા નીતિનું પાલન કરી સ્પૃહાને વશ વર્તાવવા યત્ન-

શીલ રહેવું જોઇએ. લોકોની સાથે પ્રેમથી વર્તી સૌને માન આપવું જોઇએ. દ્રવ્યાદિની તૃષ્ણાને વશ વર્તી કોઇનું અપમાન ન કરવું જોઇએ. અવકાશના સમયનો સદ્ગ્રંથોનું વાંચનમનન કરવામાં ઉપયોગ કરવો જોઇએ. દેવદર્શન કરવા આવનાર સ્ત્રિઓસાથે મર્યાદાથી વર્તવું જોઇએ, ને દેવળમાં આવનાર મનુષ્યો બેસવાબોલવાઆદિમાં મર્યાદાનો ભંગ ન કરે એમ વ્યવસ્થા રાખવા પ્રયત્ન કરવો જોઇએ. સ્ત્રિઓને તથા પુરુષોને દેવાલયમાં દર્શન કરવા જવાઆવવાના માર્ગ ભિન્ન કરી શકાય એમ હોય તો તેમ કરવું કે જેથી મનુષ્યોની ઘણી ભીડ થાય ત્યારે કે અન્ય પ્રસંગે સ્ત્રિઓની મર્યાદા સચવાય.

૪૫. ગાયન, નૃત્ય, ને નાટકઆદિ જનસમૂહના મનનું રંજન કરવાનું કામ કરનારાઓએ પોતાના કામમાં નિપુણતા મેળવવામાટે તેનો નાનપણમાંથી જ સારા શિક્ષકપાસે અભ્યાસ કરવો જોઇએ. વળી તેમણે સદાચરણમાં દૃઢ અનુરાગ રાખવો જોઇએ, ને પોતાનો ધંધો લોકોની નીચ ભાવનાને જાગ્રત્ કરે એમ નહિ થવા દેતાં તેમની ઉચ્ચ ભાવનાને જાગ્રત્ કરે એમ કરવા પ્રયત્ન કરવો જોઇએ, તેમ જ સ્વધર્મનો ભોગ આપી તેમણે દ્રવ્ય મેળવવા ઇચ્છવું નહિ.

૪૬. વૈદે દયાળુ તથા હસમુખો સ્વભાવ રાખવો જોઇએ. દીનજનોને વિનામૂલ્યે ઔષધ આપવામાં સંકોચ રાખવો નહિ. દેશમાં રોગની વૃદ્ધિ થાય તો ઠીક એવી દુર્ભાવના કરવી નહિ. રોગનું કારણ શોધવામાં તથા તેનું સ્વરૂપ સમજવામાં ને યોગ્ય ઔષધ આપવામાં તેણે બહુ સાવધાનતા સેવવી જોઇએ. વૈદકનાં પુસ્તકો વાંચવાનો, સારા વૈદોનો સમાગમ સેવવાનો, ને રોગોને પારખી પોતાના પૂર્વાનુભવને ઉપયોગમાં લેવાનો તેણે સ્વભાવ પાડવો જોઇએ.

દ્રવ્યતૃષ્ણાને વશ થઇ કોઇના રોગમાં વૃદ્ધિ કરવા યત્ન કરવો નહિ, અને રોગીનું કે રોગીના સંબંધીનું અપમાન કરવું નહિ. રોગીનું મન પ્રસન્ન રહે તથા “ મને આ રોગ અવશ્ય થોડા સમયમાં મટી જશે ” એવી આશા તેને બંધાય એમ વર્તવા તેણે પ્રયત્ન કરવો જોઇએ. શીતળા કારકુનનું કામ કરનાર માણસે સારા ચેપથી સાવધાનતા રાખી બાળકોને શીળી કાઢવી જોઇએ. દ્રવ્યલાલસાને વશ થઇ બાળકોનાં માબાપને પીડવાં નહિ, વા બીજી અનીતિ આચરવી નહિ. ચેપ સારી રીતે જાળવવો, તથા પોતાના પરગણામાં વા સમીપનાં ગામોમાં શીળીનો રોગ ફેલાયો હોય ત્યારે તેણે પોતાના કામમાં વિશેષ સાવધાનતા રાખવી.

૪૭. પોષ્ટમાસ્તરે લોકોના તથા અધિકારિઓના રાગદ્વેષવાળા કામમાં ન પડવું જોઇએ. કડવો સ્વભાવ રાખી લોકોસાથે અણગનાવ નહિ કરતાં સૌસાથે હળીમળીને વર્તવું. કાગળોપરના સ્ટાંપ ઊખેડી લેવા નહિ, તેમ જ કોઇના કાગળો ફોડીને વાંચવા અથવા વંચાવવા નહિ. રાગદ્વેષને વશ થઈ કોઇને કાગળો વહેલા મળે ને કોઇને મોડા મળે એમ વ્યવસ્થા કરવી નહિ. તેણે નિર્માણ કરેલે સમયે ઓફીસમાં હાજર રહેવું. ટપાલ સમયસર વહેંચાવવી, તથા રવાના કરવી. જાતે કરવાનું કામ જાતે જ કરવું, કદીપણ નોકરદ્વારા તે કામ ન કરાવવું. સરકારી સીલીકનો ખાનગી કામમાં ઉપયોગ કરવો નહિ. તારમાસ્તરે કોઇના તારના ખબર કોઇને આપવા નહિ, નિર્માણ કરેલી વેળાએ ઓફીસમાં હાજર રહેવું, ને લીધેલા તારોને સાવધાનતાથી યોગ્ય ક્રમપૂર્વક રવાના કરવા. સંદેશો લેવામાં ને રવાના કરવામાં સાવધાનતા રાખવી, ને આવેલા તાર હમેશાં સારા અક્ષરે લખવા.

૪૮. જાહેરબાંધકામખાતાના અધિકારિઓએ કંટ્રાક્ટરોપાસેથી વા પોતાને જોઇતી હોય એવી વસ્તુઓ વેચનારાપાસેથી લાંચ લેવી નહિ, વા કામ નહિ કરનારા મજૂરોનાં નામ હાજરીપત્રકમાં નોંધી તેમના નામના પૈસા ખાઈ જવા નહિ. મકાનો, પૂલો, તથા માર્ગઆદિ મજબૂત, યોગ્ય, ને થોડે ખર્ચે થાય એમ પ્રયત્ન રાખવો જોઇએ. તેણે વ્યાપારીને, કંટ્રાકટરને, કે મજૂરને દુઃખ નહિ દેવું જોઇએ, તથા વ્યભિચારાદિ દુર્ગુણોથી દૂર રહેવા આગ્રહ સેવવો જોઇએ.

૪૯. ભૂમિ માપવાનું કામ કરનાર અધિકારીએ લાંચ લઇને વા રાગદ્વેષને વશ થઇને ખોટી માપણી કરવી નહિ. મજૂરો અગત્યજેટલા રાખવા, ને તેમને નિરર્થક દુઃખ દેવું નહિ. ખેતરઆદિના નકશા સ્વચ્છ ને ભૂલવિનાના કરવા.

૫૦. તપાસણીનું કામ કરનાર અધિકારીએ પોતાના તાબાના માણસોસાથે દયા ને ન્યાયબુદ્ધિથી વર્તવું જોઇએ. દ્રવ્યસ્પૃહાને વશ થઇને વા સાંકડું મન રાખીને વા ઉગ્ર સ્વભાવ રાખીને હાથનીચેનાં માણસોને પીડા કરવી નહિ, પણ તેમનું ભલું થાય એવી સૂચનાઓ તેમને પ્રસંગોપાત્ત આપ્યા કરવી. તેમનો અપરાધ થયો હોય તો તેમને ધીરજથી તેમનો તે અપરાધ તથા તેથી થતાં નઠારાં ફળ સમજાવી ભવિષ્યમાં તેમ ન વર્તવા સૂચવવું, પણ ક્રોધ કરી તેમનું અપમાન કરવું નહિ.

૫૧. ખેતર ગણોતે આપનાર, તથા ઘર, વહાણ, ગાડી, કે ઘોડાઆદિ ભાડે આપનાર માણસે સામા માણસની નીતિ ને સ્થિતિનો વિચાર કરી તેની સાથે પ્રસંગ પાડવો. લોભને વશ થઈ પાછળથી પશ્ચાત્તાપ થાય એમ ન કરવું, તેમ જ તેમની સાથે કોઇ પ્રકા-

એવો દગો ન કરવો. ઠરાવ કર્યાપછી વિશેષ લાભના પ્રસંગો આવે તોપણ પોતાનો ઠરાવ ત્રોડવો નહિ. ઘર ભાડે આપનારે ઘરમાં ભાડે રહેનારાં માણસોને સ્વાર્થને વશ થઇ અયોગ્ય સમયે કાઢવાં નહિ.

૫૨. દેશમાં વા પરદેશમાં જેનું વધારે વેચાણ થતું હોય, વા વધારે વેચાણ થવાનો સંભવ હોય તેવી વસ્તુઓનાં કારખાનાં ધનાઢ્યોએ સ્વદેશમાં કાઢવાં જોઇએ. પોતાના કારખાનામાં જે યંત્રોની અગત્ય પડે તે યંત્રો સ્વદેશમાં ન બનતાં હોય ને અનુકૂળતા થઈ શકે એમ હોય તો એવાં યંત્રો જે દેશમાં થતાં હોય તે દેશમાં એ યંત્રો બનાવવાનું તથા ભાગ્યાંતુટ્યાં હોય તેમને સુધારવાનું કામ શીખવા બુદ્ધિમાન્ માણસો મોકલવાં. લોકોની પ્રીતિનો વિચાર કરી પોતાના કારખાનામાં થતી વસ્તુઓના આકાર ને રંગઆદિ બદલતા જવું, તથા લોકોના મનનું આકર્ષણ કરનારી નવી નવી વસ્તુઓ બનાવવી. વસ્તુઓનાં માપ તથા તોલ સાચાં જ છાપવાં. તેમાં કાંઇ ફેરફારજેવું હોય તો વેચતી વેળા તે સ્પષ્ટ જણાવી દેવું જોઇએ. કારખાનામાં ભાગદાર, નોકર, ને મજૂર સારી ચાલના ને પ્રામાણિક રાખવા. પોતાના કારખાનામાં નિત્ય કામે આવનારા મજૂરોને થોડો સમય વિદ્યાભ્યાસ કરાવવાની તથા જેઓ માંદા પડે તેમને ઔષધોપચાર કરવાની વ્યવસ્થા કારખાનામાં રાખી હોય તો તે બંને પક્ષને વિશેષ લાભકારક થાય.

૫૩. કોઇ વિષયનો વિશેષ શોધ કરવામાં રુચિ રાખનાર પુરુષે શરીરબળ ને બુદ્ધિબળનો ક્ષય થાય એવી પ્રવૃત્તિથી દૂર રહેવું જોઇએ, ઇંદ્રિયોને તથા અંતઃકરણને યથાશક્તિ વશ રાખવાં જોઇએ, ને પોતાના પ્રયત્નમાં વિઘ્ન આવી પડવાથી વા ધારેલી ઇચ્છા બર ન

આવવાથી નિરાશ ન થવું, પણ ઉત્તરોત્તર અધિક સાવધાનતાથી પોતાનું કામ કરવું. આળસુ તથા વિલાસી લોકોનો સંગ ન રાખવો, પણ પોતાના જેવી પ્રકૃતિવાળાનો સંગ સેવવો. પોતાના નવા શોધને યોગ્ય પ્રયોગોથી સિદ્ધ કર્યાવિના બહાર પાડવો નહિ. મોટાં કાર્યો સતત પ્રયત્ન કરવાથી જ સિદ્ધ થાયછે, માટે આતુર નહિ થતાં ધૈર્ય રાખી પોતાનું કામ કરવાનો સ્વભાવ પાડવો જોઇએ. તેણે પોતાના કાર્યથી વિપરીતકાર્યમાં જેમ બને તેમ ઓછી પ્રવૃત્તિ રાખવી, ને પોતાના કામમાં તલ્લીન રહેવાનો સ્વભાવ પાડવો.

૫૪. કંસારા, સૂતાર, લુહાર, મણિયાર, સંઘાડિયા, દરજી, સલાટ, કડિયા, કુંભાર, વાળંદ, ધોબી, મોચી, ઓડ, ચમાર, ને વણકરઆદિ લોકોપયોગી કામ કરનાર માણસોએ પોતપોતાનો ધંધો પ્રામાણિકતા ને સાવધાનતાથી કરવો જોઇએ. પોતાના ધંધામાં સુધારો થઈ શકે એમ હોય તો તે કરવા તેમણે પ્રયત્ન કરવો જોઇએ, તથા ઉપયોગપૂરતી વિદ્યા સંપાદન કરવી જોઇએ. દેશપરદેશમાં પોતાના ધંધામાં કેવા કેવા સુધારા થાયછે, તે તેમણે જાણતા રહેવું જોઇએ.

૫૫. ગાયો, ભેંસો, બળદો, બકરાં, ઘેટાં, ને ઊંટોઆદિ પશુઓ રાખનારા માણસોએ પોતપોતાનાં પશુઓને સારી રીતે જાળવવાં, ને સમયસર તેમને પૂરતું ખાવાપીવાનું આપવું. કસાઇને તથા નિર્દય માણસોને પોતાનાં પશુઓ વેચવાં નહિ, ને તેમને દુઃખ દેવું નહિ. વૃદ્ધ તથા નિરુપયોગી થયેલાં પશુઓનું પણ દયાભાવથી પાલન કરવું, પણ તેઓ ભૂખમરાથી મરી જાય એમ ન કરવું.

૫૬. મજૂરી કરનાર માણસે પોતાને સોંપેલું કામ પ્રામા-

મિતવ્યયિકતાથી સારૂં ને વેળાસર કરવું. ઊડાઉપણું નહિ રાખતાં સ્વશક્તિપ્રમાણે દ્રવ્યનો સંગ્રહ કરવો, કારણ કે કોઇ વેળા રોગાદિકને લીધે મજૂરી કરવા ન જવાય તો અન્નાદિને માટે અડચણ ન આવે. વાણીમાં મધુરતા ને વર્તનમાં નમ્રતા રાખવાં. માદક વસ્તુઓના સેવનમાં કે વ્યભિચારાદિ કુકર્મોમાં પ્રવૃત્ત થવું નહિ. દુરાચારી માણસોનો સંગ ન કરવો. લખવાવાંચવાજેટલો વિદ્યાભ્યાસ કરવો, ને પોતાનાં બાળકોને પણ વિશેષ ન બને તો ઉપયોગપૂરતી વિદ્યા તો ભણાવવી જ.

૫૭. ભિક્ષાપર નિર્વાહ ચલાવનારે શ્રીઈશ્વરનું સ્મરણચિંતન કરવામાં, સદ્વિદ્યાના અધ્યયનમાં, સુપાત્રને વિદ્યાનું દાન આપવામાં, ને જનસમૂહનું હિત કરનારા સારા લેખો લખવામાં પોતાના સમયનો ઉપયોગ કરવો જોઇએ. દુરાચરણથી અત્યંત દૂર રહી સદાચરણનું પરિપાલન કરવું જોઇએ. આળસ, નિંદા, વ્યભિચાર, ને માદક પદાર્થના સેવનમાં પોતાના સમયનો ઉપયોગ ન કરવો જોઇએ. કરગરીને લોકોને પીડા આપવી, ભલા લોકોસાથે ઠગાઇ કરવી, ભિક્ષાને બહાને લોકોના ઘરમાંથી ચોરી કરવી, ને લોકોને દયા ઉપજાવવા પોતાનાં કે અન્યનાં છોકરાંને અપંગ કરવાં ઇત્યાદિ અયોગ્ય વર્તન કોઇ પણ ભીખારીએ કરવાયોગ્ય નથી.

૫૮. જૂગાર રમીને, સુરા વેચીને, ચોરી કરીને, લૂટ કરીને, ખૂન કરીને, કે બ્રહ્મચર્યનો ભંગ કરીને દ્રવ્ય મેળવવું વા મેળવવા યત્ન કરવો એ અત્યંત હાનિકર છે. ધર્મનો ત્યાગ કરી મેળવેલું દ્રવ્ય અર્થ નથી, પણ અનર્થ જ છે. કોઇ પણ પાપમય પ્રવૃત્તિ કરીને મેળવેલું દ્રવ્ય મેળવનારને આ લોક પરલોકમાં દુ:ખના હેતુરૂપ જ થાયછે.

૫૯. દૈવ (પૂર્વના કર્મસંસ્કારો) પ્રતિકૂળ ન હોય તો અર્થસિદ્ધિ ઉદ્યોગથી થાયછે. દૈવથી મનુષ્ય અજાણ્યો છે, તેથી સ્વધર્મનું સુદૃઢ પાલન કરી મનુષ્યે ઉદ્યોગ કરવો જોઇએ. ઉદ્યોગથી પ્રાયશઃ શરીર નીરોગી રહેછે, તથા મન પ્રસન્નતામાં રહેછે. ઉદ્યોગવડે કાર્યની સિદ્ધિ થાયછે, માત્ર મનોરથથી કાર્યની સિદ્ધિ થતી નથી, માટે પ્રત્યેક મનુષ્યે યથાયોગ્ય ઉદ્યોગ કરવો યોગ્ય છે. પોતાના કર્તવ્યનું પરિપાલન કરવામાં ઉત્સાહવાળો હોય પ્રત્યેક પ્રાપ્ત કામને સાવધાનતાપૂર્વક શીઘ્ર સંપૂર્ણ કરવાના સ્વભાવવાળો હોય, દુર્વ્યસનથી રહિત હોય, વિચારપૂર્વક કામનો આરંભ કરનાર હોય, ધીરજવાળો હોય, કોઇએ પોતાનાપર ઉપકાર કર્યો હોય તેને જાણનાર હોય, દૃઢતાવાળો હોય, અને સજ્જનપુરુષોસાથે મૈત્રી રાખનારો હોય તેને ત્યાં લક્ષ્મી પોતાનીમેળે ચાલી આવેછે.

૬૦. આળસુનો, સ્ત્રીને વશ વર્તનારનો, રોગીનો, પોતાના દેશમાં રહેવાની મમતાવાળાનો, જે મળે તેમાં આજીવિકા ચલાવનારનો, બીકણનો, દુર્વ્યસનીનો, ને મોટાઇની તૃષ્ણામાં ભમનારનો લક્ષ્મી ત્યાગ કરેછે, અર્થાત્ ન હોય તો પ્રાપ્ત થતી નથી, ને હોય તો ક્રમે ક્રમે તે જતી રહેછે.

૬૧. દ્રવ્ય મેળવવા ઇચ્છનારે તે ન્યાયવડે મેળવવું, કદીપણ અન્યાયવડે મેળવવા ઇચ્છવું નહિ. મેળવેલા દ્રવ્યનો કેટલોક ભાગ પોતાના ને કુટુંબના નિર્વાહમાં, અને કેટલોક ભાગ દાનમાં વાપરવો, તથા અનુકૂળતાપ્રમાણે કેટલાક ભાગનો સંગ્રહ રાખવો. દાન પાત્રયોગે કીર્તિની સ્પૃહા રાખ્યાવિના કર્તવ્ય સમજીને કરવાનું છે. સજ્જન પુરુષો જે દ્રવ્યસંગ્રહ કરેછે તે પોતાને તથા દુઃખી મનુ-

બ્યોને પ્રસંગ પડે ઉપયોગમાં આવે તેમાટે છે. બહુ ભૂખ લાગવી, દુર્લભ વસ્તુ મેળવવાની ઇચ્છાઓ ઉપજવી, બકવાદ કરવો, આડુંઅવળું બોલવું, ને ચાલતા પ્રસંગને ન જાણવો એ પાંચ દોષો દરિદ્રી માણુસમાં આવેછે, માટે યોગ્ય ઉપાયોથી દરિદ્રને દૂર રાખવા માણુસે પ્રયત્ન કરવો જોઇએ.

૬૨. લક્ષ્મી શૂરપુરુષથી બીએછે, કોમળ મનના પુરુષપર પ્રેમ કરતી નથી, વિદ્વાનોપર દ્વેષ રાખેછે, ને ઘણા કાળસુધી એક ઠેકાણે રહેતી નથી. શૂરવીરથી વિધવા થવાનું, ઉદારથી અસત્કાર પામવાનું, ને વિદ્વાનથી સરસ્વતીરૂપ શોકયનું ભય હોવાથી લક્ષ્મી એ ત્રણેનો આશ્રય નહિ કરતાં મૂર્ખ ને કૃપણનો આશ્રય કરેછે. વ્યાધને જોઇને જેમ હરણ ભાગે તેમ પોતાને બંધન થશે એમ જાણી ગુણવાનને જોઇને લક્ષ્મી ભાગેછે. લક્ષ્મીમાં સહોદરપણાના દોષથી બીજના ચંદ્રજેવું વાંકાપણું, ઉચ્ચૈઃશ્રવાના જેવી ચંચળતા, વિષજેવી કઠોરતા તથા મોહનશક્તિ, ને મદિરાના જેવો મદ રહેલો છે. તે સહસા પ્રાપ્ત થતી નથી, ને મેળવ્યાપછી બહુ દુઃખે સાચવી શકાયછે, ને ગમે તેવી યુક્તિથી રાખી હોય તોપણ આશ્ચર્યકારકરીતે ભાગી જાયછે.

૬૩. વિવેકહીન ધનાઢ્યો અપંગની પેઠે બીજાના દોર્યા દોરાયછે, દ્રવ્યના તાપથી તપતા હોય એમ વિચિત્ર ચેષ્ટાઓ કરેછે, મદિરાના મદથી ઘેરાયેલાની પેઠે વાંકાચુંકા ચાલેછે, દુર્ગંધયુક્ત પદાર્થોની પેઠે અનુચિત શબ્દો બોલી પાસે બેઠેલાનું માથું ચઢાવેછે, દીનજનોપર ક્રૂરતા વાપરેછે, તેજસ્વી વિદ્વાન બંધુઓ કે હિતનો ઉપદેશ કરનારને ગણકારતા નથી, અભિમાનરૂપ પડળ આવવાથી પરિણામ જોઇ શકતા નથી, દુર્જનોપર ને દુર્વ્યસનોપર પ્રીતિ રાખેછે, મિથ્યા વખાણ

કરનાર ને ઠગોને અધીન રહી પોતાનું જીતર પૂરું કરેછે, અને હિતને અહિતરૂપ માનેછે, તથા અહિતને હિતરૂપ માનેછે.

૬૪. જેમ ઘણું ભોજન કરવાથી શરીર પુષ્ટ ને બળવાન્ થતું નથી, પણ ભોજનને પચાવવાથી શરીર પુષ્ટ ને બળવાન્ થાયછે, જેમ ઘણું વાંચ્યાસાંભળ્યાથી વિદ્વાન્ કે બહુશ્રુત થવાતું નથી, પણ વાંચેલું કે સાંભળેલું સ્મરણમાં રાખી તેનો ઉપયોગ કરવાથી વિદ્વાન્ કે બહુશ્રુત થવાયછે, તેમ ઘણું રળવાથી ધનાઢ્ય થવાતું નથી, પણ સાવધાનતા રાખી દ્રવ્યનો સંગ્રહ કરવાથી ધનાઢ્ય થવાયછે, માટે અયોગ્યરીતે દ્રવ્યનો વ્યય નહિ કરી નાંખતાં વિવેકપૂર્વક યથાશક્તિ દ્રવ્યનો સંગ્રહ કરવો. વિલાસી પ્રકૃતિ ન રાખવી, ઋણ ન કરવું, દ્રવ્યનો વ્યય કરતાં તે વ્યય કરવો અગત્યનો છે કે નહિ તે અવશ્ય વિચારવું, ને ઉપજકરતાં વ્યય કદીપણ વધારે ન રાખવો.

૬૫. દ્રવ્યતૃષ્ણાને વશ થઇ નિરંતર પોતાની નિંદા ન કરવી. યથાયોગ્ય પ્રયત્ન કરવો, પણ પ્રયત્નમાં ન ફાવ્યાથી ઉદાસીન ન થવું, દુરંતતૃષ્ણાનો સંતોષની પ્રાપ્તિવિના અંત નથી. લોઢાની બેડી ધારણ કરનારો યથેચ્છ હરીફરી શકતો નથી, ને તૃષ્ણારૂપી બેડી ધારણ કરનારો દેશવિદેશમાં ભ્રમણ કર્યા કરેછે. તૃષ્ણાના દાસ એ જગતના દાસજેવા છે, ને તૃષ્ણાના સ્વામી એ જગતના સ્વામીજેવા છે. અન્ય પદાર્થોથી પર્વત મહાન્ છે, પર્વતથી મહાસાગર મહાન્ છે, મહાસાગરથી આકાશ મહાન્ છે, અને આકાશથી પણ તૃષ્ણા મહાન્ છે. આશા રાક્ષસીજેવી, વિષલતાજેવી, ને જૂના દારૂજેવી છે. વૃદ્ધાવસ્થા યુવાવસ્થાને ગળેછે, રોગ આરોગ્યનો નાશ કરેછે, મૃત્યુ જીવનનો નાશ કરેછે, પણ તૃષ્ણા તો અજ્ઞાની જીવોના હૃદયમાં ઉપદ્રવ-

રહિત જ રહેછે. તૃષ્ણાનો જય સંતોષવડે થાયછે. સંતોષથી મનુષ્ય ઉત્તમસુખનો અનુભવ કરેછે. પ્રસંગવશાત્ સર્પો પવનનું ભક્ષણ કરીને રહેછે તોપણ દુર્બળ થતા નથી, હાથીઓ તૃણ ખાઇને પણ બળવાન્ થાયછે, ને અરણ્યમાં રહેનારા મુનિઓ કંદ તથા ફળ ખાઇને રહેછે, તોપણ બળવાન્ ને નીરોગી હોયછે, માટે જ સંતોષ સુખદાતા ગણાયછે.

૬૬. રાગ પંચમ.

નીતિ ને ઉદ્યોગથી દ્રવ્ય આવી મળે, અનીતિ આળસથી ન પમાય:
માટે નીતિ ઉદ્યોગ સેવો તમે સર્વદા, જેથી દારિદ્ર્યદુ:ખ વિલાય. ની૦ ૧
તાંબા રૂપા સોના ને રત્ન હીરાથકી, વૈદિકકર્મ ઉત્તમ દ્રવ્ય ગણાય;
તેથી પણ વૈદિક ઉપાસના શ્રેષ્ઠ છે, જેથી સુખદ સત્યલોક પમાય. ની૦ ૨
વિવેકાદિ સાધનો તેથી શ્રેષ્ઠ બહુ, તેથી શ્રવણમનન ઉત્તમ કે'વાય:
શ્રવણમનનથી ઉત્તમ આત્મધ્યાન છે, જેથી પરબ્રહ્માનુભવ થાય. ની૦ ૩
પરબ્રહ્મ પરમ અર્થરૂપ આ વિશ્વમાં, તેથી ભિન્ન સૌ અનરથરૂપ:
તે પરમઅર્થને અભેદભાવે મેળવી, થજો નિરતિશય સુખરૂપ. ની૦ ૪

॥ ३. कामविचार ॥

પુષ્પનાં બાણો ધારણ કરી જીવોને કુત્સિત વિષયોમાં પ્રેમપૂર્વક રમાડનાર, અંગરહિત છતાં જીવોનાં શરીરોમાં કંપ, રોમાંચ, મદ, તથા મૂર્છાદિ પ્રતીત કરાવનાર, વસંત તથા ચંદ્રની સાથે મિત્રતા રાખનાર, અને સંસારાસક્તજીવોના મિત્રરૂપ ને વિરક્તજનોના નિત્ય શત્રુરૂપ જે કામ તે કામનો જેણે વિજય કર્યો છે એવા **શ્રીમહેશ્વરને** પુન: પુન: નમસ્કાર.

૧. પરમાત્માએ જીવોની ઇંદ્રિયોને પ્રાયશઃ બહિર્મુખ રચેલી છે, તેથી તે ઇંદ્રિયો પોતપોતાના અનુકૂળ વિષયોમાં પ્રીતિવાળી હોયછે. પુરુષને સ્ત્રીના સમાગમની ને સ્ત્રીને પુરુષના સમાગમની જે ઇચ્છા થાય તે ઇચ્છા વા આત્માથી ભિન્ન કોઇ પણ માયિકવસ્તુની જે ઇચ્છા થાય તે ઇચ્છા લૌકિકકામ કહેવાયછે. પુરુષે ધર્મ અને અર્થનો વિનાશ ન કરે એવું કામસુખ ભોગવવું, પણ ધર્મને અર્થનો વિનાશ કરે એવું કામસુખ ન ભોગવવું.

૨. કામ એ શરીરવિનાનો અગ્નિ છે, કેમકે જ્વાળાઓનો પ્રકાશ કર્યાવિના એ જીવોને સંતાપ ઉપજાવેછે, ધૂમાડો કર્યાવિના તેમને આંસુ પડાવેછે, ને રાખની પ્રતીતિ કરાવ્યાવિના તેમના શરીરને પાંડુરંગનું કરી નાંખેછે. વિવેકની સાથે અત્યંત શત્રુભાવ રાખનારો કામ સ્મરણમાત્રથી જીવોના મનમાં જાગ્રત્ થનારો હોવાથી સ્મર ને જીવોના મનને તથા ઇંદ્રિયોને ડોળી નાંખનારો હોવાથી મન્મથ કહેવાયછે. એ કામનાં કહેવાતાં પુષ્પોનાં બાણો બહિર્મુખ જીવોનાં હૃદયને વિંધી નાંખેછે.

૩. દશ ઇંદ્રિયોની ને મનની પોતપોતાના અનુકૂળ વિષયમાં આસક્તિ ને તે વિષયોનો ઉપભોગ એ કામવૃત્તિને બળવાન્ કરનાર છે, ને તે તે વિષયનાં નામરૂપક્રિયાનો બાધ કરી પ્રાપ્ત થયેલા વિષયોનો સમભાવે ઉપભોગ તે વિવેકવૃત્તિનો પોષક છે. એવું કયું પાપ આ વિશ્વમાં છે કે જે કામને વશ થયેલો ન કરે? સર્વ કરે. પવિત્રતા, વિનય, ને લોકાદિનો ભય પણ કામીમાં રહી શકતાં નથી.

૪. અવિદ્યાને વશ વર્તતા દેવ, દાનવ, માણસ, પશુ, પક્ષી, ને કીટઆદિ પ્રાણિઓના અંતઃકરણમાં ગુપ્તરીતે રહેનારો ને અનુકૂળ

સંયોગો આવતાં ક્ષણમાત્રમાં જાગી ઊઠનારો કામ પોતાનું સૈન્ય ઘણું નબળું છતાં પણ સ્વસામર્થ્યથી જીવોને પોતાને વશ વર્તાવેછે.

૫. કામને વશ થયેલા વિષયી પુરુષો પ્રમદાના વિયોગમાં રાત્રિએ આમ પ્રલાપ કરેછેઃ—"ચંદ્ર ઉષ્ણતા ઉપજાવેછે, મંદગતિવાળો પવન વજ્રજેવો લાગેછે, ફૂલની માળા સોયજેવી લાગેછે, ચંદનનો લેપ અગ્નિના તણખાજેવો લાગેછે, રાત સહસ્રકલ્પજેવી લાગેછે, પ્રાણ્ પ્રારબ્ધને વશ હોવાથી નીકળી જતા નથી, પણ ઊલટા ભારે લાગેછે, અહહ! પ્રમદાના વિયોગનો સમય સંહારના સમયજેવો જણાયછે." વર્ષાઋતુમાં વળી તેમનું આ પ્રમાણે કહેવું થાયછેઃ—"તારા નેત્રજેવી કાંતિવાળાં કમળો જળમાં ડુબી ગયાં, તારા મુખના પ્રકાશનું સ્મરણ કરાવનારો ચંદ્ર વાદળામાં ઢંકાઇ ગયો, તારી ચાલનું સ્મરણ કરાવનારા હંસો માનસસરોવરભણી ઊડી ગયા, આમ તારા સરખાપણાનો માત્ર વિનોદ આપનારી વસ્તુઓ પણ નિર્દય દૈવે મારા આગળથી લઈ લીધી." કોઇ કામુકો આમ પણ બોલેછેઃ—"હું અપરાધી નથી, મારાપર પ્રસન્ન થા, કોપ કર માં, નિરપરાધી દાસોપર સેવવાયોગ્ય જનોએ કોપ ન કરવો જોઇએ." "પ્રમદાના શયનગૃહમાં સુગંધવાળાં પુષ્પોની પથારીમાં સૂઇને તથા તેની સાથે વિનોદ ઉપજાવનારી લીલા કરીને 'હે સ્નેહવાળી! હે મુગ્ધે! હે ચપળ નયનવાળી! હે ચંદ્રવદને! મારાપર પ્રસન્ન થા, પ્રસન્ન થા,' એમ બોલતો બોલતો હું મારા દિવસો ક્ષણની પેંઠે ક્યારે કાઢીશ?" "દીવા, અગ્નિ, ચાંદરણાં, સૂર્ય, ને ચંદ્ર છતાં પણ હરણના ભય પામેલા બચ્ચાના જેવી આંખોવાળી સ્ત્રીવિના આ સઘળું જગત્ મને અંધકારવાળું લાગેછે." વિરહી સ્ત્રી પણ મન્મથના શરથી ઘાયલ થઈ

તેનાપ્રતિ આ પ્રમાણે બોલેછે:–" આ જટા નથી, પણ વેણીનો અંબોડો વાળેલો છે, આ ગળાપર વિષનો દાગ નથી, પણ કસ્તૂરીનો લેપ છે, માથામાં આ ચંદ્ર નથી, પણ ફૂલ છે, ને શરીરે વિભૂતિ ચોળી નથી, પણ પ્રિયના વિયોગે શરીરનો રંગ પીળાશ પડતો થઇ ગયો છે. હે કામદેવ ! મારામાં શંકરની ભ્રાંતિ આણીને તું મને શામાટે દુ:ખ આપેછે ? "

૫. નિત્ય સ્નાન કરી શરીરને પવિત્ર રાખનારી, પવિત્ર વસ્ત્ર પહેરનારી, ગૃહાદિને સ્વચ્છ રાખનારી, મધુરતાવાળું સત્યભાષણ કરનારી, થોડું ખાનારી, જોઈતું બોલનારી, સ્વામીમાં પ્રેમ રાખનારી, ને સ્વામીની આજ્ઞાને અનુસરનારી સ્ત્રી ઉત્તમ ગણાયછે. તે પ્રયોજનવિના પોતાના ઘરથી બહાર જતી નથી, દુષ્ટ પુરુષો કે સ્ત્રીઓસાથે ભાષણ કરતી નથી, નિષ્પ્રયોજન વાતો કરવામાં પોતાનો સમય વ્યતીત કરતી નથી, ને પતિને ઈશ્વરતુલ્ય ગણેછે.

૬. ધર્મ અને અર્થ એ બે સાધનરૂપ હોવાથી ગૌણ પુરુષાર્થ છે, ને કામ તથા મોક્ષ એ બે ફળરૂપ હોવાથી મુખ્ય પુરુષાર્થ છે. પુરુષની ઇચ્છાનો વિષય પુરુષાર્થ કહેવાયછે. પ્રાણિમાત્રને દુ:ખની નિવૃત્તિ ને સુખની પ્રાપ્તિ ઇચ્છિત હોવાથી તે પુરુષાર્થ કહેવાયછે. ધર્મવિના ચિત્તશુદ્ધિ, દ્રવ્ય, તથા સ્ત્રીઆદિની પ્રાપ્તિ થાય નહિ, તથા અર્થવિના પણ ધર્મદ્વારા ચિત્તશુદ્ધિનો, ને સ્ત્રીઆદિના સુખનો યથાયોગ્ય લાભ લઈ શકાય નહિ, માટે ધર્મ તથા અર્થને મોક્ષના તથા કામના સાધનરૂપ પુરુષાર્થ ગણવામાં આવેછે. શબ્દાદિ પાંચ વિષયો તથા તેમનાં ઉપકરણોથી બહિર્મુખ ચિત્તવૃત્તિને સુખાનુભવ થાયછે, માટે તે કનિષ્ઠ વા લૌકિકકામનામનો પુરુ-

ષાર્થ કહેવાયછે, અને તે પાંચે વિષયો ને તેમનાં ઉપકરણોના ઉ-પાદાનકારણ શ્રીઈશ્વિરની પ્રાપ્તિવડે જે પરમાનંદ સ્ફુરે તે ઉત્તમ વા લોકોત્તરકામનામનો પુરુષાર્થ કહેવાયછે. સ્ત્રીશરીરમાં શબ્દાદિ પાંચે વિષયો રહ્યા છે, માટે લૌકિકકામનામના પુરુષાર્થમાં એ પ્રધાનપદ ભોગવેછે, ને તેના ઉપકરણરૂપ બીજા ભોગો ગૌણપદ ભોગવેછે.

૧૭. મનુષ્યને જેમ નિત્ય મળમૂત્રના ત્યાગની ઇચ્છા થાયછે, તેમ સુવિચારમાં ને સુકર્તવ્યમાં તત્પર નહિ રહેનારા યોગ્ય વયના ઘણા પુરુષોને નિત્યપ્રતિ સ્ત્રીના સ્મરણઆદિરૂપ કુવિચારથી વીર્ય વિકારી થઈ તેના ત્યાગની ઇચ્છા થાયછે. જેઓ એ ઇચ્છાને વશ થઈ તેનો અનુચિતરીતે ત્યાગ કર્યા કરેછે, તેમનું મનોબળ, ઇંદ્રિયબળ, ને શરીરબળ ઉત્તરોત્તર ક્ષીણ થતું જાયછે, અને તેઓમાંના જેઓ મર્યાદાનું બહુ ઉલ્લંઘન કરેછે, તેમને પ્રમેહ, ચાંદી, વિસ્ફોટક, અપસ્માર, ને નપુંસકતાઆદિ રોગોની પ્રાપ્તિ થાયછે, ને તેમાંના કેટલાક યુવાવસ્થામાં જ મરણનું શરણ ગ્રહણ કરેછે. પરદારગમન ને વેસ્યાગમનાદિ તો ધર્મની, યશની, દ્રવ્યની, પવિત્રતાની, શરીરબળની, ઇંદ્રિયોના બળની, ને મનના સાત્ત્વિકબળની હાનિ કરનાર હોવાથી પ્રકટપણે હાનિકર છે, પરંતુ સ્વદારસંગ પણ પ્રજોત્પત્તિના પ્રયોજનને લીધે છે, એ વાતનું વિસ્મરણ કરી જેઓ પશુથી પણ અધમરીતે વર્તેછે, તેમને પણ તે દુષ્ટ પ્રવૃત્તિ પ્રાયશઃ હાનિકર જ થાયછે. ગૃહસ્થાશ્રમનો સ્વીકાર માત્ર પશુવૃત્તિને સંતોષવામાટે નથી, પણ સ્ત્રીપુરુષ બંનેએ સ્વધર્મપાલન કરી ઇંદ્રિયઅંતઃકરણને વશ વર્તાવી મોક્ષ મેળવવામાટે છે, તે વાત પ્રત્યેક સ્ત્રીપુરુષે અવશ્ય સ્મરણમાં રાખવી જોઇએ.

૮. ગૃહસ્થાશ્રમ માંડવાથી સ્ત્રીની તથા પુરુષની વિષયેચ્છાવડે ભટકતી વૃત્તિ વિશુદ્ધપ્રેમયુક્ત થઇ એક શરીરમાં રોકાવાનો સંભવ છે. પતિપત્નીએ પરસ્પર કપટવિનાનો શુદ્ધ પ્રેમ સેવવો ઉચિત છે, અને ઉત્તરોત્તર કામને વશ વર્તાવી આશરે પચાશ વર્ષની વયે તેમણે કામવૃત્તિનો સંપૂર્ણ જય કરવો જોઇએ, અર્થાત્ મન, વાણી, ને શરીરવડે વિમળ બ્રહ્મચર્ય પાળવું જોઇએ. એ વયે જો મન ભક્તિ કે જ્ઞાનનાં સાધનોમાં રત થયું હોય તો તે કામને વશ થઇ અધોગતિવાળા અપાનને, રક્તને, અને વીર્યને ચલાયમાન કરતું નથી, તેથી પ્રબળ વિષયેચ્છાની ઉત્પત્તિ નહિ થતાં ક્રમાત્ તે ઇચ્છા બલહીન થઇ વિરામ પામી જાયછે.

૯. શુદ્ધ પ્રેમવાળાં સ્ત્રીપુરુષો જેમ પરસ્પર અભેદભાવે વર્તેછે, તેમ ચિત્તવૃત્તિ પરમાત્માસાથે પરમપ્રેમથી યુક્ત થઇ અભેદભાવે વર્તે તે લૌકિકકામના અનુષ્ઠાનમાંથી વિવેકીએ પ્રાપ્ત કરવાનો લોકોત્તરકામ છે, ને તે જ કામ સાચો પુરુષાર્થ છે, લૌકિકકામ સાચો પુરુષાર્થ નથી, પણ પુરુષાર્થાભાસ છે. પરમાત્માસાથે જ્યારે ચિત્તવૃત્તિ પરમપ્રેમયુક્ત થાયછે, ત્યારે તે વૃત્તિ લૌકિક કે દિવ્ય શબ્દાદિ પાંચ વિષયોના અનુરાગવાળી થતી નથી, કિંતુ તે વિષયો જીવે ઘણા કાળસુધી ભોગવ્યા તોપણ તેથી તેને વાસ્તવિક સુખ નહિ થતાં માત્ર પરિતાપ જ થયો છે એમ સમજી તે વિષયોમાંથી ઉપરામ થઇ તે પાંચે વિષયો પરમાત્મામાં અત્યંત શ્રેષ્ઠરૂપે રહ્યા છે એમ સમજી તેમાં પ્રીતિવાળી થાયછે. લૌકિકકામમાં પ્રીતિવાળા મનુષ્યે પણ પોતાની વૃત્તિને વિવેકવાળી રાખી ધીરે ધીરે લૌકિક કામમાંથી ઉપરામ થઇ લોકોત્તરકામમાં રુચિવાળા થવું જોઇએ.

૧૦. લૌકિક કે દિવ્ય વિષયો એ ચિત્તવૃત્તિઓરૂપ ગોપીઓના લૌકિકપતિઓ છે, અને અંતરાત્મારૂપ શ્રીકૃષ્ણ તે ચિત્તવૃત્તિઓરૂપ ગોપીઓના વાસ્તવિક પતિ છે, તેથી જ તે ગોપીઓ પોતપોતાના લૌકિક પતિઓનો ત્યાગ કરી પરમ પ્રેમથી અંતરાત્મારૂપ શ્રીકૃષ્ણ જે પોતાના વાસ્તવિક પતિ છે, તેમના સંગાપ્ત થાયછે, ને "**रसो वै सः**"—તે પરમાત્મા જ આનંદરૂપ છે—એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે રસરૂપ તે પતિસાથે પરમાનંદાનુભવરૂપ રાસ રમેછે. એવીરીતે અનેક સત્પુરુષોની અનેક ચિત્તવૃત્તિઓ એ રસરૂપ પરમાત્માની સાથે રમેછે. તે રાસ અધર્મરૂપ નથી, પણ પરમ ધર્મરૂપ છે, એ વિના કહે જ વિવેકીને સ્પષ્ટ સમજાય એવું છે.

૧૧. **હરિગીત છંદ.**

સ્વરૂપ સમજી આ કામનું વૃત્તિ, પ્રેમની સુધારજો;
લૌકિકકામને વશ કરી દઈ, શ્રેષ્ઠ કામ જગાડજો;
એ કામને જાગરત કરી તમે, વૃત્તિચાંચલ્ય ટાળજો;
પરમપ્રિય આત્મસ્વરૂપ તેમાં, શાંતિ મનને આપજો. ૧
સંશોધન કરી આ કામનું જો, ચિત્તના મળ ટાળશો;
તો અતિ દુઃખદ આ સંસૃતિ કૂપથી, છુટી પરમપદ પામશો:
એ પરમપદને પામીને પછી, પરમ સુખરૂપ થઈ જશો;
તેમ જ ત્રિવિધ દુઃખના સમૂહને, અત્યંત વામી નાંખશો. ૨

॥ ४. मोक्षविचार ॥

દેશ કાળ ને વસ્તુના પરિચ્છેદથી રહિત, તત્ત્વવેત્તાનો અનુભવ

જ જેના અસ્તિત્વના પ્રમાણમાટે પૂર્ણ છે એવું, કામક્રોધાદિ વિકારોનો જેમાં અત્યંત અભાવ છે એવું, યોગિઓ ને જ્ઞાનિઓની ચિત્તવૃત્તિના વિશ્રામરૂપ, ને સર્વ કલ્પિત વસ્તુના અધિષ્ઠાનરૂપ જે બ્રહ્મ તેનું વૃત્તિ અભેદભાવે ચિંતન કરેછે.

૧. આધ્યાત્મિક, આધિભૌતિક, ને આધિદૈવિક એ ત્રણ દુ:ખોની આત્યંતિક ને ઐકાંતિક નિવૃત્તિ ને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ તે **મોક્ષ** કહેવાયછે, અને એવા મોક્ષને અત્યંત ઇચ્છનારો પુરુષ **મુમુક્ષુ** કહેવાયછે.

૨. શુભકર્મો કરવામાં પ્રીતિવાળા થવું. પાપકર્મ કરવાથી ઉત્તરોત્તર અધમ દશા પ્રાપ્ત થાયછે, માટે તેનો અત્યંત ત્યાગ કરવા પ્રયત્નવાન રહેવું. કર્તાપણાનું અભિમાન તથા ભોક્તાપણાની તૃષ્ણા ત્યાગી લૈકિકવૈદિકકર્મ કરતાં, ને ઇશ્વરમાં મનને સ્થિર કરતા રહેવું. આત્મસ્વરૂપ નિત્ય ને પરમસુખરૂપ છે, ને વિષયો અનિત્ય ને પરમદુ:ખરૂપ છે, એમ સમજી આત્મસ્વરૂપમાં પ્રીતિ વધારી વિષયમાં રહેલો રાગ ધીરે ધીરે ક્ષીણ કરી મનને બ્રહ્મલોકસુધીના વિષયોમાં દૃઢ દોષદર્શન કરાવી તેમાંથી પાછું વાળી આત્મસ્વરૂપમાં જોડતા રહેવું; બાણની પેઠે પોતપોતાના વિષયોપર દોડવાના સ્વભાવવાળી ઇંદ્રિયોને તે તે વિષયોની અસારતા સમજાવી તેમને ચિત્તને અનુસરનારી કરતા રહેવું; સદ્ગુરુ ને સતશાસ્ત્રના વચનમાં વિવેકવાળી શ્રદ્ધા રાખવી; ચિત્ત જ્યારે જ્યારે શોક, ભય, કામ, ક્રોધ, કે અન્ય વિકારયુક્ત થઈ પરિતાપ ઉપજાવે ત્યારે ત્યારે એ બધા રજોગુણથી ઉપજતા ચિત્તના ધર્મો છે ને હું તો એ ચિત્તથી તથા તેના કારણ અજ્ઞાનથી પર છું એમ વારંવાર વિચારી ચિત્તનું સમાધાન કરતા રહેવું;

સુખદુઃખ, માનઅપમાન, ને ભૂખતરષાદિ દ્વંદ્વોને જીવનનો નાશ ન થાય એવીરીતે સહન કરવાનું મનોબળ મેળવવું; બ્રહ્મલોકસુધીના વિષયોમાં ચિત્તને સ્વાભાવિક અરુચિવાળું કરવું; ને પૂર્વોક્ત મોક્ષ મેળવવા ચિત્તમાં અત્યંતવેગ ઉપજાવવો.

૩. ચિત્તને ઉપર કહેલાં સાધનોવાળું કરી પછી સતશાસ્ત્ર જાણનારા, કરુણાવડે આશ્રિત જનોને યુક્તિપ્રયુક્તિથી તત્ત્વોપદેશ કરનારા, તીક્ષ્ણબુદ્ધિવાળા, ને બ્રહ્મના સાક્ષાત્કારવાળા સદ્ગુરુનું અનન્ય શરણ ગ્રહણ કરી તેમની પાસેથી તેઓની સેવા કરતાં જે સમય મળે ને તેઓને જ્યારે અવકાશ હોય ત્યારે સતશાસ્ત્રનું વા સતશાસ્ત્રના સારભૂત તેમનાં વચનોનું સાવધાનતાપૂર્વક શ્રવણ કરવું, શ્રવણ કરેલા વિષયનું એકાંતે સ્વસ્થચિત્તે યુક્તિપૂર્વક મનન કરી શ્રવણ કરેલા વિષયને સંશય ન રહે એમ પાકો કરવો, અર્થાત્ આત્માથી અભિન્ન બ્રહ્મ જ સત્ય છે, ને અન્ય સર્વ કલ્પિત છે, એમ સુદૃઢ કરી પરોક્ષજ્ઞાનવાન્ થવું, અને પછી તે બ્રહ્મસ્વરૂપનું તેનો સાક્ષાત્કાર થાય ત્યાંસુધી અન્ય વૃત્તિઓને રોકીને આદરપૂર્વક નિરંતર ધ્યાન કર્યા કરવું. એમ કરવાથી બ્રહ્મનો સાક્ષાત્કાર થયે પુરુષ જીવન્મુક્ત થઇ કૃતાર્થ થાયછે.

૪. દીર્ઘકાળ પ્રીતિપૂર્વક સેવેલા વિષયોમાં સુદૃઢ વૈરાગ્ય થયાવિના બ્રહ્મતત્ત્વ સાધકનું પોતાનું વાસ્તવિક સ્વરૂપ છતાં પણ તેની પ્રાપ્તિ દુર્લભ છે, માટે વિવેકીએ તે વૈરાગ્યને અત્યંત દૃઢ કરવા મનને વિષયોનું અત્યંત અસારપણું તથા અપકારકપણું સમજાય એવા વિચારો નિરંતર કર્યા કરવા, તેમ જ શરીરમાં રહેલી અહંતા પણ ક્રમપૂર્વક શિથિળ કર્યા કરવી. શરીર ક્ષણભંગુર છે. તેનો જન્મ

થયાપછી તે ક્ષણુક્ષણુપ્રતિ કાળની સમીપ જતું જાયછે, અને તે ક્યારે પ્રાણુરહિત થઈ વિનાશ પામશે તે જીવને અજ્ઞાત છે. નાનાપ્રકારના રોગો શરીરને બલહીન કરી નાંખેછે, સ્વભાવથી અપવિત્ર શરીરને કેટલોક સમય તે વિશેષ અપવિત્ર રાખેછે, ને ચિત્તઆદિને વ્યાકુળ કરી નાંખેછે. વૃદ્ધાવસ્થામાં પણુ અશક્તિ તથા પરાધીનતાઆદિથી દુઃખાનુભવ થાયછે. મરણુસમય તો વિષયાનુરાગી જીવોને અત્યંત ભય આપનારો જણુાય એમાં આશ્ચર્ય નથી. મરણુકાળે શરીરનો પ્રકાશ ઊડી જાયછે, હાથપગ શિથિળ થઈ જાયછે, શ્વાસોચ્છ્વાસ અત્યંત વેગથી ચાલવા લાગેછે, શરીરમાં લોહીનું ફરવું બંધ થવા માંડેછે, આંખ બહારના પદાર્થોને જોવા અસમર્થ થાયછે, ને કાન શબ્દાદિનું શ્રવણુ કરી શકતા નથી. એવીરીતે સર્વ બાહ્યજ્ઞાનનો લોપ થઈ જીવ શરીરનો ત્યાગ કરેછે. પછી એ અમંગળ કાયા વિશેષ અમંગળ જણુાયછે. શરીરની આ અવસ્થાનો વિચાર નહિ કરવાથી જ મનુષ્ય તુચ્છ વિષયોમાં લુબ્ધ થાયછે.

૫. સર્વ માયિક પદાર્થો ક્ષણે ક્ષણે પરિણુામ પામી અદૃશ્ય થવાના સ્વભાવવાળા છે. મહાન્ નગરો ઊજડ થઈજાયછે. સ્થળને સ્થાને જળ ને જળનેસ્થાને સ્થળ થઇ જાયછે, ધનાઢ્ય કંગાળ થઇ જાયછે ને કંગાળ પ્રારબ્ધવશાત્ ધનાઢ્ય થઈ જાયછે, રૂપવાન્ ને યુવાવસ્થાવાળાં શરીર કુરૂપ ને વૃદ્ધાવસ્થાવાળાં થઇ જાયછે, જે ઘરમાં ઘણાં માણસો હોય ત્યાં એકાદ માણુસ જણુાયછે વા જણાતુ નથી ને જ્યાં એક માણુસ હોય ત્યાં ઘણાં માણુસો જોવામાં આવેછે, અને નીરોગી શરીર કોઇ સમયે રોગવાન્ ને કોઇ સમયે મરણનું શરણુ ગ્રહણુ કરતું દેખાયછે.

૬. મોટા મોટા રાજાઓ, શૂરવીરો, ને ધનાઢ્યો મરણને વશ થયા. ક્ષણે ક્ષણે અસંખ્ય પ્રાણિઓ કાળરૂપ અગ્નિમાં આહુતિરૂપ થાયછે. મારું શરીર, મારી સ્ત્રી, મારો પુત્ર, મારું ઘર, મારું ખેતર, મારું દ્રવ્ય, મારાં વસ્ત્રો, ને મારાં વાહનો એમ અજ્ઞાની જીવો અનિત્ય પદાર્થોમાં મમતા બાંધેછે, પણ પોતાને કાળરૂપ ભયંકર સાપે ગ્રહણ કરેલ છે એ વાત ભૂલી જાયછે. દેવ, દાનવ, માણસ, પશુ, પંખી, જળચર, કીટ, ને પતંગાદિ સર્વ પ્રાણિઓને દયાવિનાનો બળવાન્ કાળ પોતાના ભયંકર લાંબા હાથથી સમય પ્રાપ્ત થયે શીઘ્ર પકડેછે. સર્પે પકડેલું દેડકું જેમ મૂર્ખાઇથી માખીનું ભક્ષણ કરવા ઇચ્છે છે, તેમ કાળના મુખમાં પડેલા જીવો મૂર્ખાઇથી વિષયોનો ઉપભોગ કરવા ઇચ્છેછે.

૭. મન વાણી ને શરીરથી કોઇ પણ પ્રાણીને પીડા ન કરવી, યથાર્થ ભાષણ કરવું, ચોરી ન કરવી, મન વાણી ને શરીરથી બ્રહ્મચર્ય પાળવું, અન્યના અપકારને પરિતાપ પામ્યાવિના સહન કરવો, પ્રતિકૂળ પ્રસંગની પ્રાપ્તિ થયે પણ ઇંદ્રિયો ને શરીરને વ્યાકુળ નથવા દેવાં, સર્વ પ્રાણિઓપર કરુણા રાખવી, મનવાણીને કુટિલતારહિત રાખવાં, પરિમિત આહાર લેવો, શરીરને પવિત્ર રાખવું, વર્ણાશ્રમના ધર્મનું શ્રદ્ધાપૂર્વક પરિપાલન કરવું, વિહિત ઉદ્યોગવડે પ્રાપ્ત થયેલાં અન્નવસ્ત્રાદિમાં તૃપ્તિ રાખવી, આચાર્યના ને સતશાસ્ત્રના વચનમાં વિશ્વાસ રાખવો, સ્વસામર્થ્યાનુસાર સુપાત્રને અન્નવસ્ત્રાદિ આપવાં, સર્વ પ્રાણિઓને વિહિત ઉપાયવડે સંતોષ આપવો, સતશાસ્ત્રનું શ્રવણમનન કરવું, અભિમાનનો ત્યાગ કરવો, દંભ ન કરવો, શ્રીસદ્ગુરુની શ્રદ્ધાભક્તિથી સેવા કરવી, સ્વકર્તવ્યમાં અંતઃકરણને આરૂઢ રાખવું, વિષ-

યોમાં વૈરાગ્ય રાખવું, ચાડી ન કરવી. ઇંદ્રિયોને નિરર્થક વેગવાળી ન રાખવી, ને અકાર્યમાં લોક તથા ઇશ્વરનું ભય રાખવું, એ ગુણો પ્રત્યેક મુમુક્ષુએ સંપાદન કરવાયોગ્ય છે.

૮. હૃદયમાં વૈરાગ્યનો આવિર્ભાવ થવાથી આવા કે આને મળતા ઉદ્ગારો તે પુરુષ કાઢવા લાગેછેઃ—"કામક્રીડાનો ઉન્માદ જતો રહ્યો, યૌવનરૂપી તાવ ઊતરી ગયો, મોહ ને વિષયતૃષ્ણા નાશ પામ્યાં, હવે મારું મન સર્વ સૂક્ષ્મવાસનાના ત્યાગરૂપ સંન્યસ્ત લેવાની ઇચ્છા કરેછે." "સુંદર સ્ત્રીઓની સાથે વિલાસ કરવામાં ઘણા દહાડા કાઢ્યા, સંસારરૂપી લાંબો માર્ગ જેમાં વારંવાર મરવુંઅવતરવું પડેછે તેમાં ફરી ફરીને થાકી ગયો, હવે તો કોઇ પવિત્ર સ્થળમાં સ્થિતિ કરી મારું ચિત્ત પરબ્રહ્મમાં જોડવા ઇચ્છુંછું." "મૃગનેણીના સંગની સંસારમાં ભમાવનારી ઇચ્છા નાશ પામી, ચિત્તમાં નિત્યાનિત્યના વિવેકનો ઉદય થયો, ને બંધન કરનારા નાશવાન્ વિષયોના ભોગોની કે સ્વર્ગાદિની મને તૃષ્ણા નથી, હવે તો ભવબંધનનો અત્યંત ઉચ્છેદ કરનાર પરબ્રહ્મનું ધ્યાન કરવા મારું મન ઇચ્છેછે." "હિમાલયપર્વતના કોઇ ભાગમાં, ગંગાનદીના પવિત્ર તટપરની કોઇ શિલાપર, પદ્માસન કરીને બ્રહ્મધ્યાનમાં જોડાઇ ગયેલો હું તેના એવા સારા દિવસ ક્યારે આવશે કે જ્યારે મારા શરીરને સૂકું લાકડું કે પાષાણ સમજીને વૃદ્ધ હરણો ભય ત્યજીને મારા શરીરપર પોતાનાં શિંગડાં ઘસી પોતાની ખરજ મટાડશે." "કાશીપુરીમાં પવિત્ર ગંગાનદીના તીરપર રહી માત્ર લજ્જાનિવારણાર્થે કૌપીન ધારણ કરી, સર્વ તૃષ્ણાઓનો અત્યંત ત્યાગ કરી, બે હાથ જોડી, મસ્તક નમાવી, હે ગૌરીનાથ! હે ત્રિપુરહર! હે શંભો! હે ત્રિનયન! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ,

એમ પોકારતો પોકારતો હું મારા દિવસો ક્ષણની પેઠે કયારે કાઢીશ?" "હે મન ! ભયંકર ભવસાગર તરી જવામાટે પરમસુખરૂપ પરમાત્માના ચરણારવિંદનું ધ્યાન કર; સ્ત્રી, પુત્ર, ને બંધુઆદિ સર્વે મૃગજળરૂપ છે." "જે દિવસો ગયા તે સદાને માટે ગયા, કારણ કે પ્રયત્ન કરવાથી તે ફરીને મળી શકનાર નથી, ને જનારા દિવસો પણ અમાપ છે, કારણ કે કાળનો અવધિ કયાંથી હોય ? એટલામાટે આજથી માંડીને મારા ચિત્તને વિષયથી નિવૃત્ત કરીને હું તેને પરબ્રહ્મમાં જોડીશ." "હે માતર્ ! હે લક્ષ્મિ ! તમે કોઇ બીજાની ઇચ્છા કરો, મારી ઇચ્છા ન કરો, હવે અમે ભોગની તૃષ્ણા રાખતા નથી, ને તૃષ્ણાવિનાના લોકોને તમારું શું કામ છે? કેમકે હવે અમે પવિત્ર ખાખરાના તથા આંબાના પાનડાના પડિયામાં સાથવાવડે અમારું જીવન નભાવવા ઇચ્છીએ છીએ."

૯. જેમ સરોવરના કાદવમાં ડુબેલા વૃદ્ધ વનગજો સીદાયછે, તેમ સ્ત્રી, પુત્ર, ને દ્રવ્યાદિમાં આસક્તિ રાખનાર પ્રાણિઓ સીદાયછે. સ્નેહ(આસક્તિ)રહિત પુરુષ નિર્વાણ પામેછે, ને સ્નેહ એ અનર્થનું કારણ છે, આ વાત સ્નેહ(તેલ વા ઘી)રહિત દીવાએ પ્રકટ કરેલી છે. પ્રાણિઓ જેટલા જેટલા પ્રિયવિષયોનો મનથી સંબંધ કરેછે, તેટલા તેટલા શોકના શંકુઓ તેઓ પોતાના હૃદયમાં નાંખેછે.

૧૦. સજ્જનપુરુષો કાનને આનંદ ઉપજાવનારાં વચનો કહે તેથી વિવેકીએ પ્રસન્ન થઈ જવું યોગ્ય નથી, અને દુર્જન પુરુષો કાનને કડવાં જણાય એવાં વચનો કહે તેથી ખેદાનુભવ કરવો ઉચિત નથી, કેમકે જેની જેવી પ્રકૃતિ હોય તેવું તે આચરે તેમાં નકામું

ચિંતન શું કરવું ? ચિંતન તો ભવભ્રમનો છેદ કરનાર પરબ્રહ્મનું જ કરવું ઉચિત છે.

૧૧. ધૈર્ય જેમના પિતારૂપ છે, ક્ષમા જેમની માતારૂપ છે, શાંતિ જેમની ચિરકાળ સાથે રહેનારી સ્ત્રીરૂપ છે, સત્ય જેમના પુત્ર-રૂપ છે. દયા જેમની બહેનરૂપ છે, મનને વશ રાખવું એ જેમના ભાઇરૂપ છે, ભૂમિતળ વા જે કાળે જે સામાન્ય શય્યા પ્રાપ્ત થાય તે જેમની શય્યારૂપ છે, દિશાઓ વા જે કાળે જે સામાન્ય વસ્ત્ર પ્રાપ્ત થાય તે જેમના વસ્ત્રરૂપ છે, ને જ્ઞાનામૃત જેમના અલૌકિક ભોજનરૂપ તથા પ્રારબ્ધાનુસાર જે વિહિત અન્ન પ્રાપ્ત થાય તે જેમના લૌકિક ભોજનરૂપ છે, એવા યોગીને હે ભાઈ ! કહો શું ભય હોય ? કાંઇ જ ભય ન હોય.

૧૨. સ્ત્રી, પુત્ર, ધન, ને સ્વર્ગાદિ લોકની ઇચ્છાનો અત્યંત ત્યાગ કરી તત્વજ્ઞાન મેળવવામાં આગ્રહી રહેવું. કામને ઘણો સમય સેવે તોપણ તે પુરુષને કૃતાર્થ કરતો નથી. દ્રવ્ય પ્રાણના રક્ષણનું કારણ નથી, કારણ કે કરોડપતિ પણ મરણ પામતો જોવામાં આવેછે. દ્રવ્ય તૃપ્તિનું પણ કારણ નથી, કારણ કે ધનાઢ્યને પણ વિશેષ ધન મેળવવાની તૃષ્ણા રહેછે. સ્વર્ગાદિનાં સુખો પણ પુણ્ય પૂરાં થઇ રહે અદૃશ્ય થઇ જાયછે. તેથી વિવેકીને સ્પષ્ટ જણાયછે કે એ સર્વે સુખો દુઃખમિશ્રિત છે. જિજ્ઞાસુએ દુરંતતૃષ્ણારૂપી વાઘણને, મહાભયંકર ચોરરૂપ કામદેવને, ને અંધકારરૂપ અવિવેકને દૂર કરી મોક્ષના માર્ગમાં આગ્રહી થઇ ચાલવું. જેમ માણસો આગ્રહથી નૌકાઆદિવડે સમુદ્ર તરેછે, વનના હાથિઓને બાંધેછે, વિદ્યાઓનો પાર પામેછે, ને દોરડીપર ભ્રમણ કરેછે, તેમ નિર્મળ

અંતઃકરણવાળા, યોગાભ્યાસમાં પ્રીતિવાળા, ને ઇંદ્રિયોને વશ રાખનારા આગ્રહી પુરુષો પ્રાણવાયુને શનૈઃ શનૈઃ વશ કરી દુર્લક્ષ્ય એવા પરમપદને અનુભવેછે.

૧૩. સર્વ પ્રકારની વિષયવાસનાથી રહિત થયેલો, પોતાના સ્વરૂપના આનંદથી જેનું અંતઃકરણ ભરપૂર છે એવો, ને શ્રીઇશ્વર પ્રસન્ન થઇ વર માગવાનું કહે તો તેમની પાસેથી પણ કાંઇ વિષયસુખનાં સાધનોને ન ઇચ્છતો હોય તે લબ્ધસિદ્ધિ કહેવાયછે. તે આમ વિચારેછેઃ—" જેણે એક વર્ષ જોયું, ને એકવાર કામસુખ ભોગવ્યું તેણે સઘળું જોયું તથા ભોગવી લીધું, કારણ કે તૃષ્ણાને અધીન થઇ વારંવાર જોવાથી કે વિષયો ભોગવવાથી જીવને કદીપણ શાંતિ થતી નથી. " શ્રીઇશ્વર પ્રસન્ન થઇ તેમને ઇચ્છિત વર માગવા કહે તો તેઓ તેમને આ પ્રમાણે વિનયસહિત ઉત્તર આપેછેઃ—" હું સમુદ્રપર્યંત પૃથિવીને, દશ સહસ્ર કલ્પપર્યંતના આયુષ્યને, સ્વર્ગને, દેવાંગનાને, કે ઇંદ્રની પદવિને ઇચ્છતો નથી, આપના ચરણારવિંદમાં અનન્યભાવે અનુરાગ પામેલા નિષ્કામને માગવાપણું ક્યાંથી હોય ? માટે હે સર્વ જગતના પ્રભો ! આપ જો દાતા હો તો જે માગતો હોય તેની ઇચ્છા પરિપૂર્ણ કરો. "

૧૪. મળ, વિક્ષેપ, ને આવરણ આ ત્રણ અંતઃકરણના દોષો છે. પાપકર્મના સંસ્કારો મલદોષ કહેવાયછે, એના સદ્ભાવથી જીવના અંતઃકરણમાં કુવિચાર ઉપજેછે, તથા તે કુકર્મમાં પ્રવૃત્ત થાયછે; ચિત્તની ચંચળતા એ વિક્ષેપદોષ કહેવાયછે, એના અસ્તિત્વથી જીવનું ચિત્ત એક યોગ્ય વિષયમાં સ્થિર નહિ રહેતાં ભિન્ન ભિન્ન વિષયોમાં ભમ્યા કરેછે; અને જીવની ચિત્તવૃત્તિને

સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર નહિ થવા દેનાર દોષ આવરણ કહેવાયછે; તેના હોવાથી જીવને પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન થતું નથી. સ્વ-સ્વરૂપના ભાનવિનાનો તે જીવ પોતાના આત્મસ્વરૂપમાં હુંપણાની બુદ્ધિ નહિ કરતાં જડ એવા જે દેહાદિ પદાર્થ તેમાં હુંપણાની બુદ્ધિ કરેછે, ને દેહાદિના સંબંધવાળા અનુકૂળ પ્રાણિપદાર્થમાં મમતા બાંધી શુભાશુભ-કર્મમાં પ્રવૃત્ત થાયછે. તેવડે શુભાશુભ સંસ્કાર, સંસ્કારવડે શુભાશુભ પ્રવૃત્તિ, ને તેવડે શુભાશુભ સંસ્કાર એમ સંસારચક્રમાં તે જીવ ભમ્યા કરેછે, ને પરમશાંતિનો અનુભવ કરી સુખી થતો નથી. બ્ર-હ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાસારુ તીવ્રમોક્ષેચ્છાવાળા જીવે શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનું અનન્યશરણ ગ્રહણ કરી તેમની પાસે વેદાંતશા-સ્ત્રનું શ્રવણ કરવું જોઇએ. વિવેકાદિ સાધન પ્રાપ્ત કર્યાવિના જીવથી યથાયોગ્ય શ્રવણ થઇ શકે નહિ, માટે તેણે શ્રવણાદિમાં યોગ્યતા મેળવવા વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ, ને મુમુક્ષુતા જેમનું નિ-રૂપણ આ પરિચ્છેદના બીજા અંકમાં થઈ ગયું છે તે સંપાદન કરવાં જોઇએ. ચંચળ ચિત્તમાં વિવેકાદિ સાધનો આવિર્ભાવ પામી શકે નહિ, માટે વિવેકાદિના લાભમાટે તેણે ચિત્તને સ્થિર કરવા યથાશક્તિ ધ્યા-નાભ્યાસ કરવો જોઇએ, અને અશુદ્ધ ચિત્તવાળાથી ધ્યાનાભ્યાસ થઇ શકે નહિ, માટે ધ્યાનાભ્યાસ કરવા ઇચ્છનારે ચિત્તને પાપસંસ્કારોથી રહિત એટલે શુદ્ધ કરવું જોઇએ. ચિત્તની શુદ્ધિ નિષ્કામકર્મ કરવાથી થાયછે. " હું કર્તા છું " એવા અભિમાનનો તથા " મારા કર્મનું મને અમુક ફળ મળે તો ઠીક " એવી ફળેચ્છાનો ત્યાગ કરી લૌકિક તથા વૈદિક શુભકર્મ પોતાનું કર્તવ્ય સમજીને કરવાં તે નિષ્કામકર્મ કહેવાયછે. સ્વાર્થવૃત્તિની પ્રબળતા જ મનુષ્યને અયોગ્ય કર્મમાં પ્રેરી

ચિત્તમાં કુસંસ્કારો પડાવેછે, માટે પોતાનું શ્રેય ઇચ્છનાર મનુષ્યે એ સ્વાર્થવૃત્તિનો ઉચ્છેદ કરવા ઘણામાં ઘણો પ્રયત્ન કર્તવ્ય છે. પોતાના વર્ણાશ્રમથી પ્રાપ્ત તથા લૌકિકવ્યવહારથી પ્રાપ્ત કર્તવ્યમાં બનતે પ્રયત્ને અભિમાન સહ્જ સાવધાનતાપૂર્વક પ્રવૃત્તિ કરવી, ને તે તે કર્મ કરતા પૂર્વે, વા કરતી વેળા, અથવા અંતમાં, ચિત્તવિષે ફળેચ્છાનો ઉદય થવા દેવો નહિ, પણ મારું કર્તવ્ય છે, તે જ માત્ર હું કરુંછું, વા મેં કર્યું છે, એમ ચિત્તને સમજાવતા રહેવું. એમ વર્તવાથી ધીરે ધીરે આવી પ્રવૃત્તિવડે પડતા શુભસંસ્કારોની વૃદ્ધિ થઇ તે પોષણ પામતા રહેછે, ને સ્વાર્થયુક્ત અનુચિત પ્રવૃત્તિથી પડેલા કુસંસ્કારો ઉત્તરોત્તર બળહીન થવા લાગેછે, તેથી ચિત્ત શુદ્ધ થાયછે. ચિત્તની શુદ્ધિ થવાથી કુવિચારનું ઉપજવું ને કુકર્મ થવાં બંધ થાયછે, ને ચિત્તની યોગ્યતા વધવાથી તે પરમેશ્વરની ભક્તિમાં પ્રીતિવાળું થાયછે.

૧૫. માયાશક્તિ જેનો ઉપાધિ છે એવું ચેતન ઇશ્વર, પરમેશ્વર, કે પરમાત્મા કહેવાયછે. એ પરમાત્મામાં મહેશ્વર, શિવ, વિષ્ણુ, કૃષ્ણ, રામ, ગણપતિ, શક્તિ, જગદંબા, સૂર્ય, સિદ્ધ, આદિબુદ્ધ, જીહોવા, ગોડ, ને અલ્લાહ ઇત્યાદિ ભિન્ન ભિન્ન નામોનો આરોપ થાયછે. જેનું ચિત્ત નિષ્કામકર્મ કરવાથી શુદ્ધ થયું હોયછે તે પ્રથમ પોતાને પ્રિય જણાતા નામ-રૂપવાળા પરમેશ્વરનું પૂજન કરવામાં તથા પોતાના ગુરુએ ઉપદેશ કરેલા પરમાત્માના નામના સ્મરણમાં પ્રવૃત્ત થાયછે. એમ કરતાં કરતાં તેમના બહારના નેત્રદ્વારા નીકળેલી વૃત્તિદ્વારા થતા વા હૃદયમાં ચિત્તવૃત્તિદ્વારા થતા ધ્યાનમાં પ્રવૃત્ત થાયછે. ધ્યાનનો અભ્યાસ કરવાથી જેમ જેમ તે અભ્યાસની પરિપક્વતા થતી જાયછે, તેમ તેમ ચિત્ત પોતાનો ચંચળ સ્વભાવ સહ્જ સ્થિર થતું જાયછે. આમ વિક્ષેપ દૂર થવાથી તે

મનુષ્યને આંતરસુખના લેશનો અનુભવ થવા લાગેછે, ને વિષયસુખનું તુચ્છપણું તેને સમજાવા લાગેછે. એવીરીતે વિષયવૈરાગ્યસહિત આદરપૂર્વક ધ્યાનાભ્યાસ ચાલવાથી કેટલેક કાળે તેને સર્વ શુભગુણવાળા, સર્વ વસ્તુનું સ્વરૂપ સમજનારા, ને સર્વ શક્તિઓવાળા સગુણબ્રહ્મનો સાક્ષાત્કાર થાયછે, ને તેની વાસના સત્યલોકનાં સુખો ભોગવવાની હોય તો તે શરીરનો ત્યાગ થયે સત્યલોકમાં અટલે સગુણબ્રહ્મના લોકમાં જાયછે. તે સત્યલોકનો એવો મહિમા છે કે ઉપાસકે સગુણબ્રહ્મના જેવા સ્વરૂપનું નિરંતર શ્રદ્ધાપૂર્વક ધ્યાન કર્યું હોય તેવા સ્વરૂપની ત્યાં તેને પ્રતીતિ થાયછે, ને પોતાનું સ્વરૂપ પણ પોતાના ઉપાસ્યજેવું પ્રતીત થાયછે, તથા પોતાના ઇષ્ટદેવના લોકનું સ્વરૂપ જેવું ચિંતવી રાખ્યું હોય તેવું તેને આ સત્યલોક જણાયછે. એ લોકમાં ગયેલા ઉપાસકો જેઓ પાછા સંસારમાં આવતા નથી તેઓ ક્રમમોક્ષ પામેલા કહેવાયછે. ક્રમમોક્ષ ઉપાસનાના ન્યૂનાધિકપણાથી ચાર પ્રકારનો છે, સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, ને સાયુજ્ય. પોતાના ઇષ્ટદેવના લોકમાં સ્થિતિ થાય તે **સાલોક્યમોક્ષ**, પોતાના ઇષ્ટદેવની સમીપમાં તેમની સેવામાટે સ્થિતિ થાય તે **સામીપ્યમોક્ષ**, પોતાના ઇષ્ટદેવને બહુ મળતા રૂપની પ્રાપ્તિ થાય તે **સારૂપ્યમોક્ષ**, ને લગભગ પોતાના ઇષ્ટદેવના જેવું ઐશ્વર્ય પ્રાપ્ત થાય તે સાયુજ્યમોક્ષ કહેવાયછે. જ્યારે તે લોકના અધિષ્ઠાતાનું આયુષ્ પૂરું થયે તેમને વિદેહકૈવલ્ય એટલે શરીરની અત્યંત નિવૃત્તિપૂર્વક બ્રહ્મરૂપે સ્થિતિ થાયછે, ત્યારે આ ચાર પ્રકારના ક્રમમોક્ષવાળાને પણ વિદેહકૈવલ્ય થાયછે. ઉપાસનાના ન્યૂનાધિકપણાથી તેઓ જ્યાંસુધી સત્યલોકમાં રહે ત્યાંસુધી તેમના ઐશ્વર્યમાં જ માત્ર ભેદ હોયછે, પણ પરિણામે જ્ઞાનોત્પત્તિદ્વારા

વિદેહકૈવલ્ય તો સર્વને સાથે ને એકસરખું જ થાયછે. એવીરીતે ઉપાસના કરવાથી ઉપાસ્યનો સાક્ષાત્કાર, ઉપાસ્યના અભિમાનનો પ્રાદુર્ભાવ, શરીરત્યાગપછી ઉપાસ્યના લોકની પ્રાપ્તિ, ને ત્યાં બ્રહ્મતત્ત્વના અપરોક્ષઅનુભવરૂપ જ્ઞાન થઇ તે લોકના વિનાશકાળે ઉપાસકને વિદેહકૈવલ્યનો લાભ થાયછે.

૧૬. ચિત્તની મૂઢતા ને ચંચળતા દૂર કરી તેને ધ્યાન કરવાયોગ્ય વિષયમાં એકાગ્ર વા નિરુદ્ધ કરવું તે યોગ કહેવાયછે. યોગના મુખ્ય બે પ્રકાર છે, હઠયોગ ને રાજયોગ. શરીરમાંથી મુખનાસિકાદ્વારા બહાર નીકળતો ઊર્ધ્વગતિવાળો વાયુ પ્રાણ કહેવાયછે, ને મુખનાસિકાદ્વારા પ્રવેશ કરી શરીરમાં અધોગતિ કરનારો વાયુ અપાન કહેવાયછે. તે પ્રાણઅપાનને પ્રાણાયામવડે યોગ્ય સ્થળે એકત્ર કરી તેમની ગતિ રોકી તેદ્વારા ચિત્તને સ્થિર કરવું તે હઠયોગ કહેવાયછે, અને મનને કોઇ ધ્યાન કરવાયોગ્ય વિષયમાં એકાગ્ર કરવા યત્ન કરવો, વા ગુરુએ ઉપદેશ કરેલા મંત્રનો જપ ને તે મંત્રથી પ્રતિપાદ્ય દેવનું મનવડે ચિંતન કરવું, અથવા શરીરમાંથી ઊઠતા નાદમાં મનનો વિલય કરવો એ રાજયોગ કહેવાયછે. હઠયોગ અને રાજયોગ બંને પોતાની ફલસિદ્ધિમાટે યમ, નિયમ, ને આસનની અપેક્ષા રાખેછે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, ને અપરિગ્રહ એ પાંચ યમ એટલે હિંસાદિ નિષિદ્ધકર્મમાંથી રોકનાર કહેવાયછે. મન, વાણી, ને શરીરવડે કોઇ પણ પ્રાણીને કોઇ પણ કાળે પીડા ન કરવી તે અહિંસા કહેવાયછે; સત્યવક્તાદ્વારા સાંભળ્યું હોય કે પ્રત્યક્ષ વા અનુમાનદ્વારા જેવું જાણ્યું હોય તેવું હિતકર બોલવું તે સત્ય કહેવાયછે; અન્યના સ્વામિપણાવાળી કોઇ પણ વસ્તુ

તેના સ્વામીની અનુમતિવિના ન લેવી તે **અસ્તેય** કહેવાયછે; મન,વાણી, ને શરીરથી સર્વ સ્ત્રીઆદિની સાથેના વા પરદારાદિની સાથેના મૈથુનનો પરિત્યાગ સેવવો તે **બ્રહ્મચર્ય** કહેવાયછે, અને વિષયભોગનાં ઉપકરણોમાં તથા ધર્મનાં ઉપકરણોમાં મમતા ન રાખવી તે **અપરિગ્રહ** કહેવાયછે. જીવોને સકામકર્મોમાંથી રોકી નિષ્કામકર્મમાં પ્રવૃત્તિ કરાવનાર શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ને ઇશ્વરપ્રણિધાન એ **નિયમ** કહેવાયછે. જળ તથા મૃત્તિકાવડે સ્થૂળશરીરને પવિત્ર રાખવું તથા રાગદ્વેષના ત્યાગવડે મનને પવિત્ર રાખવું તે **શૌચ** કહેવાયછે. શાસ્ત્રવિહિત ઉદ્યોગ કરતાં જે અન્નવસ્ત્રાદિ પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી તે **સંતોષ** કહેવાયછે, જીવનનો નાશ ન થાય એમ કોઇ શુભકર્મને ઉદ્દેશે ભૂખ, તરષ, ટાઢ, તડકો, માન, ને અપમાન સહન કરવાં તે **તપ** કહેવાયછે; ગુરુએ ઉપદેશ કરેલા મંત્રનો શ્રદ્ધાપૂર્વક શાંત ચિત્તે જપ કરવો, વા વેદાંત, યોગ, કે ભક્તિશાસ્ત્રનું સમજપૂર્વક વાંચન કરવું તે **સ્વાધ્યાય** કહેવાયછે; અને કર્તાપણાના અભિમાનનો તથા કરેલા કર્મના ફળની તૃષ્ણાનો ત્યાગ કરી શુભકર્મ કરવાં તે ઇશ્વરપ્રણિધાન કહેવાયછે. શરીર કંપે નહિ તથા મન વ્યાકુળ ન થાય એમ બેસવું તે **આસન** કહેવાયછે. સિદ્ધાસન, પદ્માસન, ને સ્વસ્તિકાસન એ પ્રાણાયામના અભ્યાસમાં વા ધારણાના અભ્યાસમાં ઉપયોગી આસન ગણાયછે. ડાબા પગની પાની ગુદા ને વૃષણના મધ્યનો ભાગ જે સીવની કહેવાયછે તેમાં રાખી જમણા પગની પાની ઉપસ્થના મૂળપર રાખી તે બંને પાનીપર જમણા હાથનો પંજો ચત્તો રાખી તેપર ડાબા હાથનો પંજો ચત્તો રાખી, વા બંને હાથની મુંઠીઓ વાળી તે ગોઠણપર રાખી, અથવા પ્રત્યેક હાથની તર્જની ને અંગૂઠો મેળવી બીજી ત્રણ આંગળીઓ છૂટી રાખી બંને હાથ ગોઠણપર રાખી શરીરને

સીધું રાખી બેસવું તે **સિદ્ધાસન** કહેવાયછે; ડાબા સાથળપર જમણો પગ ને જમણા સાથળપર ડાબો પગ રાખી સિદ્ધાસનમાં કહેલી રીતે હાથ રાખી શરીરને સીધું રાખી બેસવું તે **પદ્માસન** કહેવાયછે; ને બંને સાથળો તથા પિંડીઓની વચ્ચે બંને પગના ફણા રાખી સિદ્ધાસનમાં કહેલી રીતે હાથો તથા શરીરની સ્થિતિ રાખી બેસવું તે **સ્વસ્તિકાસન** કહેવાયછે. આસન સિદ્ધ થવાથી ચિત્તમાંનો રજોગુણ ન્યૂન થાયછે, ને પ્રાણઅપાનનો વેગ પણ મંદ પડેછે. પ્રાણનો જય કરવા ઇચ્છનારે પ્રથમ શરીરમાંની પ્રાણવહાનાડીઓની શુદ્ધિ કરનાર અનુલોમવિલોમપ્રાણાયામ કરવા જોઇએ. મનને ચિંતારહિત કરી ઉપર કહેલાં ત્રણ આસનોમાંથી કોઇ એક આસને બેસી શ્રીસદ્ગુરુને પ્રણામ કરી પછી જમણા હાથની અનામિકા ને ટચલી આંગળીવડે નાકનું ડાબું છિદ્ર દબાવી નાકના જમણા છિદ્રદ્વારા થોડો વાયુ બહાર કાઢી પછી તે છિદ્ર જમણા હાથના અંગૂઠાથી દબાવી નાકના ડાબા છિદ્રદ્વારા બહારના શુદ્ધવાયુને ગુદા તથા ઉપસ્થનો સંકોચ રાખી પ્રસન્નમને યથાશક્તિ વા સોળ ગણતાસુધી હૃદયભણી અંદર ખેંચવો. પછી નાસિકાનું ડાબું છિદ્ર જમણા હાથની અનામિકા તથા ટચલી આંગળીવડે બંધ કરી ડોકને બની શકે તેટલા બળપૂર્વક નીચી વાળી યથાશક્તિ વા ચોસઠ ગણતાસુધી પૂરેલા વાયુને હૃદયમાં રોકવો, પશ્ચાત્ ડોકને પૂર્વે હતી તેટલી ઉંચી કરી નાભિને બરડાની કરોડભણી સારી રીતે ખેંચી નાસિકાના જમણા છિદ્રપરથી જમણા હાથનો અંગૂઠો ઊપાડી લઈ રોકેલા વાયુને ધીરે ધીરે યથાશક્તિ વા બત્રીશ ગણતાસુધી તે છિદ્રદ્વારા બહાર કાઢવો, પાછો તે જ છિદ્રથી પૂર્વે કહ્યાપ્રમાણે બહારના વાયુને અંદર ખેંચવો, પછી પૂર્વની પેઠે તેને રોકવો, અને પશ્ચાત્ નાકના જમણા છિદ્રપરથી અનામિકા તથા ટચલી **આંગળી** ઊપાડી

લઇ રોકેલા પવનને ધીરે ધીરે પૂર્વની પેઠે બહાર કાઢવો. આ એક અનુલોમવિલોમપ્રાણાયામ થયો. પ્રથમ આવા પ્રાણાયામ સવારે, બપોરે, ને સાંજે વા સવારે ને સાંજે પાંચપાંચ વા દશદશ કરવા. પછી નિત્યપ્રતિ પ્રત્યેક સમયમાં પાંચપાંચ વા દશદશનો વધારો કરી ત્રણે કાળે એંશી એંશી કરવા, અથવા સવારે એંશી, બપોરે સાઠ, ને સાંજે ચાળીશ કરવા. બપોરે અભ્યાસ કરવાની અનુકૂળતા ન હોય તો સવારસાંજ અભ્યાસ કરવો. આહારને નિયમમાં રાખી શ્રદ્ધાસાવધાનતાપૂર્વક ત્રણ ચાર માસ આ પ્રાણાયામ કરવામાં આવે તો તેથી શરીરમાંની પ્રાણવહા· નાડીઓની શુદ્ધિ થાયછે, મનમાં રહેલા કુસંસ્કારોનું બળ ન્યૂન થવા લાગેછે, ઇંદ્રિયોની ઉન્મત્ત પ્રવૃત્તિ ઘટવા માંડેછે, જઠરાગ્નિ પ્રબળ થાયછે, સામાન્ય રોગો સહસા પરાભવ કરી શકતા નથી, મુખ પ્રસન્ન રહેવા લાગેછે, ને શરીરમાં થતા નાદનું શ્રવણ થવા લાગેછે. આ પ્રાણાયામનો અભ્યાસ કરવાથી નાડીશુદ્ધિ થયે ભસ્ત્રિકા વા સ્વાભાવિકપ્રાણાયામ કરવા. સિદ્ધાસનાદિ કોઇએક આસને બેસી, મનને શ્રદ્ધા તથા ઉત્સાહવાળું કરી, શ્રીસદ્‌ગુરુની સંમુખ સ્થિતિ ધારી, તેમને ભક્તિપૂર્વક બે હાથ જોડી મસ્તકવડે નમન કરી, પછી નાસિકાનું ડાબું છિદ્ર જમણા હાથની અનામિકા તથા ટચલી આંગળી· વડે દબાવી, નાભિનું બરડાભણી સામાન્ય ખેંચાણ રાખી, નાકના જમણા છિદ્રદ્વારા સામાન્યવેગથી ઉપરાઉપરિ પચ્ચીશ રેચક તથા પચ્ચીશ પૂરક કરવા. વાયુને નાકના છિદ્રદ્વારા બહાર કાઢવો તે રેચક, બહારના વાયુને અંદર ખેંચવો તે પૂરક, ને પૂરેલા વાયુને રોકવો તે કુંભક કહેવાયછે. છેલ્લો પૂરક થયાપછી અનુલોમવિલોમપ્રાણાયામમાં કહેલી રીતે શરીરની સ્થિતિ રાખી પૂરેલા વાયુને સોથી આરંભ કરી ક્રમાત્ ત્રણસેંસુધી રોકવો. પછી આગળ કહેવામાં આવ્યું તે રીતે ના-

કના જમણા છિદ્રદ્વારા રેચક કરી પાછો પૂરક કરવો. પૂર્વની પેઠે આવા રેચકપૂરક ઉપરાઉપરિ પચ્ચીશ પચ્ચીશ કરવા. પછી પૂર્વોક્તરીતે કુંભક કરવો. આવા કુંભક સવારે ચાળીશ ને સાંજે બત્રીશ કરવા. પહેલે દિવસે ચારથી આરંભ કરી તેમાં નિત્ય ચારચારનો વધારો કરતા જવું. પ્રસંગવશાત્ અનુલોમવિલોમપ્રાણાયામનો કે આ પ્રાણાયામનો અભ્યાસ બંધ કરવાની આવશ્યકતા આવી પડે તો તે સહસા બંધ નહિ કરી દેતાં જેવા ક્રમથી વધારો કર્યો હતો તેવા ક્રમથી ઘટાડો કરી અભ્યાસ બંધ કરવો, બંને પ્રકારના પ્રાણાયામનો અભ્યાસ ચાલે ત્યાંસુધી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું, શક્તિઉપરાંત પરિશ્રમ ન કરવો, અત્યાહાર કે અનાહારનો ત્યાગ કરવો, બહુ તાણીને વા ઘણું બોલવું નહિ, ઇંદ્રિયોની ચપળતા ન રાખવી, ને દુર્જનોનો સંગ ન સેવવો. શરીરમાં કફ તથા મેદ વિશેષ ન હોય ને ચિત્તમાં પ્રતિબંધકસંસ્કારોનું બહુપણું ન હોય તો આ ભસ્ત્રિકાપ્રાણાયામનો લાગઠ ૬ માસ અભ્યાસ કરવાથી નાભિની નીચે રહેલી પ્રાણકળા જાગ્રત્ થઈ તે બરડાની કરોડમાં ઉપર ચઢવા લાગી હૃદય, કંઠ, ને બે ભ્રમરની મધ્યમાં રહેલી ગ્રંથિઓને ભેદી બ્રહ્મરંધ્રમાં સ્થિત થાયછે. એમ થવાથી પ્રાણવાયુને વિશેષ સમય રોકવાનું બળ આવે મન ને ઇંદ્રિયોના બહારના વેગો મંદ થવા લાગેછે, ને શરીર સ્વસ્થ રહેવા લાગેછે. નાસિકાની બહાર પ્રાણવાયુનો વેગ બાર, ચોવીશ, ને છત્રીશ આંગળસુધી અને શરીરમાં તેનો ઉદય હૃદય, નાભિ, ને મૂળાધારથી (ગુદાની પાછળના ભાગથી) હોયછે. જે વાયુ હૃદય, નાભિ, ને મૂળાધાર એ સ્થાનમાંના કોઇ સ્થાનથી ઉદય થઈ નાસિકાદ્વારા બાર, ચોવીશ, કે છત્રીશ આંગળ-પર્યંત બહાર જાયછે, તે વાયુ પ્રાણ કહેવાયછે, ને બહારથી બાર, ચોવીશ, કે છત્રીશ આંગળથી ઉદય પામી શરીરની અંદર હૃદય, નાભિ, કે

મૂળાધારપર્યંત આવનારો વાયુ **અપાન** કહેવાયછે. હૃદયમાંથી ઊઠેલો પ્રાણવાયુ બહાર બાર આંગળપર્યંત જઇ ત્યાં વિલીન થાયછે, ને થોડા ક્ષણપછી ત્યાંથી તે અપાનરૂપ થઇ પાછો હૃદયભણી આવવા લાગેછે. હૃદયમાં આવી થોડા ક્ષણ સ્થિતિ કરી તે વાયુ પાછો પ્રાણવાયુરૂપ થઇ બહાર જવા નીકળેછે. એવીરીતે નાભિથી ઊઠેલો પ્રાણવાયુ બહાર ચોવીશ આંગળપર્યંત જઇ વિલીન થાયછે, ને ત્યાંથી પાછો અપાનરૂપે નાભિભણી આવી ત્યાં વિલીન થાયછે, અને મૂળાધારથી ઊઠેલો પ્રાણવાયુ બહાર છત્રીશ આંગળપર્યંત જઇ ત્યાં લીન થઇ ત્યાંથી અપાનરૂપ થઈ પાછો મૂળાધારપર્યંન આવી ત્યાં વિલીન થાયછે. પ્રાણવાયુ અંદરના કોઇ સ્થાનમાંથી નીકળી બહારના કોઇ સ્થાનમાં વિલીન થાય, ને ત્યાંથી અપાનનો ઉદય ન થાય ત્યાંસુધી ને બહારના કોઇ સ્થળમાંથી ઉદય પામી અંદર આવવા નીકળેલો અપાન અંદરના કોઇ સ્થળમાં વિલીન થઈ ત્યાંથી પ્રાણનો ઉદય ન થાય ત્યાંસુધી તેમના સંધિનો સમય ગણાયછે. એ સંધિના સમયમાં પ્રાણઅપાનની સ્થિરતા હોયછે, તેથી તે સંધિ કુંભક (કુંભ—એટલે જળથી ભરેલા ઘડામાં ક એટલે જળ જેમ સ્થિર રહે તેમ શરીરમાં પ્રાણઅપાન સ્થિર રહે તે) કહેવાયછે. તેમાં પ્રાણની સ્થિતિ બહારનાં ત્રણ સ્થળમાંથી કોઇ પણ એક સ્થળે ત્યાં રહેલા અપાનમાં અભેદરૂપે થાય તે **બાહ્યકુંભક**, ને અપાનની સ્થિતિ અંદરનાં ત્રણ સ્થળમાંથી કોઇ એક સ્થળે ત્યાં રહેલા પ્રાણમાં અભેદરૂપે થાય તે **આંતરકુંભક** કહેવાયછે. પ્રાણવાયુનું બહાર નીકળવું તે આંતરકુંભકનો રેચક ને બાહ્યકુંભકનો પૂરક કહેવાયછે, અને અપાનવાયુનું અંદર આવવું તે આંતરકુંભકનો પૂરક ને બાહ્યકુંભકનો રેચક કહેવાયછે. આ પૂરક, કુંભક, ને રેચક પ્રાણિમાત્રમાં સર્વદા સ્વાભાવિક થયા કરેછે, માટે આ પ્રાણાયામનું નામ **સ્વાભાવિકપ્રાણા-**

યામ રાખ્યું છે. આ સ્વાભાવિકપ્રાણાયામના આંતરકુંભકના વા બાહ્યકુંભકના સમયની વૃદ્ધિ કરવાથી પ્રાણની સ્થિરતાસાથે મનની સ્થિરતા થાયછે. પ્રાણવાયુ આશરે એક મિનિટ સુસ્થિર રહે તે **પ્રાણાયામ**, પ્રાણ દશ મિનિટ સ્થિર રહે તે **પ્રત્યાહાર**, તે બે કલાક સ્થિર રહે તે ધારણા, એક અહોરાત્ર સ્થિર રહે તે **ધ્યાન**, ને બાર દિવસ સ્થિર થાય તે **સમાધિ** કહેવાયછે. સમાધિનો પરિપાક થવાથી **સંયમ** ને **સંપ્રજ્ઞાતયોગ** થાયછે. સંપ્રજ્ઞાતયોગમાં આત્મતત્ત્વનો સારી રીતે સાક્ષાત્કાર થાયછે. અહિં આ હઠયોગ રાજયોગસાથે મળી જાયછે. આ સંપ્રજ્ઞાતયોગનો પરિપાક તે ધર્મમેઘસમાધિ, તે ધર્મમેઘસમાધિના અંતમાં પરવૈરાગ્ય ઉપજી પુરુષને **અસંપ્રજ્ઞાતયોગનો** લાભ થાયછે. છેલ્લા અસંપ્રજ્ઞાતમાં તે પુરુષનું પ્રારબ્ધ સમાપ્ત થવાથી તે વિદેહકૈવલ્ય પામેછે.

૧૭. ચૈતન્યરૂપ આકાશ તે **ચિદાકાશ** વા બ્રહ્મ કહેવાયછે. નાસિકાના અગ્રભાગની સમીપના ચિદાકાશમાં, હૃદયમાં રહેલા ચિદાકાશમાં, વા બ્રહ્મરંધ્રમાં રહેલા ચિદાકાશમાં સંયમ કરવાથી પ્રતિબંધક સંસ્કારો બળહીન થયે તે સાધકને પરમતત્ત્વનો સાક્ષાત્કાર થાયછે. એક જ વિષયમાં ધારણા, ધ્યાન, ને સમાધિ કરવામાં આવે તે **સંયમ** કહેવાયછે. આ સંયમ એકાંતસ્થળે સિદ્ધઆદિ કોઇ આસને પૂર્વાભિમુખે વા ઉત્તરાભિમુખે બેસી નેત્ર અર્ધાં ઊઘાડાં ને અર્ધાં વીંચેલાં રાખી હૃદયને શ્રદ્ધાભક્તિવાળું રાખી કરાયછે. હૃદયના ચિદાકાશમાં વા બ્રહ્મરંધ્રના ચિદાકાશમાં નેત્રો બંધ કરીને પણ સંયમ થઈ શકેછે.

૧૮. મંત્ર ત્રણ પ્રકારના છે, નમસ્કારરૂપ, ઇચ્છિતની પ્રાર્થનારૂપ, ને વસ્તુના કથનરૂપ. એ ત્રણ પ્રકારના મંત્રમાંથી જે પ્રકારના મંત્રનો ઉપદેશ ગુરુએ કર્યો હોય તે પ્રકારના મંત્રનો જપ પ્રથમ શાંત ચિત્તે

શુદ્ધ ઉચ્ચારવડે વૈખરીવાણીથી કરવો, પછી માત્ર હોઠ હાલે પણ મંત્રનું ઉચ્ચારણ અન્યના સાંભળવામાં ન આવે એમ મંત્રજપ કરવો, પછી હોઠ કે જીભ ન હાલે એમ કંઠમાં મંત્રજપ કરવો, પશ્ચાત્ ધીરે ધીરે જપ કરનારી વૃત્તિને નીચે ઊતારી હૃદયમાં માનસજપ કરવો, ને પછી હૃદયમાં વા બ્રહ્મરંધ્રમાં થતા માનસજપના દ્રષ્ટા રહેવું. એમ વિવેકપુરઃસર યત્ન કરવાથી પણ તે મંત્રના લક્ષ્યાર્થરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર થાયછે. સોહં (તે પરમાત્મા હું છું) એ વસ્તુના કથનરૂપ મંત્ર અજપા કહેવાયછે. પ્રથમ મુખથી સોનું ઉચ્ચારણ કરી તે· સાથે વૃત્તિને ધીરે ધીરે હૃદય, નાભિ, વા મૂળાધારપર્યંત લઇ જવી, ને પછી ત્યાંથી હના માનસ ઉચ્ચારણસાથે વૃત્તિને બરડાની કરોડમાં થઈ ધીરે ધીરે બ્રહ્મરંધ્રપર્યંત લઈ જવી. એવી ક્રિયા બ્રહ્મભાવનાપૂ· ર્વક નિરંતર કરવામાં આવે તો તેથી આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર થાયછે. સર્વપ્રકારના મંત્રનો જપ એકાંતસ્થળે શ્રદ્ધાભક્તિ· પૂર્વક સિદ્ધઆદિ કોઇ પણ આસને પૂર્વાભિમુખે કે ઉત્તરાભિમુખે બેસી ઉત્સાહપૂર્વક બ્રહ્મભાવનાસાથે કરવો જોઇએ. અહં બ્રહ્માસ્મિ (હું બ્રહ્મ છું) એ મહાવાક્યનો વિધિવત્ જપ કરવાથી પણ બ્રહ્મસાક્ષાત્કાર થાયછે.

૧૯. સિદ્ધઆદિ કોઇ આસને બેસી શ્રવણેંદ્રિયની વૃત્તિસાથે એકતા પામેલી અંતઃકરણની વૃત્તિ જમણા કાનના પડદાની અંદરના મધ્યભાગમાં સ્થાપન કરી ત્યાં શ્રવણ કરવામાં આવતા નાદમાં મનને સ્થિર કરવું. આ અભ્યાસવડે મન અન્યવૃત્તિઓનો ત્યાગ કરી પ્રીતિ· પૂર્વક નાદના શ્રવણમાં જોડાયછે. ત્યાં સંયમ થવાથી નાદના અધિષ્ઠા- નરૂપે રહેલા બ્રહ્મતત્ત્વનો સાધકને અભ્યાસનો પરિપાક થવાથી સા· ક્ષાત્કાર થાયછે.

૨૦. લય, વિક્ષેપ, કષાય, ને રસાસ્વાદ એ ચાર **યોગવિઘ્નો** કહેવાયછે. ચિત્તમાં તમોગુણ વધવાથી તેની સુષુપ્તિજેવી અવસ્થા થાય તે **લય** કહેવાયછે, ચિત્તમાં રજોગુણનો વધારો થવાથી ચિત્ત ધ્યેય વિષયનો વા પ્રાપ્તકર્તવ્યમાં તત્પર રહેવાનો પરિત્યાગ કરી અન્યવિષયોનું આગ્રહપૂર્વક સ્મરણ કરવા લાગે તે **વિક્ષેપ** કહેવાયછે, રાગદ્વેષના તીવ્રસંસ્કારો કષાય કહેવાયછે, તે ચિત્તને ધ્યેયાકાર કે અન્યવિષયાકાર નહિ થવા દેતાં તેને રોકી રાખેછે, અને જે યોગભૂમિની પ્રાપ્તિ થઇ હોય તેમાં જ ચિત્ત આનંદ માની સ્થિત થાય ને તેને આગળ વધવાની અભિરુચિ ન ઉપજે તે **રસાસ્વાદ** કહેવાયછે. અભ્યાસકાળે લય થાય તો લયનાં કારણો શોધી તેમને આગ્રહ રાખી દૂર કરવાં, વૃત્તિને પુનઃ જાગ્રત્ કરવી, નાભિને બરડાભણી સારી રીતે ખેંચવી, ગુદા ને ઉપસ્થને સારી રીતે સંકોચી અપાનને ઉંચો ચઢાવવો, ને શરીરને સારી રીતે સીધું કરવું. જે જે વિષયના ચિંતનથી મન ધ્યેયનો ત્યાગ કરે તે તે વિષયમાં રહેલા દોષોના ચિંતનથી, વા તે વિષયના અત્યંત મિથ્યાપણાના સ્મરણથી, વા તે વિષય બ્રહ્મથી ભિન્ન નથી એમ વૃત્તિને સમજાવવાથી વિક્ષેપદોષ શમેછે. વિષયો અત્યંત અસાર છે ને તે જીવનું પરમ અહિત કરનારા છે, વા બ્રહ્મથી ભિન્ન કોઇ પણ વિષયનો સદ્ભાવ છે જ નહિ એવી તીવ્રભાવના પુનઃ પુનઃ કરવાથી કષાયદોષ નિવૃત્ત થઇ જાયછે. અને આ ભૂમિકામાં જ જો હું કાળક્ષેપ કરીશ તો પરમતત્ત્વનો સાક્ષાત્કાર મને આ જન્મમાં શીરીતે થઇ શકશે? ઉપરની ભૂમિકા જે હમણાં મને અપ્રાપ્ત છે, તેનું ફળ અતિશ્રેષ્ઠ છે, માટે મારે આ ભૂમિકામાં નહિ પડી રહેતાં આગળ વધવા ઘણામાં ઘણો યત્ન કરવો જોઇએ. આવા અને આને મળતા વિચારો કરવાથી રસાસ્વાદ નિવૃત્ત કરી શકાયછે.

૨૧. મનહરછંદ.

તત્વને પિછાણે નહિ, વૃથા અભિમાન કરે,
અલ્પ પુણ્યકર્મ કરી, મન મકલાયછે;
મચ્છકચ્છ આઠે જામ, રહેછે ગંગાની માંહે,
ખર રાખ ચોળે દેહે, તેથી સ્વર્ગ જાયછે?
ગાડર મુંડાવે મુંડ, વૃક્ષ શીતતાપ સહે,
મૌન તો બગલાં ગ્રહે, ફાયદો શો થાયછે?
કીર રામનામ રટે, મૃગ વનવાસ રહે,
ભુજંગ પવનાભ્યાસે, શું સુખ કમાયછે?
વડ મોટી જટા રાખે, પતંગ બાળેછે કાયા,
વાગોળ અધોમુખે ને, ઉંટ ઉંચે જુએછે;
અજા લાંબી દાઢી રાખે, મોર માનિનીને ત્યજે
જાતિભેદ ત્યજી શ્વાન, નિત્ય સૌનું ખાયછે;
સાપ ઘર કરે નહિ, ઉંદર એકાંત રહે,
નાકે પાણી ગજ પીએ, કપિ ફળ ખાયછે;
દઢ શુદ્ધભાવવિના, ઈશ્વર મળે જ નહિ,
સંતોએ સિદ્ધાંત કર્યો, સર્વ શાસ્ત્ર જોઇને. ૨.
સંસાર ક્ષણિક જાણી, મનથી વિરાગી રહો,
અહંતા મમતા ત્યજી, સમરો શ્રીઈશને;
નેત્રનો વિકાર ત્યજો, ઈંદ્રિયો નિશ્ચળ કરો,
મનને પવિત્ર કરો, બ્રહ્મભણી ચાલીને;
કનકકામિનીતણી, તૃષ્ણાને ઓકી જ કાઢો,
સ્વર્ગતણી ઇચ્છા ત્યજી, દૂર રહેજો એનાથી;

ઉત્સાહ સાહસ ધૈર્ય, નિશ્ચય ને તત્વજ્ઞાન,
જનસંગત્યાગ સેવી, ચિત્ત વશ કરોને. ૩
રજોગુણ ન્યૂન કરો, પદ્માદિ આસન કરી,
મન પ્રાણ વશ કરો, સુષુમણા ભેદીને;
નિર્વિકલ્પ સ્થિતિ કરો, સંકલ્પવિકલ્પ ત્યજી
ભય આશા ત્યાગ કરો, સિદ્ધાંત વિચારી
પટચક્ર ભેદ કરી, બ્રહ્મરંધ્રે સ્થિતિ કરી,
પરમાનંદ મેળવો, બ્રહ્મરૂપ ભાળીને;
જનમ મરણ ટળે, અવિચળ પદ મળે,
કર્તવ્ય સમાપ્ત થાય, એ પ્રાપ્તવ્ય પામીને. ૪
જગથી ઉદાસ થઈ, ગુરુનું શરણ ગ્રહી,
વેદાંતશ્રવણ કરે, સ્થિર મન રાખીને;
પ્રીતિથી મનન કરી, સંશયને દૂર કરે,
ભેદદૃષ્ટિ ટાળી નાંખે, અભેદ વિચારીને;
બ્રહ્મધ્યાન નિત્ય કરી, મનને સૂક્ષ્મ કરે,
જડ વૃત્તિ દૂર કરે, આત્મવૃત્તિ ધારીને;
દીર્ઘકાળ નિરંતર, અત્યંત આદર રાખી,
બ્રહ્માભ્યાસ કરે થાય, બ્રહ્મ બ્રહ્મ ભાળીને. ૫.

ૐ

સ્વાભાવિકધર્મઃ—નવી આવૃત્તિ, મૂલ્ય રૂ. ૦–૪–૦

શ્રીપાતંજલયોગદર્શનઃ—બીજી આવૃત્તિઃ–આ ગ્રંથમાં ભગવાન્‌પતંજલિમુનિકૃત સંસ્કૃતસૂત્રો, પદબોધિની ટીકા, સૂત્રોનો ભાવાર્થ અને તેઉપર વિસ્તારપૂર્વક વિવેચન આપવામાં આવેલું છે. મૂલ્ય પાકાપુંઠાવાળાનું રૂ. ૨–૮–૦ ને કાચાપુંઠાવાળાનું રૂ. ૨–૦–૦

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાઃ—શ્રીરહસ્યદીપિકાનામની ગુજરાતીટીકાસહિતઃ–આ ગ્રંથમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના મૂળશ્લોક, શબ્દાર્થ, ને વિસ્તૃત ટીકા આપવામાં આવેલાં છે. પહેલી આવૃત્તિની સર્વપ્રતો ખપી જવાથી ને ગ્રાહકોની ચાલુ માગણી રહેવાથી વધારા સુધારાસાથેની આ બીજી આવૃત્તિ છપાયછે. મૂલ્ય પાકાપુંઠાવાળા પુસ્તકનું રૂ. ૨–૮–૦

સરલાટીકાસહિત ભગવદ્‌ગીતાઃ—તેમાં વર્ણાનુક્રમથી આધ્યાત્મિકઅર્થો, ઋષિછંદાદિનું વિવેચન, ન્યાસનો વિવેચનસહિત અર્થ, ધ્યાનના શ્લોકો અર્થસહિત, અઢાર અધ્યાયના શ્લોકો તથા તેમનો સંપૂર્ણ અર્થ, અર્થસહિત ગીતામાહાત્મ્ય, ને શ્લોકોનો વર્ણાનુક્રમઆદિ છે. રેશમી પુંઠાવાળો ગુટકો. મૂલ્ય રૂ. ૦–૭–૬

સુબોધકલ્પલતાઃ—આ ગ્રંથમાં નીતિ, કર્મ, ઉપાસના, ને જ્ઞાનનો બોધ છે. મૂલ્ય રૂ. ૦–૧૦–૦

સદુપદેશદિવાકરઃ—શ્રીમન્ મહાત્મા શ્રીનથુરામશર્માતરફથી શિષ્યવર્ગપ્રતિ લખાયેલા પત્રોમાંથી અગત્યનો બોધરૂપ ભાગ. મૂલ્ય રૂ. ૦–૧૨–૦

શ્રીઉપનિષદોઃ—શ્રીમન્ મહાત્મા શ્રીનથુરામશર્માપ્રણીત તાત્પર્યદીપિકાટીકાસહિત. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, કારિકાસહિત

માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, ને શ્વેતાશ્વતર એ ઉપનિષદો ટીકાસહિત તથા બીજી ૧૦૭ ઉપનિષદોનો સાર આ ગ્રંથમાં છે, વેદાંતનું રહસ્ય જાણી તે પ્રમાણે વર્તી કૃતાર્થ થવા ઇચ્છનારને આ ગ્રંથ પરમ ઉપયોગી છે. મૂલ્ય રૂ. ૬-૦-૦ ડાકખર્ચ જુદું.

શ્રીપ્રણવપટ્ટ:—બીજી આવૃત્તિઃ-નોંછાવર રૂ. ૦-૨-૬. પોષ્ટેજ રૂ. ૦-૦-૬.

શ્રીપ્રણવવિસ્તારપટ્ટ:-મૂલ્ય રૂ. ૦-૨-૬. પોસ્ટેજ રૂ. ૦-૦-૬.

શ્રીવેદાંતદર્શન:—આ ગ્રંથ ૭ દર્શનોમાં શિરોમણિરૂપ છે. એમાં ચાર અધ્યાય, સોળ પાદ, ૧૯૨ અધિકરણો, ને ૫૫૫ સૂત્રો છે. પ્રત્યેક અધિકરણમાં મુમુક્ષુને અવશ્ય જાણવાયોગ્ય વિષયનું નિરૂપણ કર્યું છે. આ ગ્રંથમાં મૂલસૂત્રો, અન્વય તથા અન્વયાર્થ, વિસ્તૃત સરલ ગુજરાતી ટીકા, પ્રત્યેક અધિકરણ અને ઉપયોગી સૂત્રોની ઉત્થાનિકા, અધ્યાયનાં પાદોનાં ને અધિકરણનાં સાંપ્રદાયિક સંક્ષેપ નામો, વિષયાનુક્રમણિકા, અને સૂત્રોની વર્ણાનુક્રમણિકાઆદિનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુમુક્ષુજનોને શ્રવણમનન કરવામાં આ ગ્રંથ ઘણો જ ઉપયોગી છે. કાચાપુંઠાવાળાનું મૂલ્ય રૂ. ૩-૦-૦ ને પાકાપુંઠાવાળાનું મૂલ્ય રૂ. ૩-૮-૦, પોસ્ટેજ જુદું.

ઉપરના ગ્રંથો મળવાનું ઠેકાણું:—

આનંદજી વહાલજી વકીલ.

પોરબંદર. કાઠિયાવાડ.

